કુમાર


સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
વર્ષ અડસઠમું * જૂન ઓગણીસસો પંચાણું
સળંગ અંક ૮૦૯

તંત્રી : ધીરુ પરીખ સંપાદક : બિહારીલાલ ટાં



લાવણ્યમયી
ચિત્રકાર - તિશન
(જુઓ કલાવાર્તા)



ચિત્રકાર • તિશન] • ઉર્બિનોની વિનસ • [જુઓ - કલાવાર્તા

જૂન **કુમાર** ૧૯૯૫

કુમાર સળંગ અંક ૮૦૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ. ૩૩૪. સર્વોદય કો. સન્ટર, સલાપસ રાડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટપાલખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે..

'કુમાર'ના વિશેષાંક ૮૦૦માં કલાગુરુ અને 'કુમાર'ના સંસ્થાપક શ્રી રવિશંકર રાવળના લેખમાં વિધાનો છે :

'પાંચ વર્ષ બાદ બાબરના મરણ પછી તેના પુત્ર હુમાયુ પાસેથી શેર અફગાને ગાદી છીનવી લીધી અને તે ઈ.સ. ૧૫૫૫ સુધી કતેબ્રીઝ(ઇરાન)માં શાહ તમસ્પને આશ્રયે રહ્યો... મીર સૈયદઅલી અને એક બીજો ચિતારો અબ્દુસ્સમદ આ રાજભ્રષ્ટ શાહ હુમાયુની નજરમાં વસી ગયા ને ફરી તેને રાજગાદી મળતાં ઈ.સ. ૧૫૫૦માં તે બંનેને તેણે પોતાના દરબારમાં બોલાવી લીધા. એ વખતે મીર સૈયદઅલીને મીર હમાઝાની કથા (દાસ્તાને મીર હા મઝા) સચિત્ર કરવાનું કામ સોંપાયું. તેણે કેટલાક ચિતારાઓને હાથમાં રાખી સો સો પાનાનું એક એવાં બાર પુસ્તક તૈયાર કર્યાં.' (પૃ. ૫૫૯-૫૬૦; સળંગ અંક ૧૦૬માંથી)

વર્ષ ૧૫૫૦ છાપભૂલ છે.

૧૫૫૫, જૂન ૨૨ : હુમાયુનું લશ્કર સિરહિંદના યુદ્ધમાં સિકંદર શાહને શિકસ્ત આપે છે.

જૂન ૨૩ : દિલ્હીમાં આગમન

૧૫૫૬, જાન્યુઆરી ૨૬ : હુમાયુનું અવસાન

('ધ હિસ્ટરી ઍન્ડ કલ્ચર ઓફ ધી ઇન્ડિયન પીપલ : ધી મુગલ એમ્પાયર, ગ્રંથ ૭, ભારતીય વિદ્યા ભવન, પ્રકાશન, ૧૯૭૪, પૃ. ૯૦૮)

વિજય અને અવસાન વચ્ચે માત્ર ૭ માસનો ગાળો છે.

હમઝાનામા ક્યારે રચાયું? હુમાયુની હયાતીમાં? કે પછી અકબરના શાસનકાળ દરમ્યાન?

શ્રી રવિશંકર રાવળના પ્રસ્તુ લેખ બાદ સુપેરે સંશોધન થયેલ છે.

શ્રી રવિશંકર રાવળનું કથન છે :

'અકબરને બચપણથી જ પિતાના દરબારમાં આવા ચિત્રકારોનો સહવાસ મળવાથી તેનામાં અતિ ઉચ્ચ રસિકતા અને શોખ પ્રકટ્યાં અને પરિણામે હુમાયુના મૃત્યુ પછી તે ગાદીએ આવતાં ચિત્રકળા અતિ ઉદાર અને કદરદાન આશ્રયદાતા પામી.'

મુગલ ચિત્રકળાના સર્વેક્ષક શ્રી અશોક કુમારાદાસ સ્વીકારે છે કે શિકસ્ત બાદ હુમાયુની કામચલાઉ રાજધાની કાબુલમાં અકબરે મીર સૈયદઅલી અને અબદુસ્સમદ પાસેથી ચિત્રકળાના પાઠ શીખ્યા પરંતુ 'હમઝાનામા' હુમાયુની હયાતીમાં રચાયું હોવાનું નકારે છે અને હમઝાનામા ઈ.સ. ૧૫૭૫-૭૬માં કદાચ સંપૂર્ણ થયું હોવાનો મત દર્શાવે છે (એટલે કે અકબરના શાસનકાળ દરમ્યાન; એજન, પૃ. ૮૦૮-૮૦૯)

(અનુસંધાન પાન ૨૮૧ ઉપર)

મેળો આપો તો

મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,
જીવતર આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસુંબાને ઘોળે!

તરતાં ના આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે,
થાકેલી આંખો અંજાતી નથી, તોય
થોડાં મૃગજળ ચળકે છે મઝધારે,
ટીપેથી પાય તો ધરાઉં, સાવ તરસ્યો હું
રહી ગયો છલકાતી છોળે.

સૂની બપ્પોરની આ એકલતા એકલતા
એકલતા બોલી અકળાવો,
ઊગતી સવારના આ ડહોળાતા રંગમાં
જો થોડી આ સાંજ ઘૂંટી લાવો,
કોઈએ ના હોઠે અડકાડ્યું એ અમરતને
કોણ હવે આકાશે ઢોળે?

હરીન્દ્ર દવે

હેઈ રે પવન[1]

(ગાન)

હે..ઈ...
હેઈ રે પવન!
પરશે ત્હારે વનબાળાનું–
હર્ હરરર હાવને વેણે
- ભઁવર-ભૂરું ફરકે ગવન.
હે..ઈ... હેઈ રે પવન!
ઝાડની ડાળે કુવેલ બેચેન
ટહુકે એના ટહુકે ઝૂલન
ઝૂલન હેલા,
ઝરતાં કુસુમ ચોગમ, જાણે
ઝાંઝરના ઝણકારની ઝણન્
ઝણન્ ખેલા.
હે..ઈ...
આજ તો પાગલ ફાગણની રત
નયણે લાલી રમતી આવે,
ઊમટે એવી ગગન ગગન.
હે..ઈ... હેઈ રે પવન!

રાજેન્દ્ર શાહ

ઠેલમઠેલ છે![3]

(ગઝલ)

ધારો અગર તો સાવ ડાબા હાથનો એ ખેલ છે,
આ ધારણાની તીક્ષ્ણ ધારે સરકવું ક્યાં સ્હેલ છે?
કુહે દે તને જે હોય કહેવું, આમ તું ગભરા નહીં;
ક્યાં છે અછત અહીં આફતોની દોસ્ત, રેલમછેલ છે!
આમે નહિતર આંસુઓનું છટકવું ક્યાં શક્ય છે?
છો જેલરો ગાફેલ છે ને સાવ ખુલ્લી જેલ છે!
ઘેઘૂર માટી કામનાના વૃક્ષને વળગી ઊભી,
સૈકાજૂની મુજ વેદનાની છમ્મલીલી વેલ છે!
કે હાથ લાગી જાય તારી નસ અગર એક શબ્દની,
ક્યાં જિંદગીનો કોયડો, ઉકેલવો મુશ્કેલ છે?
ક્યાં લઈ જશે 'ઉશના' તને આ સંઘ પડછાયા તણો?
પગલાં પકડ તું શબ્દના, બાકી તો ઠેલમઠેલ છે!

'ઉશના'

તિશનની 'વિનસ ઑવ્ ઉર્બિનો'ને[2]

(વસંતતિલકા-સૉનેટ)

તું રાગિણી સમ મનોહર, રાગયુક્ત-
છો સેજમાં, સમયથી થઈને વિમુક્ત,
સાક્ષાત તું સ્થલમહીં બની મૂર્તિમંત,
કાયા લસે તસતસે લય તંતંત.

તારાં સુલોચનની સુણું ઉઘાડબંધ
ને કેશની રણકથી પરિસ્પંદ સ્કંધ
ઝંકારતો અધરકંપ, કપોલ ઝાંય
ઝીણા રવે ઝણઝણે પડઘાય ક્યાંય.

આકર્ષતાં સકલ અંગતરંગ તારા
આવું વહી નિકટ, વેગીલી કોક ધારા
ગુંજે નસેનસ ભરી, લળું તાલબદ્ધ
લંબાવું હાથ, અડું જ્યાં લયલીન લુબ્ધ-

તું વાદ્ય-શો રણઝણાવી મૂકે મને, ને
હું યે તને રણઝણાવી રહું યથેચ્છ!

ચન્દ્રકાન્ત ટોપીવાળા

મા[4]

(ગાન)

નર્યાં હેતની હેલી
મા! તું નર્યાં હેતની હેલી.
તારી આંખ નીરંતર સુણતી ભાષા કાલીઘેલી.

રોજ રચાતી પાપા પગલી રોજ રચાતાં ગીતો
તારે ખોળે થંભી થંભી રોજ સમય રસ પીતો,
ધગધગતા લાવાએ પણ જ્યાં પળમાં આંખ મીંચેલી.

તું સદાય વરસે તરુ તરુ પર ઝાકળથી ઝળહળથી,
એય ભીંજતા પળમાં જે ના ભીંજાતા આ જળથી
તું ઓઢાડે હિમ-શી લાગે ચાદર અગન-મઢેલી.

કૃષ્ણ દવે

૧. પ્રકૃતિ અને પ્રેમનું કવિની ભાવતી અને ફાવતી લયભંગિ અને ભાષાશૈલીમાં રચાયેલું રોમૅન્ટિક ગાન. ૨. ચિત્રકાર તિશનના ચિત્રને જોઈ જાગેલા ભાવસ્પંદનું ચિત્રાનુવર્તી શેક્સ્પીઅરશાઈ સૉનેટ, જેનાં પ્રથમ બે શ્લોકમાં ચિત્રિત વિનસનું સુન્દર વર્ણન આપ્યા પછી સ્વચિત્ત પર થયેલી તેની અસરનું શબ્દાંકન કરવામાં આવ્યું છે. આ કાવ્ય અને બીજા પૂઠા પર આપેલા ચિત્રને સાથે આસ્વાદો. ૩. મુશ્કેલીઓ વચ્ચે સત્ત્વને સહારે આગળ જવાની જિકર કરતી ગઝલ. ૪. સાદીસીધી શૈલીમાં માતૃમહિમાનું સ્વયંસ્પષ્ટ ભાવપૂર્ણ ગાન. ધી.પ.

સન ૧૯૨૫-૨૬માં ઇંગ્લન્ડની એમ.સી.સી.ની ટીમ ભારતના પ્રવાસે આવેલી. તે વખતે ભારતની ટીમને આંતરરાષ્ટ્રિય ક્રિકેટ તખ્તા પર માન્યતા મળેલ ન હોઈ, એમ.સી.સી.ની ટીમ ભારતની જુદીજુદી ટીમો સામે પ્રથમ કક્ષાની મૅચ રમવાની હતી. આમાંની એક મૅચ હિંદુ ટીમ સામે યોજાયેલ. આ મૅચમાં પહેલે જ દિવસે એમ.સી.સી.ના એક બૅટ્સમૅન સી. જી. અર્લ તે વખતે પૂરા ફોર્મમાં હતા. તેમણે સાત છક્કા ફટકારી સદી પૂરી કરી અને પ્રેક્ષકો એમની બૅટિંગથી આશ્ચર્યચકિત થઈ ગયાં. પરંતુ તે વખતે ક્યાં એવી કોઈને ખબર હતી કે હિંદુ ટીમમાં પણ એક એવા ખેલાડી છે જે સી. જી. અર્લની ઇનિંગ્સને બીજે જ દિવસે ભુલાવી દેવાના હતા!

હિંદુ ટીમની ઇનિંગ્સ શરૂ થઈ અને થોડા જ સમયમાં એ ખેલાડીએ બૅટિંગ ક્રિઝ તરફ પગ માંડ્યા. અદ્ભુત શરીરસૌષ્ઠવ, ચાલમાં આત્મવિશ્વાસનો દમામ અને ચાતક જેવી નજરનો સમન્વય ધરાવતા એ ખેલાડીએ ત્યાર પછીના બે કલાકના ગાળામાં એક એવી ઘટનાનું નિર્માણ કર્યું કે જે ભારતીય ક્રિકેટ ઇતિહાસ માટે સોનેરી પૃષ્ઠ સમાન છે. એ ખેલાડીએ ૧૧ છક્કા અને ૧૩ ચોક્કા ફક્ત ૧૧૫ મિનિટના ગાળામાં ફટકારી જોતજોતામાં વ્યક્તિગત ૧૫૩ રન નોંધાવી ઉપસ્થિત ભારતીય પ્રેક્ષકોને અત્યંત આનંદમાં લાવી દીધા ! આ ખેલાડી એટલે બીજું કોઈ નહીં પણ કર્નલ સી. કે. નાયડુ. આ મૅચ એ સી. કે. નાયડુના જીવનની પ્રથમ જ આંતરરાષ્ટ્રિય કક્ષાની મૅચ હતી અને તેમની આ ઇનિંગ્સે એક જ ઇનિંગ્સમાં સૌથી વધુ છક્કાનો વિશ્વવિક્રમ સ્થાપેલો.

દુલિપસિંહજી અને રણજિતસિંહજી પછી જો કોઈ ત્રીજા ક્રિકેટ ખેલાડીએ ભારતને વિશ્વક્રિકેટમાં પ્રસિદ્ધિ અપાવી હોય તો તેઓ કર્નલ સી. કે. નાયડુ હતા. અલબત્ત, દુલિપસિંહજી અને રણજિતસિંહજીએ તો મોટે ભાગે ઇંગ્લન્ડમાં રહીને અને ઇંગ્લન્ડ તરફથી રમીને પ્રસિદ્ધિ મેળવેલી. એટલે એ રીતે જોઈએ તો ક્રિકેટમાં આંતરરાષ્ટ્રિય સ્તરે ભારતને પ્રસિદ્ધિ અપાવનાર સી. કે. નાયડુ પ્રથમ ક્રિકેટર હતા.

સી. કે. નાયડુ એક એવા ખેલાડી હતા કે જે કાયમ પ્રેક્ષકોના આકર્ષણનું કેન્દ્ર બની રહેતા. ફિલ્ડરનાં માથાં ઉપરથી બૉલને ફટકારવાની તેમની કુશળ શૈલીથી તેમના જમાનાના તે શ્રેષ્ઠ બૅટ્સમૅન કહેવાતા. તેમની શારીરિક ફિટનેસ ગજબનાક હતી. ૬૦ વર્ષની વય સુધી તેઓ પ્રથમ કક્ષાનું ક્રિકેટ રમતા હતા, એ હકીકત જ તેમની શારીરિક ક્ષમતાની પ્રતીતિ કરાવી આપે છે. તેમની મીડિઅમ પેસ બૉલિંગ પણ એટલી જ વેધક અને અસરકારક હતી, એટલે કે સી. કે. નાયડુ એક સંપૂર્ણ ક્રિકેટર હતા. તેમના વિશે વિશ્વવિખ્યાત ક્રિકેટ-વિવેચક અને ટેસ્ટ ખેલાડી સી. બી. ફ્રાયે લખ્યું છે, 'તે એક એવા ખેલાડી હતા કે જે કોઈપણ પરિસ્થિતિમાં શ્રેષ્ઠ દેખાવ કરી શકતા હતા.' સર જૅક હૉબ્સે નાયડુ વિશે નોંધ્યું છે, 'આપ, એમને એક બૉલ રમતા નિહાળો અને આપને જાણ થઈ જશે કે સી. કે. નાયડુ એક જન્મજાત ક્રિકેટર હતા.' તો વળી ક્રિકેટના મહાન વિવેચક નેવેલ કાર્ડસ તેમની ફીલ્ડિંગથી અત્યંત પ્રભાવિત હતા.

૩૧ ઑક્ટોબર, ૧૮૯૫ના રોજ નાગપુર શહેરમાં જન્મેલ કોટ્ટારી કનૈયા નાયડુ બાળપણથી જ ક્રિકેટની રમત પ્રત્યે રુચિ ધરાવતા હતા. તેમના પિતા પણ ક્રિકેટની રમતના શોખીન હોઈ તેઓએ સી. કે.ના ક્રિકેટના વિકાસમાં પૂરતો ફાળો આપ્યો. ૨૧ વર્ષની વયે એટલે કે ૧૯૧૬થી તેમણે ઉચ્ચકક્ષાની ક્રિકેટમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તે વખતે રમાતી ભારતની પ્રતિષ્ઠિત સ્પર્ધાઓ 'કવાન્ડેગ્યુલર' અને 'પેન્ટાગ્યુલર'માં તેઓ હિંદુ ટીમનું પ્રતિનિધિત્વ કરતા. નાયડુએ આ સ્પર્ધાઓમાં એક ઑલરાઉન્ડરને શોભે તેવો દેખાવ કરી ભારતીય ક્રિકેટરસિકોનાં દિલ જીતી લીધાં હતાં. પરંતુ ભારતને હજી આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે 'ટેસ્ટ'નો દરજ્જો ન મળ્યો હોવાથી તેઓ ૩૭ વર્ષની વય સુધી ટેસ્ટ ક્રિકેટથી વંચિત રહ્યા. છેક ૧૯૩૨માં ભારતને ઇંગ્લન્ડ સામે સૌપ્રથમ ટેસ્ટ રમવાની તક મળી અને એ ટેસ્ટમાં ભારતીય ક્રિકેટ ટીમનું નેતૃત્વ સી. કે. નાયડુએ શોભાવ્યું. એ ઐતિહાસિક ટેસ્ટમાં સી. કે. નાયડુ કઈ રીતે ભારતના સુકાની બન્યા તેની પણ એક રસપ્રદ કહાની જાણવા જેવી છે.

૧૯૩૨માં ઇંગ્લન્ડના એ પ્રવાસ માટે પસંદ થયેલી ભારતીય ટીમમાં સી. કે. નાયડુ એક ખેલાડી તરીકે પસંદગી પામેલા. એ ટીમના સુકાની હતા પોરબંદરના મહારાજા નટવરસિંહજી અને ઉપસુકાની હતા લીમડીના મહારાજા ઘનશ્યામસિંહજી. તે વખતે ક્રિકેટની રમતનો વિકાસ મહદંશે રાજા-મહારાજાઓની મહેરબાની તળે હોવાથી સુકાની અને ઉપસુકાની તરીકે આ બંને મહાનુભાવોની પસંદગી તેમની ક્રિકેટ કાબેલિયત પર નહીં પરંતુ અન્ય ગુણવત્તાને આધારે થયેલી. એ જ ટીમમાં સી. કે. નાયડુ સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદગી પામેલા એટલે તેઓ સુકાની બનવા માટે સંપૂર્ણ યોગ્યતા ધરાવતા હતા. આમ, નટવરસિંહજીના સુકાનીપદ હેઠળ ભારતીય ટીમે ઇંગ્લન્ડના પ્રવાસની શરૂઆત કરી. ૨૫ જૂન, ૧૯૩૨ના રોજ ભારતીય ટીમ પ્રથમ ઐતિહાસિક ટેસ્ટ રમવાની હતી એના બે દિવસ અગાઉ એટલે કે ૨૩ જૂનના રોજ નટવરસિંહજી તેમજ ઘનશ્યામસિંહજી એ બંનેએ અંગત વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી ટીમની બહાર રહેવાનું પસંદ કર્યું અને ભારતીય ટીમનું નેતૃત્વ કરવા કર્નલ સી. કે. નાયડુને આમંત્રણ આપ્યું. આમ, એ લૉર્ડ્ઝ ક્રિકેટ ટેસ્ટમાં, ભારતની એ પહેલી જ ટેસ્ટમાં, સુકાની બનવાનું સન્માન તેના સાચા હક્કદાર

સી. કે. નાયડુને જ મળ્યું. આ જે કંઈ ઘટના બની તે ભારતીય ક્રિકેટના હિતમાં જ રહી.

૧૯૩૨ની એકમાત્ર ટેસ્ટમાં એક તરફ ઇંગ્લન્ડના અત્યંત અનુભવી અને ધંધાદારી ખેલાડીઓ હતા તો બીજી તરફ ભારતના બિનઅનુભવી અને યુવાન ખેલાડીઓ હતા. એ ટેસ્ટમાં ભારતની હાર જરૂર થઈ, પરંતુ સી. કે. નાયડુના નેતૃત્વ હેઠળ ભારતીય ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી ઇંગ્લન્ડની ટીમને બરાબર હંફાવી. સી. કે. નાયડુએ તેમની કલાત્મક બૅટિંગથી સૌને પ્રભાવિત કર્યા. બ્રિટિશ વિવેચકો નાયડુના ઓલરાઉન્ડ દેખાવથી ચકિત થઈ ગયા. સમગ્ર પ્રવાસમાં તેમણે કુલ ૧૬૧૮ રન નોંધાવ્યા અને ૬૫ વિકેટ ઝડપી. દર વર્ષે વિશ્વના પાંચ સર્વોત્તમ ખેલાડીને જે ક્રિકેટ જગતનો શ્રેષ્ઠ પુરસ્કાર અપાય છે તે 'વિઝડનના ક્રિકેટર ઑવ્ ધ યર'નો ઇલકાબ તે વર્ષે નાયડુને અપાયો. આવું ગૌરવ પામનાર તેઓ પ્રથમ ભારતીય ખેલાડી હતા. વિઝડને એ વર્ષે આ ઇલકાબ આપતાં એ સમયે નોંધ્યું છે, 'એ ભારતનું સૌભાગ્ય છે કે ભારત પાસે સી. કે. નાયડુ જેવા ઉત્તમ ખેલાડી અને સુકાની છે. છેક છેલ્લી ઘડીએ સુકાનીપદની જવાબદારી આપવા છતાં જે કુશળતાથી તેમણે ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું છે તે ખરેખર દાદ માગી લે તેવું છે અને ભારતે જો વ્હેલું ટેસ્ટ ક્રિકેટ ક્ષેત્રે પદાર્પણ કર્યું હોત તો આ ખેલાડીના નામ સામે અનેક વિક્રમો નોંધાઈ ચૂક્યા હોત!'

૧૯૩૩-૩૪માં ડગલ્સ'જાર્ડીનના નેતૃત્વ હેઠળ ઇંગ્લન્ડની ટીમે ભારતનો પ્રવાસ કર્યો અને તે વખતે પણ સી. કે. નાયડુને જ ભારતનું કપ્તાનપદ સોંપાયું. મિચેલ, વોલ્ટર્સ, બાર્નેટ જેવા ધરખમ બૅટ્સમૅન તેમજ વેરીટી અને ક્લર્ક જેવા ખતરનાક બોલર્સથી બનેલ ડગલ્સ જાર્ડીનની ટીમ સામે ભારતની ત્રણમાંથી બે ટેસ્ટમાં હાર થઈ. સી. કે. નાયડુ તે વખતે ૩૯ વર્ષની વયના હતા એટલે બૅટિંગમાં બે દાવમાં નોંધપાત્ર

ભારતીય ક્રિકેટ-ઈતિહાસના સુવર્ણપૃષ્ઠ સમા અને જેમની આ વર્ષે જન્મશતાબ્દી છે તે મહાન ક્રિકેટર



કર્નલ સી. કે. નાયડુ

કશ્યપ ધોળકિયા

સ્કોર કરી શક્યા; પરંતુ તેમની સુકાનીપદ સંભાળવાની કુશળતા એ સમગ્ર શ્રેણીની મુખ્ય ઘટનાઓમાંની એક હતી. ૧૯૩૬માં ભારતીય ટીમ ઇંગ્લન્ડનો પ્રવાસ કરવાની હતી, તે વખતે પણ સુકાનીપદના યોગ્ય ઉમેદવાર કર્નલ સી. કે. નાયડુ જ હતા. પરંતુ રાજા-મહારાજાઓના એ યુગમાં ફરી એકવાર એક 'મહારાજા'ને ભારતીય ટીમનું નેતૃત્વ સોંપાયું. મહારાજકુમાર વિજયનગર ઉર્ફે 'વિઝી'ને તેમની ક્રિકેટ-કાબેલિયત માટે નહીં પરંતુ રાજા હોવાને નાતે 'સુકાની' બનાવ્યા. સી. કે. નાયડુ તો એક સ્પોર્ટ્સમૅન હતા અને ખેલદિલી તો તેમની સાથે વણાઈ ચૂકી હતી. એટલે સી. કે. નાયડુએ 'વિઝી'ના સુકાનીપદ હેઠળ એક સામાન્ય ખેલાડી તરીકે પણ રમવાનું પસંદ કર્યું. સમગ્ર પ્રવાસ દરમ્યાન ૧૧૦૨ રન નોંધાવ્યા અને ૫૧ વિકેટ ઝડપી આમ ક્રિકેટની દૃષ્ટિએ ઢળતી ઉંમરે પણ આવો ઓલરાઉન્ડ દેખાવ કરી પોતાની ફિટનેસનો પરિચય કરાવ્યો. અલબત્ત, એ શ્રેણી દરમ્યાન રમાયેલ ત્રીજી ટેસ્ટ

એમની ટૂંકી ટેસ્ટ કારકિર્દીની છેલ્લી ટેસ્ટ બની રહી. એ ટેસ્ટ તેમના માટે યાદગાર બની રહી.

૧૯૩૬ની શ્રેણીની ઓવલ મેદાન પરની એ ત્રીજી ટેસ્ટમાં ઇંગ્લન્ડને પ્રથમ દાવમાં ૨૪૯ રનની સરસાઈ મળતાં ભારતને ફોલોઓન થવાનો વખત આવ્યો. ભારતની બીજા દાવની શરૂઆત સારી હતી, પરંતુ ઉપરાઉપરી બે વિકેટ પડતાં સી. કે. નાયડુ દાવમાં આવ્યા. ઇંગ્લન્ડના સુકાની અને ઝડપી બોલર ગબ્બી એલન તે સમયે પૂરા ફોર્મમાં હતા અને તેમણે એ શ્રેણીમાં ૧૫ વિકેટ્સ ઝડપેલી. નાયડુની વિકેટ ખૂબ જ મહત્ત્વની હોવાથી એલને વધુ ઝડપથી તેમને આઉટ કરવાની પૂરતી કોશિષ કરી, પરંતુ નાયડુએ એલનને જરા પણ મચક આપી નહીં. તે વખતે બેટ્સમૅન પાસે ઊછળતા દડા સામે રક્ષણ કરવા 'હેલ્મેટ' ઉપલબ્ધ ન્હોતી એટલે એલને નાયડુને ગભરાવવા ઊછળતા બૉલ ફેંક્યા, જેમાંના કેટલાકને 'હૂક' સ્ટ્રોક લગાવી નાયડુએ સુંદર ચોક્કા ફટકાર્યા, પરંતુ આવા જ એક બાઉંસરને રમતા નાયડુ ચૂક્યા અને બૉલ તેમની છાતી સાથે જોરદાર અવાજથી અથડાયો. એ અવાજ આખા મેદાન પર સંભળાયો. નાયડુ બૅટિંગ ક્રિઝ પાસે જ પડી ગયા અને પ્રેક્ષકોને તો એમ જ થયું કે નાયડુને હવે હૉસ્પિટલે જ લઈ જવા પડશે, પરંતુ થોડી જ ક્ષણોમાં નાયડુ ફક્ત માલિસ કરીને સ્વસ્થ થઈ ગયા. પ્રેક્ષકો તો દંગ જ રહી ગયા અને નાયડુએ ૮૧ રન ફટકારી પોતાના એ છેલ્લા દાવમાં પોતાના ટેસ્ટ જીવનનો સર્વશ્રેષ્ઠ સ્કોર નોંધાવ્યો! આવી હતી સી. કે. નાયડુની હિંમત!

ક્રિકેટ ખેલતા નાયડુ



ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ પણ રાષ્ટ્રિય સ્તરે પ્રથમ કક્ષાની ક્રિકેટમાં સી. કે. નાયડુ પૂરતા સક્રિય હતા. ૧૯૩૩-૩૪થી તેઓ રણજી ટ્રોફીમાં 'મધ્ય ભારત'નું પ્રતિનિધિત્વ કરતા હતા, જ્યારે ૧૯૪૧માં હોલ્કરની ટીમ પ્રથમ વખત રણજી ટ્રૉફીમાં પ્રવેશી ત્યારે તેઓએ હોલ્કરનું સુકાનીપદ શોભાવ્યું એટલું જ નહિ, પરંતુ છેક ૧૯૫૨ સુધી તેઓ હોલ્કરના સુકાનીપદે રહ્યા. ૧૯૫૩-૫૪માં તેઓ આંધ્રપ્રદેશ તરફથી અને ૧૯૫૪થી ૧૯૫૭ના ગાળા દરમ્યાન ઉત્તરપ્રદેશ તરફથી તેમણે રણજી ટ્રૉફીમાં ભાગ લીધો. ૧૯૫૭માં તેમણે પ્રથમ કક્ષાની ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી અને એ સાથે જ 'નાયડુ યુગ'નો જાણે કે અંત આવ્યો. ૬૧ વર્ષે નિવૃત્તિ પામનાર આ 'યુવાન ખેલાડી'નો એ વિક્રમ હજી પણ ભારતીય ક્રિકેટમાં અકબંધ છે. નવાઈની વાત તો એ છે કે નિવૃત્તિ વેળાએ પણ તેમની ફિટનેસ યુવાનોને શરમાવે તેવી હતી. આજે જ્યારે ક્રિકેટની રમતમાં ફિટનેસને એકદમ અગત્ય અપાય છે ત્યારે આજના યુવાન ખેલાડીઓ માટે સી. કે. નાયડુની આ લાક્ષણિકતા એક આદર્શ સમાન છે.

૧૯૫૬-૫૭ની એ છેલ્લી રણજી ટ્રોફી સીઝનમાં ઉત્તર પ્રદેશ તરફથી રમતાં રાજસ્થાન સામે તેમણે ૮૪ રન ફટકાર્યા અને તેમાંયે વિનુ માંકડની બૉલિંગમાં ઉપરાઉપરી બે છક્કા ફટકારેલા. એ જ વર્ષે ક્વાર્ટર ફાઈનલમાં મુંબઈ સામે તેમણે બાવન રન ફટકાર્યા. ૬૧ વર્ષની વયે પણ તેમણે રમેલ આ ઇનિંગ્સને નિહાળતાં પ્રખ્યાત વિવેચક ડીકી રત્નાગરે લખ્યું છે, 'નાયડુએ પોતાની ટીમના યુવાનો માટે વધુ એક સંદેશ આપ્યો છે. થોડા સફેદ વાળ, મૂછ વગરના આ એ જ સી. કે. છે કે જેમને ૧૯૩૦ના અરસામાં પ્રેક્ષકોએ નિહાળ્યા છે. ઉંમરની સાથે શારીરિક ફેરફારો જરૂર છે, પરંતુ તેમની બૅટિંગમાં હજી એ જ સાતત્ય છે અને મોહકતા છે.' ૧૯૫૫માં તેમને ભારત સરકારે 'પદ્મભૂષણ'ના ખિતાબથી સન્માનિત કર્યા. આ સન્માન મેળવનાર તેઓ પ્રથમ ક્રિકેટર હતા અને આ સન્માન એ ખરેખર ભારતીય ક્રિકેટનું સન્માન હતું!

પ્રથમ કક્ષાના ક્રિકેટમાંથી નિવૃત્ત થયા બાદ પણ તેઓ જિંદગીના છેલ્લા શ્વાસ સુધી ક્રિકેટ સાથે તો સંકળાયેલા જ રહ્યા. ભારતીય ક્રિકેટ ટીમની પસંદગી સમિતિના અધ્યક્ષ સ્થાને રહીને તેમણે ક્રિકેટની રમતની સેવા કરી તો વળી ઢળતી ઉંમરે પણ ભારતનાં અનેક શહેરોની મુલાકાત લઈ ત્યાં યોજાતી ક્રિકેટ કોચિંગ શિબિરમાં પોતાનું અમૂલ્ય માર્ગદર્શન આપી ઊગતા ખેલાડીઓને પ્રેરણા આપી. ૧૪ નવેમ્બર, ૧૯૬૭ના રોજ ૭૨ વર્ષની વયે ઇંદોર ખાતે તેમના નિવાસસ્થાને તેઓએ જ્યારે છેલ્લા શ્વાસ લીધા ત્યારે ભારતના અનેક ક્રિકેટ-ચાહકોએ આઘાતની લાગણી અનુભવી. સતત ૪૦ વર્ષ એટલે કે ચાર દાયકા સુધી પ્રથમ કક્ષાની ઇનિંગ્સ અને બાદમાં ૧૧ વર્ષ ક્રિકેટઆયોજનની એક અન્ય ઇનિંગ્સ એમ

સતત ૫૧ વર્ષ સુધી ક્રિકેટ ક્ષેત્રે એક લાંબી ઇંનિંગ્સ રમનાર કર્નલ સી. કે. નાયડુ ભારતીય ક્રિકેટ માટે અમરત્વ પામ્યા. ભારતનો ક્રિકેટ-ઇતિહાસ એમના યોગદાનથી ઊજળો છે અને એમનું નામ એ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલું છે.

કર્નલ સી. કે. નાયડુ ક્રિકેટ ઉપરાંત અન્ય રમતોમાં પણ એટલી જ દિલચસ્પી રાખતા અને તેમાં પારંગત પણ હતા. હોકીમાં તેઓ 'ફોરવર્ડ' સ્થાન પર રમતા જ્યારે ફુટબોલમાં તેઓ 'હાફ-બૅક'નું સ્થાન શોભાવતા. તેઓ ઉચ્ચ કક્ષાનું લોન ટેનિસ રમી શકતા હતા અને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ ટેનિસ ખેલાડીઓને પણ તેઓ હંફાવતા. એથલેટિક્સમાં તેઓ ગજબનાક કૌશલ્ય ધરાવતા હતા. એથલેટિક્સમાં એક વખત ૧૦૦ મીટર દોડનું અંતર તેમણે ફક્ત ૧૦.૫ સેકન્ડમાં પૂરું કરેલું અને એટલે જ તેમને ક્રિકેટના મેદાન પર ફીલ્ડિંગ કરતા નિહાળવા એ પણ એક લ્હાવો હતો. બિલિયર્ડમાં તેમની કુશળતા એટલી ધ્યાનાકર્ષક હતી કે એક બિનઅધિકૃત ગેઈમમાં તે વખતના રાષ્ટ્રિય ચૅમ્પિયન પી. કે. દેવને તેમણે મહાત કરેલા. ઘોડેસવારીના તેઓ શોખીન હતા. પરિણામે તેઓ એક સારા પોલો ખેલાડી બની શક્યા હતા. આમ, તેઓ એક એવા રમતવીર હતા કે ક્રિકેટ સિવાયની અન્ય કોઈ રમતમાં તેમણે રુચિ કેળવી હોત તો એ રમતમાં પણ શ્રેષ્ઠ નીવડ્યા હોત.

કર્નલ સી. કે. નાયડુ સ્વભાવે અત્યંત સરળ હતા અને થોડી જ ક્ષણોમાં કોઈના પણ મિત્ર બની જતા. શિસ્તના તેઓ પૂરા આગ્રહી હતા અને એવું માનતા કે શિસ્ત વગરનું જીવન તદ્દન અર્થહીન છે. જીતમાં તેઓ વિનમ્ર રહેતા અને હારમાં તેઓ ઉદાર રહેતા. યુવાનોના વિકાસ પ્રત્યે તેઓ સતત જાગૃત રહેતા અને એટલે જ યુવાનોના તેઓ એક 'આદર્શ' હતા. નિયમિત કસરતથી તેઓ શરીરને અત્યંત ચુસ્ત રાખતા અને એટલે જ શારીરિક બીમારી તેમનાથી દૂર જ રહેતી. ૭૦ વર્ષની વયે પણ કોઈ તેમને વૃદ્ધ કહે તે તેમને પસંદ નહોતું. તેઓ એક અચ્છા યજમાન હતા અને તેમને ત્યાં આવેલ મહેમાનની સરભરામાં તેઓ પૂરો સમય આપતા. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં તેમનાં સંસ્મરણો સાંભળવા તેમનાં કુટુંબીઓ તેમની આસપાસ ઉત્સુક બાળકોની જેમ બેસી જતાં કેમ કે તેમનું જીવન અનેક યાદગાર પ્રસંગોથી ભરપૂર હતું.

સંગીત પ્રત્યે તેમનો શોખ અજબ હતો. શાસ્ત્રીય સંગીત તેઓ ખૂબ જ ધ્યાનથી સાંભળતા અને તેમની સંગીત પ્રત્યેની અભિરુચિને કારણે જ તેમણે હારમોનિયમ, સિતાર, જલતરંગ, તબલાં, વાયોલિન વગેરે સંગીતવાદ્યો ઘરમાં વસાવ્યાં હતાં. કે. એલ. સાયગલ અને કાનનબાળા તેમના મનપસંદ ગાયક હતાં. અત્યંત ગતિશીલ ક્રિકેટ જીવન હોવા છતાં પણ તેઓ ધાર્મિક કાર્યો માટે સમય ફાળવી શકતા હતા. નવરાત્રિના નવ દિવસ તેમ જ દશેરાને દિવસે અત્યંત હોંશથી પૂજન કરાવતા. જન્માષ્ટમીને દિવસે રાત્રિજાગરણ અચૂક કરતા અને દિવાળીને દિવસે લક્ષ્મીપૂજન કરી ધન્યતા અનુભવતા. ઈશ્વરમાં તેઓને અતૂટ શ્રદ્ધા હતી અને જીવનનાં પાછલાં વર્ષોમાં પ્રભુભક્તિને તેમણે જીવનનું મુખ્ય અંગ બનાવી દીધું હતું.

આમ, કર્નલ સી. કે. નાયડુ એક મહાન ક્રિકેટર તો હતા જ, પરંતુ સાથોસાથ એક સંપૂર્ણ વ્યક્તિ પણ હતા. તેમના સમયમાં લાંબા સમયગાળાની ક્રિકેટ મૅચ રમાતી હોઈ તેમની ક્રિકેટ તરીકેની આક્રમકતાનું માપ તેમના ટેસ્ટ ક્રિકેટના આંકડાઓ પરથી ફલિત થતું નથી. આજના યુગમાં જ્યારે એકદિવસીય મૅચનું વર્ચસ છે ત્યારે તે સમયમાં જો આ પ્રકારની મૅચ રમાતી હોત તો 'એક દિવસીય ક્રિકેટ'ના તો તે મહારાજા બની શક્યા હોત અને એટલે જ કર્નલ સી. કે. નાયડુને ભારતના નહીં પરંતુ વિશ્વના મહાન ખેલાડીઓની યાદીમાં સ્થાન અપાવ્યું છે. સી. કે. નાયડુ એટલે ભારતીય ક્રિકેટનું ગૌરવ!

૧૯૯૫ના વર્ષમાં સ્વ. સી. કે. નાયડુની જન્મશતાબ્દીની ઉજવણી કરવાનું નક્કી કરી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે એક સ્તુત્ય પગલું ભર્યું છે અને વિશિષ્ટ પ્રકારની ઉજવણી જ તેમને ખરા હૃદયની શ્રદ્ધાંજલિ ગણાશે. □

કેડીને છેવાડે

લીના કાપડિયા

અરીસામાં પાછળનું આખું દૃશ્ય દેખાતું હતું. ઉતાવળમાં હતો છતાં એક મિનિટ માટે થંભી જવાયું. દૂ.....ર સુધી દેખાતું હતું. દૂ...ર દૂ....ર દૂ....ર આખું મૈસુર શહેર. અંતે આવેલો રાજમહેલ અને એની પણ પાછળ દેખાતો ઢળતો ડુંગર.

આખો ડુંગર ત્રાંસો, ઢોળાવવાળો હતો અને એની ઉપર કિનાર પર આવેલી વૃક્ષની હાર. મેં પગ ઉપાડયો પણ ત્યાં જ એક નાળિયેરીનું વૃક્ષ હલ્યું. મેં નજર થોડી નજીક ખેંચી. નીચે એક ઢોળાવવાળી કેડી હતી. સાવ શાંત. આગળ જઈ એ બે બાજુ ફંટાતી હતી. બાજુના ખાલી પ્લૉટમાં ગાય ચરતી હતી. આખી કેડી ઉપર બંને બાજુ ગુલમહોરનાં વૃક્ષો હતાં અને આખો રસ્તો એની વિખરાયેલી પાંદડીઓથી ગુલાબી થઈ ગયો હતો. ખરતાં પાંદડાં મને પાછળ લઈ ગયાં... ઘણાં વર્ષો પહેલાં.... એલિસ પાસે....

'તું મારા ઉપર આ ઝાડ હલાવ, 'એલિસે ગુલમહોરના ઝાડ નીચે ઊભા રહી કહ્યું હતું, 'એટલે મારા ઉપર બધી પાંદડી પડે.'

મેં ઝાડની નીચેની ડાળ પકડી હતી.

'એમ નહીં,' એણે કહ્યું, 'તું ઝાડની પાછળ જા.'

'કેમ?' મેં પૂછયું. પણ એ તો આંખો બંધ કરીને ઊભી હતી. હું, ઝાડની પાછળ ગયો અને એ સાઈકલ પર ચઢીને ભાગી હતી.

'પકડ મને,' એણે કહ્યું હતું.

હું પણ સાઈકલ પર ચઢ્યો હતો, પણ અહીંના ઢાળવાળાં રસ્તા....હું થાકીને એક જગ્યાએ બેસી ગયો હતો. એ હસંતી હસતી પાછી ફરી હતી.

'કેમ થાકી ગયો ને?' એણે પૂછયું હતું, 'મને પકડવી સહેલી નથી.' મેં જવાબ ન'તો આપ્યો. હું નીચે જતા રસ્તા સામે જોઈ રહ્યો હતો. એ ટ્રેનના પાટા પાસે જઈને અટકતો હતો. અને પાટાની બને બાજુ યૂકેલિપ્ટસનાં નાનાં નાનાં વૃક્ષો હવામાં ડોલતાં હતાં.

'એક મહિના પછી તો હું જઈશ,' મેં એલિસને કહ્યું હતું.

'બસ? એક જ મહિનો, તને અહીં આવ્યે બે મહિના થઈ ગયા?'

'હં' બે મહિના પહેલાં હું અહીં ટ્રેનિંગ પર આવ્યો હતો - અહીં થોડે દૂર આવેલી એક ફેકટરીમાં પ્રોડક્શન ડિપાર્ટમેન્ટમાં. મુંબઈ છોડ્યું ત્યારે મમ્મીએ એક એડ્રેસ હાથમાં સરકાવ્યું હતું.

'મારી સ્કૂલની ફ્રેન્ડ છે ત્યાં,' એણે કહ્યું હતું, 'ક્રિશ્ચિયનને પરણી છે. ઘણા વખતથી એનો સંપર્ક છૂટી ગયો છે. જો તને ત્યાં કોઈની જરૂર પડે તો જજે એને મળવા.'

'અચ્છા,' મેં કહ્યું હતું.

પણ અહીં આવીને મને કોઈને મળવાની જરૂર ન'તી જણાઈ. આખો દિવસ ફેકટરીમાં કામ કરીને હું બસમાં પાછો ફરતો હોઉં ત્યારે નાળિયેરીનાં વૃક્ષો ઉપરથી તડકો ઢળતો હોય. ઉતારા પર આવીને ત્રીજા માળની મારી રૂમમાં હું ચા પીવા બેસતો અને બહાર જોયા કરતો. કેટલા ય નાના બંગલાઓ, બંગલામાં બનાવેલા બગીચાઓ, નાના નાના રસ્તાઓ અને શાંતિ.... મારા બે કલાક પસાર થઈ જતા. અને ગુલાબી ઠંડીથી મારી આંખો ઘેરાઈ જતી.

પંદરેક દિવસ પછી આટલી કુદરત વચ્ચે પણ મને માણસને મળવાનું મન થયું હતું. મેં મારી બૅગ ફંફોળી, ખાનાંઓ વીંખ્યા, ખિસ્સાઓ તપાસ્યાં ત્યારે એક પેન્ટના ખિસ્સામાંથી મમ્મીએ આપેલું એડ્રેસ મળ્યું.

મેં તરત રિક્ષા પકડી હતી. બહુ શોધવું ન'તું પડ્યું ઘર. સફેદ બંગલાની બહાર જ નામ લખ્યું હતું - ઍન્થની થૉમસ.

મેં રિક્ષા છોડી દીધી. અંદર કોમ્પાઉન્ડમાં એક ગુલાબી નળિયાંનું છાપરું હતું. નીચે હીંચકો હતો. એના ઉપર એક છોકરી ઊંધી બેઠી, નાની નાની ઠેસથી હીંચકો ખાતી હતી. મેં ગેટની બાજુમાં આવેલી બેલ મારી. એણે પાછળ જોયું. હાથમાં પકડેલું પુસ્તક બાજુ પર મૂકી એ નજીક આવી.

'કોણ?' એણે પૂછયું.

'મારું નામ અમિત, 'મેં કહ્યું, 'મિસીસ થૉમસ અહીં રહે છે?' મેં હાથમાં રહેલું એડ્રેસ એને આપ્યું.

'મમ્મી તો ઘરે નથી,' એણે કહ્યું.

મેં મારી ઓળખાણ આપી. એણે દરવાજો ખોલ્યો.

'બેસો,' એણે હીંચકા તરફ હાથ કરી કહ્યું. 'હું પાણી લઈ આવું.' એ મારી અને એલિસની પ્રથમ મુલાકાત હતી. કાંઈ વિશિષ્ટ ન હતી. એ સુંદર હતી કે નહીં, એણે શું પહેર્યું હતું કે એના વાળ કેટલા હતા એ તરફ મારું ધ્યાન ન'તું ગયું. જોકે એણે કહ્યું હતું કે મેં બ્લૂ જીન્સ અને લાલ ટી-શર્ટ પહેર્યું હતું અને મારી એક બાજુની મૂછ જરા વધારે કપાઈ ગઈ હતી.

'મૂછ કાપતા પણ નથી આવડતું,' એ મારા પર હસતી.

'પાંચ મિનિટમાં તેં એટલું જોઈ લીધું હતું?' હું પૂછતો. હું ગયો પછી પાંચેક મિનિટમાં જ મિ. અને મિસીસ થૉમસ આવી ગયાં હતાં.

'ઓહ, તું જયાનો દીકરો,' એલિસના મમ્મી જોનાબેને મને ખભેથી પકડી લીધો હતો.

'તું એક વરસનો હતો,' એમણે કહ્યું, 'ત્યારે મારાં લગ્ન થયાં હતાં. જયા મારાં લગ્નમાં પણ ન'તી આવી.'

એમની આંખમાં આંસુ આવી ગયાં હતાં. બે-ત્રણ કલાક વાતોમાં ક્યાં વીતી ગયા તેની ખબર ન'તી પડી. જમ્યા વિના જવાની એમણે મને સ્પષ્ટ ના પાડી દીધી.

'તું આવતો રહેજે, બેટા.' એમણે મને કહ્યું હતું. અને સાચે જ, મને એકલતા સાલતી હતી એટલે કે એમનો પ્રેમ અને હૂંફ મને ખેંચતા હતાં એટલે કે એમનું માન રાખવા... પણ હું ત્યાં વારંવાર જવા લાગ્યો.

એક રવિવારે હું એમના ઘરે ગયો. એલિસે એના માટીવાળા હાથે ગેટ ખોલ્યો.

'શું કરે છે?' મેં એના હાથ સામે જોઈ પૂછ્યું.

'પપૈયાનું ઝાડ વાવું છું,' એણે કહ્યું.

'પપૈયું? ઝાડ ઉપર? પછી તું તોડીશ કેવી રીતે?' મેં પૂછ્યું.

'કેટલું ઊંચું હોય પપૈયાનું ઝાડ?'

'મને શું ખબર.'

'પપૈયું ઝાડ ઉપર ઊગે એ તને ખબર હતી?'

'અં....' મેં કહ્યું, 'મેં એવો વિચાર જ ન'તો કર્યો.'

'એ પણ જો આ લીમડાના ઝાડ જેટલું જ ઊંચું હશે. પહેલાં માળની બારી પર જઈને તોડી શકાય.'

'આ લીમડો છે?' મેં પૂછયું હતું

'હા. અને આ નાળિયેરી', એણે કહ્યું, 'તને ખબર છે, અહીં સાઉથમાં ઘર બનાવતાં પહેલાં પ્લોટમાં બધા નાળિયેરનું ઝાડ વાવે ? એ ઊગે તો જ ત્યાં ઘર બાંધે. એને શુકન કહેવાય.'

'ઓહ.'

એ દિવસે ઘરનું નાળિયેરપાણી પીને મલાઈ ખાતાં ખાતાં બાજુમાં આવેલા કેળાનાં ઝાડ ઉપર લટકતાં કેળાંની લૂમ ઉપર મારી નજર ચોંટી ગયેલી.

'તું બહુ સ્વીટ છે,' મને પ્રથમ વાર એલિસને કહેવાનું મન થયું હતું. એ કૉમ્પાઉન્ડની દીવાલને પાઈપના પાણીથી ધોતી હતી.

'અમિત,' ત્યારે જ મેનાબેને બહાર આવીને કહ્યું હતું, 'તું કામ કેવી રીતે કરે છે? તને બાઈ તો મળી ગઈ છે ને કપડાં ધોવા, ઘર સાફ કરવા?'

'ના, મેં કહ્યું, 'ટાઈમ મળે ત્યારે કપડાં હું જાતે ધોઉં છું.'

'જા, જા. તું અત્યારે જ જઈને કપડાં લઈ આવ. આખા અઠવાડિયાનાં લાવજે. હું વૉશિંગ મશીનમાં ધોઈ દઉં.' મારે જાતે કામ કરવું પડે છે એ સાંભળીને એ એકદમ ઉત્તેજિત થઈ ગયાં.

કાર ચલાવતા તો મને આવડતું ન હતું એટલે એલિસ પણ મારી સાથે આવી. 'આહા, કેટલું ઊંચું છે આ તો અને આ બારી કેટલી સરસ છે,' એણે રૂમમાં પ્રવેશતાં કહ્યું.

'બારી કેમ સરસ છે?' મેં પૂછ્યું.

'જો ને, તને ખાલી સામેનો જ વ્યૂ નથી મળતો. આમ ત્રિકોણાકાર બારી છે એટલે ત્રણે દિશાનો વ્યૂ મળે છે.'

'હં' મેં પેલાં કપડાં ભેગાં કરતાં કહ્યું હતું.

'અમિત, તારી પાસે લીલું મરચું છે? 'અચાનક એણે પૂછયું હતું.

'કેમ?'

'અહીં સામેના ઝાડ ઉપર પોપટ બેઠો છે. હું જો લીલું મરચું અહીં, નીચેની નાની પાળ પર નાંખીશ તો એ કદાચ અહીં આવશે.'

મેસમાંથી લાવી મેં એને મરચું આપ્યું હતું અને એની બાજુમાં જઈ પોપટની રાહ જોતો ઊભો રહ્યો હતો. થોડી વારમાં પોપટ આવ્યો હતો અને મેં એલિસ સામે જોયું હતું. પ્રસન્નતાની સુરખી એના ગાલ ઉપર છવાઈ ગઈ હતી. મેં સામે આકાશમાં જોયું. ઢળતા સૂરજનાં કિરણોએ ગાભા જેવાં વાદળાંઓને ગુલાબી રંગે રંગી દીધાં હતાં. નીચે ગુલમહોર ડોલતાં હતાં.

એ દિવસે મને તો આખી સૃષ્ટિ ગુલાબી લાગી હતી.

મુંબઈ જતાં પહેલાં હું થોમસ પરિવારની મુલાકાત લેવા ગયો ત્યારે એલિસ એકલી એના હીંચકા ઉપર બેઠી હતી. દબાતાં પગલે હું એની બાજુમાં જઈ ઊભો રહ્યો હતો. એક હાથે સળિયાને ઉપરથી પકડી મેં થોભાવ્યો હતો. પળેક એલિસે આંખો મીંચી લીધી હતી. મેં એને આટલી નજીકથી ક્યારે ય જોઈ ન હતી. એના વિખરાયેલા વાળ ખભા સુધી પહોંચતા હતા. એણે આગળથી કપાવેલી લટો કપાળ ઉપર ઊડતી હતી. એની આંખો નીચે કાળાશ પથરાઈ ગઈ હતી. ઊંચું જોવાને કારણે એની ડોક વધુ લાંબી દેખાતી હતી. મને એને મારી બાંહોમાં લઈ લેવાનું મન થયું. પણ એ તો કેટલી નાજુક હતી. કદાચ મારા એક હાથમાં સમાઈ જાય એટલી પતલી. એના ગાલ ત્યારે ગુલાબી ન હતા. એના આછા ક્રીમ કલરના ચુડીદારમાં એ વધારે ફિક્કી લાગતી હતી. એણે એની આંખો ખોલી. એની ઊંડી આંખોમાં ઝૂકીને હું ચાલી નીકળ્યો.

એ દિવસે મેં નક્કી કર્યું હતું, મારી પહોળી છાતીમાં એને સમાવી દેવાનું.

મુંબઈ પહોંચ્યો ત્યારે એક વાર મને વિચાર આવ્યો હતો: એલિસ અહીં રહી શકે? આ ઝૂંપડપટ્ટી, રસ્તા પર ઊભરાતાં માણસો, ગંદકી, દુર્ગંધ, પસીનો. 'એ તો આદત પડી જાય,' મને થયું હતું. 'સાવ મુરઝાઈ જાય,' બીજી પળે થયું.

'મારે એને બધું ઉત્તમ - આપવું છે,' ફરી થયું. ઘરે પહોંચ્યો ત્યારે મમ્મી ગૅલેરીમાં રાહ જોતી ઊભી હતી. એને મળવાની ખુશીમાં હું બધું ભૂલી ગયો.

છ મહિના થયા હતા મને મુંબઈ આવ્યે. એક દિવસ મેં પપ્પાને કહ્યું 'પપ્પા હું આ નોકરી છોડું છું,'

'કેમ?'

'આમાં ચેલેન્જ નથી. વિસ્તરવાની તકો ઓછી છે.'

'બીજી કોઈ તક છે?'

'.... કંપનીના ઇન્ટરવ્યૂમાં મારી પસંદગી થઈ ગઈ છે.'

'ઓ...કે, 'એમણે કહ્યું હતું.

જોકે નવી કંપનીમાં હું શીખાઉ તરીકે જવાનો હતો એટલે મારો પગાર ઓછો હતો, પણ કંપની સારી હતી. એક વાર સ્થાયી થઈ જઉં પછી ઇન્ક્રીમેન્ટ ઝડપથી મળે. છ મહિના પ્રોબેશન દરમિયાન દસ-બાર કલાક કામ કરવું પડતું. થાકી જતો હતો. પણ મજા આવતી હતી. આગળ વધવાની તમન્ના સિવાય મગજમાં બીજા કોઈ વિચારો ન હતા.

પરમેનન્ટ થયો એટલે એક રાતે ચેસ રમતાં રમતાં મેં પપ્પાને પૂછ્યું, 'પપ્પા, ધારો કે હું મારી પસંદગીની છોકરી સાથે લગ્ન કરું તો?'

પપ્પા એમની ચાલ વિચારતા હતા. એમણે પહેરેલા હાઉસ-કોટનો પટ્ટો તૂટી ગયો હતો. ખુરશીની બાજુમાં નીચે બેસીને મમ્મી એ સાંધી આપતી હતી.

'તો હું તમને અપનાવું નહીં,' પપ્પાએ કહ્યું. મેં એમની સામે જોયું. બલ્બના પ્રકાશમાં એમનાં નીચાં ઉતરી ગયેલાં ચશ્માની અંદરથી મેં આંખો જોઈ. એ ફરક્યા પણ વિના ચેસ બોર્ડ ઉપર ઠરેલી હતી. એના અર્થની મને ખબર હતી. વાત ત્યાં પૂરી થતી હતી. એ રાતે હું અગાશીમાં આંટા મારતો હતો. મમ્મી પણ ઉપર આવી. 'મમ્મી' મેં પૂછ્યું, 'ઘર ચલાવવા કેટલા પૈસા જોઈએ?' મેં પૂછ્યું હતું, પણ મમ્મીનો જવાબ સાંભળવા ઊભો ન'તો રહ્યો. મને ખબર હતી મારા બે હજારના પગારમાં ઘર ચાલવાનું ન હતું.

'વાંધો નહીં,' મેં વિચાર્યું હતું, 'આવતા વર્ષે કદાચ મને પ્રમોશન મળશે.'

મારી નજર પ્રમોશન પર હતી અને પ્રમોશન મને મળ્યું પણ હતું પણ પગારવધારો તો માત્ર હજાર રૂપિયાનો જ હતો.

એ રાતે પહેલી વાર મમ્મી મારી રૂમમાં આવી હતી. 'બેટા, કમાણી અને લગ્ન વચ્ચે આટલો નજીકનો નાતો ન બાંધ. પ્રગતિ સાથે સાથે પણ થઈ શકે છે.' એણે કહ્યું.

એના ગયાં પછી મેં પડખું ફેરવી દીધું હતું.... મારી સામે વેલીઓની વચ્ચે વીંટળાયેલી એલિસ છવાઈ ગઈ. 'હું તને બધું ઉત્તમ આપીશ.' મેં મારી પ્રતિજ્ઞા દોહરાવી અને વિચારવા લાગ્યો: કોને ખબર છે, કદાચ દોઢેક વર્ષમાં મને કંપની તરફથી ઘર પણ મળી જાય....

કેટલાં વર્ષે હું મૈસુર આવ્યો અને મને ખ્યાલ આવ્યો કે એને હું કાચની આડશે જોતો હતો. ખબર નહીં અરીસાની આડમાં કેમ જોતો હતો હું દુનિયાનું પ્રતિબિંબ. હું પાછળ ફર્યો. સાચી દુનિયાને જોવા. હું બારી પાસે ગયો. નીચે જ એક નળિયાંવાળું ઘર હતું. લાલલાલ નળિયાં અને બાજુમાં એક પપૈયાનું ઝાડ કદાચ..... મને થયું, એલિસનું ઘર હશે આ? હોઈ શકે... પેલું નાળિયેરીનું ઝાડ વધુ હાલ્યું. સિગારેટ પીવા મેં ખિસ્સામાંથી મેચ-બૉક્સ કાઢ્યું. એના ઉપર તેજીથી ચાલતા ઘોડા ઉપર સવાર થયેલા એક માણસનું ચિત્ર હતું. એણે લગામ ખેંચેલી રાખી હતી અને ઘોડો હવામાં ઊછળતો હતો. કદાચ એને લાગતું હતું કે એક પગલું ભરીશ એટલે મંઝિલ પર પહોંચી જઈશ. હું એના પર હસ્યો અને સિગારેટ સળગાવી. ફરી મેં બારીની બહાર જોયું.

એલિસના ઘરની લાઈટ બંધ થઈ ગઈ હતી. મેં ફરી ચિત્ર સામે નજર કરી. ઘોડાની લગામ સવારના હાથમાંથી ઢીલી થઈ ગઈ હતી અને મંઝિલ દૂર સરી ગઈ હતી. □

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૨૮૩ પરથી

પુનરુત્થાનકાળના કવિ બાલ્દાસારે કાસ્તિલ્યોને પાસેથી ગ્રહી છે. કવિ માને છે કે શાલીનતા કેળવી શકાય એવો ઉત્તમ ગુણ છે અને કોઈપણ વસ્તુમાં રહેલું સૌન્દર્ય એની શાલીનતાનું પરિણામ હોય છે. તિશને 'લાવણ્યમયી' (જુઓ આ અંકનું મુખપૃષ્ઠ)માં ઉર્બિનોની વારાંગનાને મૂર્તિમંત શાલીનતા તરીકે રજૂ કરી છે. કાળજીપૂર્વક ગૂંથાયેલો કેશપાશ, ઓછા પણ સુંદર આભૂષણો, અસમંજસયુક્ત છતાં વિશ્રાન્ત અંગભંગિમા કોઈને પણ પ્રભાવિત કરે તેમ છે. તિશનના ઉત્તરવયનાં ધર્મ વિષયક ચિત્રો પણ એની યુગચેતના અને નગરને અનુરૂપ હતાં: પાર્થિવ, ઇન્દ્રિય-પ્રત્યક્ષ અને ભભકદાર રંગોથી સજીવ.

સમર્થ ચિત્રકાર તિશને રંગને ચિત્રોનું જીવાતુભૂત તત્ત્વ ગણ્યું છે. ભાવસ્થિતિને સ્થાપિત કરવા, ભાવોને સંક્રમિત કરવા, જોનારમાં પ્રતિભાવ ઊભો કરવા માટે રંગોનો સમર્થ સંવાદ, એની સૂક્ષ્મ અર્થચ્છાયાઓ, ક્યારેક તો સહેતુક વિસંવાદ આ બધું અનિવાર્ય છે અને એ જ ચિત્રોને ધબકતાં કરે છે. પુનરુત્થાનકાળમાં ચિત્રકાર અને કવિનાં કાર્યોને સમાન્તર ગણવામાં આવ્યાં છે. તિશન ચિત્રકાર તરીકે સમર્થ મૂક કવિ છે.

(સંદર્ભ : 'ધ વર્લ્ડ ઑવ્ તિશન' : જેમ વિલ્યમ્સ અને 'ટાઈમ લાઈફ બુક્સ'ના સંપાદકો) - ચંદ્રકાન્ત ટોપીવાળા

બ્લૅક હોલ

પ્રહ્લાદ છ. પટેલ

જે જેમ પદાર્થનું દળ વધારે તેમ તેના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રની તીવ્રતા વધારે એટલે બળ વધારે પ્રબળ હોય છે. ચંદ્ર કરતાં પૃથ્વીનું દળ ઘણું વધારે છે. પૃથ્વી કરતાં ગુરુ-ગ્રહનું દળ વધારે છે. આથી ચંદ્ર કરતાં પૃથ્વી અને પૃથ્વી કરતાં ગુરુનું ગુરુત્વાકર્ષણબળ વધારે હોય છે. ચંદ્રના ગુરુત્વાકર્ષણબળ કરતાં પૃથ્વીનું ગુરુત્વાકર્ષણબળ લગભગ છ ગણું વધારે છે. એટલે ચંદ્રના ગુરુત્વક્ષેત્રમાંથી પદાર્થને છટકવા જેટલો વેગ કે ઊર્જા આવશ્યક છે તેના કરતાં છ ગણો વધારે વેગ કે ઊર્જા તે જ પદાર્થને પૃથ્વીના પાશમાંથી છટકવા જરૂરી છે.

દળદાર (massive) તારાનો અંતભાર્ગ (core) નિપાત (collapse) પામે ત્યારે નિપાતની ક્રિયા સતત ચાલુ રહે છે. આ સ્થિતિમાં જ્યારે ન્યૂક્લિઅર ઇંધણ ખલાસ થયેલું હોય છે એટલે ન્યૂક્લિઅર સંલયનની પ્રક્રિયાના અભાવે વિકિરણ ઊર્જાનું ઉત્સર્જન થતું નથી, પરિણામે બહિર્મુખી બળ (કે દબાણ)ની ગેરહાજરીમાં અને બહારનું સ્તર વિસ્ફોટ સ્વરૂપે ફેંકાઈ ગયું હોય ત્યારે, આવો તારો ન્યૂટ્રોન તારા તરીકે સ્થિર થઈ શકતો નથી. ગુરુત્વાકર્ષણ નિપાતને કારણે તારાનો અંતર્ભાગ બેહદ દળદાર બને છે. તેથી તેની ઘનતા પ્રચંડ બને છે, પરિણામે તેનું ગુરુત્વાકર્ષણ બળ પણ વધુ ને વધુ પ્રબળ બને છે. આવા તારાના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાંથી કોઈપણ પદાર્થને છટકવા ઘણી વધારે ઝડપ આવશ્યક હોય છે. તારાની ઘનતા અને ગુરુત્વાકર્ષણબળ એક સમયે એવું મૂલ્ય (સ્વરૂપ) ધારણ કરે છે કે જેથી પ્રકાશ પણ આવા તારાના ક્ષેત્રમાંથી છટકી શકતો નથી. જે પદાર્થના ગુરુત્વાકર્ષી ક્ષેત્રમાંથી પ્રકાશ પણ છટકી ન શકે તેવા પદાર્થને શ્યામલ છિદ્ર (black hole) કહે છે.

આઈન્સ્ટાઈનના વિશિષ્ટ સાપેક્ષવાદને આધારે ચોક્કસપણે નિશ્ચિત થયું છે કે વિશ્વનો કોઈ પણ પદાર્થ પ્રકાશના વેગ જેટલો વેગ ધારણ કરી શકતો નથી. પ્રકાશનો વેગ મહત્તમ છે ને અચળ છે. જો કોઈપણ પદાર્થ પ્રકાશના વેગથી ગતિ કરે તો તે પ્રકાશનું સ્વરૂપ (ફોટોન સ્વરૂપ) ધારણ કરે છે. જે કોઈ તારા કે પદાર્થના ગુરુત્વાકર્ષી ક્ષેત્રમાંથી મહત્તમ વેગ ધરાવનાર પ્રકાશ ન છટકી શકે તો બીજા કોઈ પદાર્થની શું હેસિયત છે કે તે છટકે.

કોઈપણ પદાર્થમાંથી નીકળતો કે પરાવર્ત થતો પ્રકાશ આપણી આંખ કે દૂરબીનમાં પ્રવેશે છે ત્યારે જ તે પદાર્થ દશ્યમાન બને છે. હવે પરિસ્થિતિ એવી ઉપસ્થિત થાય છે કે બ્લૅક હોલમાંથી પ્રકાશ છટકીને કે પરાવર્ત થઈને આપણી આંખ કે દૂરબીન સુધી ન આવી શકે તો પછી તે બ્લૅક હોલ દેખાય જ કેવી રીતે? તેમજ, તેમાંથી કોઈપણ માહિતી આપણા સુધી પહોંચતી નથી. દૂર અંતરિક્ષ કે અન્ય ગેલેક્ષી (તારાવિશ્વો)માં રહેલા પદાર્થો કે બનતી ઘટનાઓની માહિતી કે સંદેશા લઈને આવનાર ખેપિયો માત્ર પ્રકાશ (વિદ્યુત ચુંબકીય તરંગો) જ છે. વ્યવહારમાં, બ્લૅક હોલ એવો તારો છે જેનું ગુરુત્વાકર્ષણબળ પ્રકાશને પણ છટકવા દેતું નથી. માટે તેની કોઈપણ માહિતી આપણને પ્રાપ્ત થતી નથી. બ્લૅક હોલથી આગળ ઘટ (dense) બ્લૅક હોલ પણ સંભવિત છે. આવા બ્લૅક હોલને તારાનો અંતિમ તબક્કો (મૃત્યુ) ગણી શકાય?

જો બ્લૅક હોલને આપણે જોઈ શકવાના ન હોઈએ અથવા તેનું અવલોકન કરવાનું શક્ય ન બને તો પછી આવા બ્લૅક હોલનો અર્થ શું? અલબત, બહારના અવલોકનકારને બ્લૅક હોલ દશ્યમાન નથી, પણ તેના સામીપ્યમાં પ્રવર્તતું પ્રબળ ગુરુત્વાકર્ષણ- બળ બીજી કેટલીક ઘટનાઓ પેદા કરે છે. આવી પરોક્ષ અસરોને આધારે બ્લૅક હોલના અસ્તિત્વનો ખ્યાલ આવે છે. જેમકે, બ્લૅક હોલ અને તેના સાથી-તારાની પ્રણાલી દ્વિ-અંગી (binary) રચના તૈયાર કરે છે. પ્રચંડ ગુરુત્વાકર્ષણબળને કારણે બ્લૅક હોલ સાથી-તારાના દ્રવ્યને પોતાની તરફ આકર્ષે છે. સાથી-તારામાંથી જમા થયેલું આવું દ્રવ્ય બ્લૅક હોલની આસપાસ ભ્રમણ કરતી તકતી રચે છે. ભ્રમણ સાથે આ તકતીમાં દ્રવ્ય સંકોચાતું જાય છે. પરિણામે એટલી બધી ઉષ્મા પેદા થાય છે કે જેથી તેમાંથી ક્ષ-કિરણોનું ઉત્સર્જન થાય છે. અવકાશીય પદાર્થમાંથી મળતા અને નોંધાતા આવા ક્ષ-કિરણો સંભવ છે કે બ્લૅક હોલના અસ્તિત્વનું સૂચન કરતાં હોય. સિગ્નસ તારામંડળ (નક્ષત્ર - constellation)માં ક્ષ-કિરણોનો સ્રોત છે, જેને સિગ્નસ x-1 કહે છે. આ દ્વિ-અંગી પ્રણાલીમાં સૂર્ય કરતાં દસ ગણો વધારે દમદાર અદશ્ય પદાર્થની આસપાસ અધિક્ષક તારો ભ્રમણ કરતો નોંધાયો છે. આ પ્રણાલીમાં રહેલ અદશ્ય પદાર્થ બ્લૅક હોલ હોઈ શકે. આવાં બ્લૅક હોલ ક્વાસાર્સનો પાયો છે. ક્વાસાર્સ એવો અવકાશીય પદાર્થ છે જે સામાન્ય તારા કરતાં અનેક ગણી વધારે ઊર્જાનું ઉત્સર્જન કરે છે. વિદ્યુત્ ચુંબકીય તરંગોની જેમ ગુરુત્વાકર્ષી તરંગોની માન્યતા આજે ભારે વેગ ધારણ કરી રહી છે. ગુરુત્વાકર્ષી તરંગોની સૈદ્ધાંતિક ગણતરીઓ અને પ્રાયોગિક પ્રતીતિ માટે ભારે પ્રયત્નો ચાલી રહ્યા છે. બ્લૅક હોલ ગુરુત્વાકર્ષી તરંગોનું મૂળ પણ હોઈ શકે.

આઈન્સ્ટાઈનના વ્યાપક (general) સાપેક્ષવાદ મુજબ, સૂર્યના દળ કરતાં દસ ગણું વધારે દળ ધરાવતા ભારે તારાનો, સૈદ્ધાંતિક રીતે, બ્લૅક હોલમાં અંત આવવો જોઈએ. જ્યારે તારાનું

ન્યૂક્લિઅર ઇંધણ ખલાસ થઈ જાય છે ત્યારે વિકિરણ ઊર્જાનું ઉત્સર્જન થતું નથી, એટલે ગુરુત્વાકર્ષણબળનો સામનો કરનાર બાહ્ય બળ પ્રવર્તતું નથી. આથી આવા તારામાં ગુરુત્વનો નિપાત થતાં તે બ્લૅક હોલમાં પરિણમે છે. જેમ જેમ ગુરુત્વ નિપાત આગળ વધે છે તેમ તેમ તારાનું ગુરુત્વાકર્ષણબળ મહાપ્રચંડ બને છે અને એક એવી સીમારેખા પ્રાપ્ત કરે છે જ્યાંથી વિદ્યુતચુંબકીય તરંગો પણ છટકી શકતાં નથી. આ સીમાને ઘટના-ક્ષિતિજ (event hórizon) કહે છે. એક વખત જ્યારે પદાર્થ ઘટના-ક્ષિતિજ ઓળંગી તારા તરફ પ્રયાણ કરે છે ત્યારે વ્યાપક સાપેક્ષવાદ મુજબ તેની પાછા આવવાની કોઈ શક્યતા રહેતી નથી. પ્રચંડ ગુરુત્વાકર્ષણને કારણે તારાનું સમગ્ર દળ સંકોચાઈને બિંદુરૂપ બની જાય છે, જેને દિક્-કાળ (space-time) અસામાન્યતા (singularity) કહે છે. આવી અસામાન્યતા આગળ ઘનતા અને તાપમાન જેવી ભૌતિકરાશિઓ વધુ ને વધુ પ્રચંડ બને છે. કોઈપણ બળ આવા ગુરુત્વ નિપાતને અટકાવી શકતું નથી. અજીબ છે આવા બ્લૅક હોલની દુનિયા!! તેનાં રહસ્યો જાણવા માટે (વ્યાપક સાપેક્ષ વાદનો આશરો લઈને) વિશ્વના ઘણા વિજ્ઞાનીઓ મચી પડ્યા છે. આવા બ્લૅક હોલનો પરિચય કુલ દળ, કુલ વિદ્યુતભાર અને કોણીય વેગમાનથી મળી રહે છે. દ્રવ્યની ઘનતા ઓછી હોય ત્યારે પદાર્થના રાસાયણિક ગુણધર્મો, પારમાણ્વિક સંરચના અને સંયોજનો મહત્ત્વનાં હોય છે. બ્લૅક હોલના દ્રવ્ય માટે એટલે કે પ્રચંડ ઘનતા બને ત્યારે આ બધાં પોતાની પ્રસ્તુતતા ગુમાવી દે છે.

વિશ્વની ઉત્પત્તિવેળાએ સૂક્ષ્મ (mini) બ્લૅક હોલ રચાયાં હોવાં જોઈએ. આવાં સૂક્ષ્મ બ્લૅક હોલનું દળ દસ કરોડ ટનથી વધારે અને ત્રિજ્યા સેન્ટિમીટરના દસ કરોડમા ભાગની હોય છે. આવું સૂક્ષ્મ બ્લૅક હોલ પૃથ્વીની સપાટી સાથે અથડાય તો ભારે હોનારત સર્જી શકે છે. એટલું જ નહીં પણ આવું સૂક્ષ્મ બ્લૅક હોલ પૃથ્વીની આરપાર નીકળી બીજા છેડેથી બહાર નીકળે છે. બ્રિટિશ વિજ્ઞાની સ્ટિફન હોકિંગનું માનવું છે કે ઇ.સ. ૧૯૦૮માં સાઈબિરિયા સાથે અથડાઈ ભારે હોનારત કરનાર પદાર્થ સૂક્ષ્મ બ્લૅક હોલ હોવો જોઈએ. અને પૃથ્વીના બીજા છેડે આઈસલૅન્ડમાંથી બહાર નીકળ્યો હોવો જોઈએ. આ બધી વાતો માની શકાય તેવી તો ખરી; પણ આનુમાનિક છે એટલે બ્લૅક હોલના અસ્તિત્વની ખાતરી કરવા માટે તો સિગ્નસ x-1 જેવા ક્ષ-કિરણોના સ્રોત જ ઉપકારક બની શકે.

આઈન્સ્ટાઈનના વ્યાપક સાપેક્ષવાદ મુજબ બ્લૅક હોલ એ તો એક સૈદ્ધાંતિક શક્યતા છે. આ સિદ્ધાંત મુજબ તારાની ઘનતા સમરૂપ (homogeneous) હોય છે. દ્રવ્યની આવી સમરૂપ ઘનતા અવકાશ (અંતર) સાથે બદલાતી નથી, પણ નિપાતના સમય સાથે બદલાય છે. આવા પરિદૃશ્યમાં ઊર્જાનું વિતરણ જાણવું જરૂરી છે. આવા ઊર્જાવિતરણનો અભ્યાસ અત્યારે ચાલી રહ્યો છે.

ન્યૂટ્રોન તારાઓ અક્ષિય ભ્રમણ કરતા પણ હોય છે. ભ્રમણ કરતા ન્યૂટ્રોન તારાને પલ્સાર્સ કહે છે. તે જ રીતે બ્લૅક હોલ પણ ભ્રમણ કરે તેવો સંભવ છે. બ્લૅક હોલ ભ્રમણ કરે કે ન કરે પણ તેના ગુરુત્વાકર્ષી પ્રભાવક્ષેત્રમાંથી કોઈપણ પદાર્થ - પ્રકાશ પણ છટકી શકતો નથી. એટલે બ્લૅક હોલની સપાટીની અંદર બધું જ અકળ છે. ઘટના-ક્ષિતિજ જ બ્લૅક હોલના અસ્તિત્વની ચાડી ખાય છે. બ્લૅક હોલના વર્ણન માટે દળ, કોણીય વેગમાન અને સંભવતઃ વિદ્યુતભાર પર્યાપ્ત પ્રાચલો છે. એટલે કે ગુરુત્વાકર્ષી નિપાત પહેલાંની પ્રારંભિક શરતોનું ધોવાણ કરી દે છે. એટલે કે પ્રારંભિક ભૌમિતિક આકાર; દ્રવ્યનું સંયોજન વગેરે ગુણધર્મોનું ઉન્મૂલન કરી નાખે છે. ગુરુત્વ-નિપાતથી માહિતીઓ અપ્રાપ્ય બને છે એટલે તેની સાથે તાપમાનનો ખ્યાલ જોડી દેવો આવશ્યક બને. જો તેમ બને તો ઉષ્મીય વિકિરણનું ઉત્સર્જન થવું જોઈએ. પણ પ્રશિષ્ટ ભૌતિકવિજ્ઞાન મુજબ બ્લૅક હોલમાંથી વિકિરણનું ઉત્સર્જન થઈ શકતું નથી. પણ ક્વૉન્ટમ યાંત્રિકી વિકિરણને માર્ગ કરી આપે છે. ગુરુત્વાકર્ષણબળને લીધે સ્થિતિમાન દીવાલ રચાય છે. ક્વૉન્ટિત વિકિરણ આવી દીવાલમાં બોગદું રચીને બહાર નીકળે છે, જેને ટનલ-અસર (tunnel effect) કહે છે. આ રીતે નીકળતા વિકિરણને શોધકના નામ ઉપરથી (સ્ટિફન) હોકિંગ વિકિરણ કહે છે. વિકિરણના ઉત્સર્જનને બ્લૅક હોલનું મંદમંદ બાષ્પીભવન ગણી શકાય!! બ્લૅક હોલ ચોક્કસપણે હાથ લાગે તે પહેલાં તેનું બાષ્પીભવન? કેવો અજીબ ખ્યાલ !

ઘટના-ક્ષિતિજની ચર્ચા અનભિજ્ઞ (અનુભવહીન) સંદિગ્ધતા છે. તેની એક બાજુએ રાક્ષસી બ્લૅક હોલ છે. જે બધું જ હડપ કરી જાય છે અને તેમાંથી કશુંજ પરત થતું નથી. તો બીજી બાજુએ બિલકુલ નુકસાનરહિત વિભાગ છે, જેમાં મુક્ત રીતે ગતિ કરતા અવલોકનકાર માટે બધું જ પરિમિત છે. એટલે કે ઘટના-ક્ષિતિજ એ ઘટના-સભર છે કે તટસ્થ પ્રેક્ષક છે? જાણવા માટે ધીરજ રાખવી રહી. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

પીટ્સબર્ગ

તા. ૨-૮-૮૦ પીટ્સબર્ગ શહેર અમદાવાદ જેવું ખરું. અમદાવાદનો મુખ્ય ઉદ્યોગ કાપડનો, અહીં મુખ્ય ઉદ્યોગ પોલાદ-લોખંડનો. ભિલાઈ, રુડકેલા, દુર્ગાપુર કે તાતાનગરમાં જેવાં સ્ટીલ (પોલાદ)નાં કારખાનાં છે તેવાં અહીં હારબંધ કારખાનાં છે. પીટ્સબર્ગમાંથી ત્રણ નદીઓ પસાર થાય છે. તેમાંની એક મોનોનગેહેલા નદીને કાંઠે. હારબંધ ૨૦-૨૫ માઈલ સુધી એક પછી એક પોલાદનાં કારખાનાં છે. પીટ્સબર્ગનું બીજું નામ છે - સ્ટીલસિટી. ભારતની હિન્દુસ્તાન સ્ટીલ લિમિટેડ (હવેની SAIL)માંથી છછ માસની તાલીમ માટે ૧૦-૧૨ જણની ટુકડી અહીં સતત આવતી રહે છે.

અલ્હાબાદ-પ્રયાગમાં જેમ ત્રિવેણી સંગમ થાય છે તેમ અહીં પીટ્સબર્ગમાં પણ ત્રિવેણી સંગમ થાય છે. શહેરની ઉત્તર બાજુ એલેધની નદી અને દક્ષિણ બાજુ મોનોનગેહેલા નદી. આપણે ત્યાં જમુના નદી ગંગાને મળે છે અને સંયુક્ત નદીને ગંગા જ કહીએ છીએ. ગંગાને મળી ત્યાં જમુના પૂરી થઈ પણ ગંગા તો આગળ ચાલી; પરંતુ અહીં તેવું નથી. અહીંના આદિવાસી રેડ-ઈન્ડીઅનોની કલ્પના કાંઈક જુદા પ્રકારની હતી. એલેધની અને મોનોનગેહેલા બે સરખી નદી. એટલે એલેધની નદી મોનોનગેહેલાને મળે છે તેમ કહેવાને બદલે બન્ને એક બીજાને મળી સંગમ ઉપર જ પૂરી થઈ જાય એમ કહ્યું અને ત્યાંથી સંયુક્ત નદીને જુદું જ નામ આપ્યું - ઓહાયો નદી. નદીનાં નામ આ બધાં જૂનાં છે અને રેડ ઈન્ડીઅનોએ આપેલાં છે.

પણ આ ત્રિવેણી સંગમ સંયુક્ત નદીને જુદું નામ આપ્યું તેથી થતો નથી. આપણા જેવી જ અહીં લોક કથા છે.

ગંગા અને જમુના મળે છે ત્યાં લુપ્ત સરસ્વતી પણ મળે છે, તેથી આપણને તેને ત્રિવેણી સંગમ કહીએ છીએ. આ લુપ્ત સરસ્વતીની વાતને વિજ્ઞાનનો ટેકો હોવાનો સંભવ પણ ચર્ચાઈ રહ્યો છે. અહીં પણ એમ કહેવાય છે કે મોનોનગેહેલા અને એલેધની વચ્ચેના ત્રિકોણના ભૂગર્ભમાં એક નદી વહે છે અને તે પણ સંગમમાં મળે છે. ગઈકાલે અમે શહેરમાં પર્યટનની બસમાં ફરવા નીકળ્યાં હતાં ત્યારે બસના ડ્રાઈવરે આ વાત કરી અને સાથે ઉમેર્યું કે પીટ્સબર્ગમાં ભૂગર્ભ રેલવે કરવામાં આ ભૂગર્ભ નદી આડી આવે છે! આમ, અત્યારે તો મારી આ માહિતી વૈજ્ઞાનિક નથી, પણ બસ ડ્રાયવરની કિંવદન્તી-આધારિત છે. અને બસ ડ્રાઈવર તો બધે જ ફડાકીઆ, શું ભારતમાં કે શું અમેરિકામાં!

સંગમના ત્રિકોણ ઉપર પ્રાચીન ભારતે આધ્યાત્મિક ઉન્નતિ માટે યોગ્ય વાતાવરણ જોયું. અહીં અર્વાચીન અમેરિકનોએ ગગનચુંબી ઈમારતો ઊભી કરી. પીટ્સબર્ગ શહેરનું ડાઉન ટાઉન (મુખ્ય બજાર, સરકારી અને મ્યુનિસિપલ ઓફિસોનું જૂથ) રચ્યું. પણ પીટ્સબર્ગ તો પોલાદની નગરી; તેથી અમદાવાદના મિલ-માલિક મંડળ જેવા અહીંના પોલાદ મિલ - માલિક મંડળનું લોખંડના થાંભલા ઉપર ઊભું કરેલું, ૮૪૧ ફુટ ઊંચું અને ૬૭ માળનું મકાન ડાઉન ટાઉન ઉપર ચોકીપહેરો કરતા કાળા સંતરી જેવું તરત જુદું તરી આવે છે.

પીટ્સબર્ગ શહેર ચારે તરફથી ડુંગરો અને ટેકરીઓથી ઘેરાયેલું છે. આમ જુઓ તો બે નદીઓની ખીણમાં તે વસેલું છે. ડુંગરોથી ઘેરાયેલું હોવાથી અહીંની આબોહવામાં વાદળ, તડકો, પવનના સુસવાટા, વીજળીના કડાકા-ભડાકા, વરસાદ-ત્રમઝટ વરસાદ અને હળવાં ફોરાં વાળો વરસાદ - બધું મિશ્રિત જોવા મળે.

શહેરમાં આટલી બધી પોલાદની મિલો હોવાને કારણે અહીં વાતાવરણમાં પ્રદૂષણ ઘણું જોવા મળે. પણ આ ઘણું તો અમેરિકનોને ધોરણે. આપણા કલકત્તા, મુંબઈ કે અમદાવાદના પ્રદૂષણના પ્રમાણમાં અહીં તો 'ઓછું' ગણાય. પણ અમેરિકામાં પીટ્સબર્ગનું પોલ્યૂશન 'વખણાય' છે. અહીં ગુજરાતીઓના ગરબામાં અમારાં ડેલીબહેન પેલો 'મારવાડથી મેંદી લાવજો રે હો મારવાડા...' વાળો ગરબો ગવરાવે તેમાં મુંબઈથી આ લાવજો અને વડોદરાથી તે લાવજો એતો આવે પણ સાથે 'પીટ્સબર્ગ જાજો રે હો મારવાડા, પીટ્સબર્ગથી પોલ્યૂશન લાવજો રે હો મારવાડા' એમ પણ ગવરાવે!

સાનફ્રાન્સિસ્કો તરફ

તા. ૧૧-૮-૮૦ એક અઠવાડિયું પીટ્સબર્ગ રહી અમે કોલંબસ ગયાં. એક અઠવાડિયું કોલંબસ રહી હું ત્યાંથી શનિવારની સાંજે ઊડીને પીટ્સબર્ગ આવ્યો. ત્યાં રાત રોકાઈ રવિવારે સવારે નવ વાગ્યાની ફ્લાઈટમાં સાનફ્રાન્સિસ્કો જવા નીકળ્યો. પીટ્સબર્ગથી સાનફ્રાન્સિસ્કો ઊડતાં ૬ કલાક લાગે છે. પીટ્સબર્ગથી સવારના ૯ વાગે ઊપડયા તે બપોરે ૧૨ વાગે સાનફ્રાન્સિસ્કો પહોંચ્યા! પીટ્સબર્ગ કરતાં સાનફ્રાન્સિસ્કોનાં ઘડિયાળ ત્રણ કલાક પાછળ છે. પીટ્સબર્ગના બપોરના ૩ વાગે સાનફ્રાન્સિસ્કો પહોંચ્યા ત્યારે સાનફ્રાન્સિસ્કોના બપોરના ૧૨ વાગ્યા હતા.

અમેરિકા એટલો બધો પહોળો દેશ છે કે તેના પૂર્વ અને પશ્ચિમ ભાગ વચ્ચે ત્રણ કલાકનો સમયગાળો રહે છે!

પીટ્સબર્ગથી ઊડ્યા પછી એક કલાક સુધી આકાશમાં

વાદળાં હતાં એટલે વિમાનમાંથી કાંઈ દેખાતું નહોતું. વળી, ખિસ્સામાંથી વાંચવાના ચશ્મા કાઢ્યા તો ફ્રેમ તૂટી ગયેલી નીકળી. ખિસ્સામાં કાંઈ દબાણ આવ્યું હશે એટલે નાક આગળ બે કટકા થઈ ગયા! વંચાય તેવું રહ્યું નહિ. હવે બગાસાં ખાવાં રહ્યાં.

પણ ત્યાં તો ધીરેધીરે આકાશ સ્વચ્છ થઈ ગયું. સ્પષ્ટ તડકો નીકળ્યો. ૩૧૦૦૦ ફુટની ઊંચાઈથી નીચે જમીન દેખાવા લાગી મેદાન જેવી સપાટ જમીન. તેની ઉપર પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ જતા હાઈવે એવા તો સીધા જતા હોય કે જમીન પર જાણે શતરંજનાં ખાનાં દોર્યાં હોય તેવું ઉપરથી દેખાય. વચ્ચેવચ્ચે ચોરસ ખાનામાં ટપકાં ટપકાં દેખાય એટલે ખબર પડે કે ત્યાં ગામ કે શહેર હશે.

પણ અમેરિકામાં ગંગા-જમનાના પ્રદેશ જેવાં મેદાન છે તો ડુંગરા, ભેખડો અને કોતરો પણ છે. કોલોરાડો રાજ્ય ઉપરથી ઊડ્યા ત્યારે મોટામોટા પર્વતો ઉપર ચળકતો બરફ જોયો તો કોલોરાડો નદીની ભેખડો અને કોતરો જોઈ! ૩૧,૦૦૦ ફુટની ઊંચાઈથી અમને ઊંડી દેખાતી કોતરો ખરેખર તો કેટલી ભયંકર ઊંડી હશે ! અને આ કોતરોની દીવાલો ઊભી ને ઊભી કોરી કાઢી હોય તેવી તદ્દન લંબ (vertical) દિશામાં. અંગ્રેજીમાં આવાં કોતરોને કૅનિયોન્સ (canyons) કહે છે. અને માઈલોના માઈલો સુધી આવાં કોતરો વચ્ચે કોલોરાડો નદી વહે છે. આ નદીને રસ્તે રસ્તે અમારું વિમાન ઊડતું હતું.

કોતરો પૂરી થઈ એટલે સપાટ રણ જેવા પ્રદેશનો વારો આવ્યો. જરા જેટલીયે લીલોતરી દેખાય નહિ. એકાદ હાઈવે સીધી લીટીમાં ચાલ્યો જતો હોય - પણ આ લાંબું ન ચાલ્યું. તરત જ કૅલિફોર્નિયા રાજ્ય આવ્યું. વિશાળ સમુદ્ર દેખાયો. માર્ગમાં ચશ્માના અભાવે વંચાયું નહિ તેનો મનમાં જરાયે વસવસો ન રહ્યો અને હું સમયસર સાનફ્રાન્સિસ્કો પહોંચી ગયો.

બર્કલી (કૅલિફોર્નિયા)

તા. ૧૬-૮-૮૦ યુનિવર્સિટી ઑવ્ કૅલિફોર્નિયા બર્કલીમાં ગણિત-શિક્ષણ વિષેની એક પરિષદ માટે અઠવાડિયું રહ્યો. અહીં સવારે બ્રેકફાસ્ટ અને બપોરે લંચ તો પરિષદની વ્યવસ્થામાં મળતું હતું. પણ સાંજના ભોજનની વ્યવસ્થા જાતે કરી લેવાની હતી. પહેલા બે દિવસ તો સાંજે પિઝા ખાઈ લીધો પણ પછી નજીકની મદ્રાસી હોટલની માહિતી મળી. હોટલનું નામ 'પસંદ'. આન્ધ્ર પ્રદેશના છોકરાઓ અને સાડી પહેરેલી એક છોકરી પીરસવાનું કામ કરે. જાતજાતના દોશા, ઇડલી, સાંભર, સૂકી ભાજી, કાંદા-બટેટાનાં ભજિયાં, ઉપરાંત ભારતીય થાળી-ભોજન પણ મળે. વળી, એક દિવસ હિન્દી ફિલ્મી રેકર્ડ વગાડાતી હોય તો બીજે દિવસે બે ગોરાઓ વાંસળી અને તબલાં કે સિતાર અને તબલાં ઉપર શાસ્ત્રીય ધૂન વગાડતા હોય. પછી તો હું રોજ સાંજે સાંભર-પુલાવ કે સાંભર-પરોઠા ખાતો. અહીંના વેજિટેરિયન ખોરાકમાં દાળનો અભાવ ઘણો રહે. સાંજના સાંભર ખાવાથી મારી દાળની જરૂરત પૂરી થઈ જતી.

એક દિવસ અહીં પરિષદના નોટિસ-બોર્ડ ઉપર મારા નામની ચિઠ્ઠી હતી. તેમાં લખ્યું હતું કે રીટા નાગરનો મારી ઉપર ફોન હતો અને તેના ફોન નંબર ઉપર મારે ફોન કરવો તેવું સૂચન હતું. મને આશ્ચર્ય થયું કે આ રીટા કોણ હશે? ફોન કર્યો તો ખબર પડી કે ગુજરાત યુનિવર્સિટીના હિન્દીના પ્રોફેસર અંબાશંકર નાગરની દીકરી ડૉ. દેસાઈને પરણી છે અને તેઓ બર્કલી પાસેના રિચમંડ ગામમાં રહે છે. પ્રોફેસર નાગરે મારા બર્કલી આવવા વિષે લખ્યું હતું તેથી તેણે ફોન કર્યો હતો. શનિવારે મારે કોલંબસ જવા નીકળવું હતું એટલે શુક્રવારે સાંજે તેને ઘેર જવું, જમવું, રાત રોકાઈ સવારે ૧૧ વાગે જમીને એરપોર્ટ જવું તેવો કાર્યક્રમ ગોઠવ્યો.

ડૉ. દેસાઈ વડોદરાથી એમ.બી.બી.એસ. કરી ૧૯૭૫માં અહીં આવ્યા. ચાર વર્ષની તાલીમ લઈ, બાળરોગોના નિષ્ણાત થયા અને એક વર્ષથી રિચમંડમાં પોતાનું ક્લિનિક ચલાવે છે. અહીં ખાનગી દવાખાનામાં પણ મોટી ઑફિસ ચલાવવી પડે કારણ કે ઇનડોર દર્દી પણ હોય... રીટા તો કેમિસ્ટ્રિ લઈને એમ.એસસી. થયેલી છે. તે ડૉ. દેસાઈના ક્લિનિકની ઑફિસ સંભાળે છે.

તેને ઘેર અમે જમતાં હતાં ત્યાં એક આધેડ યુગલ, તેમનાં બે બાળકો અને એક સન્યાસી આવ્યા. યુગલમાંની સ્ત્રી આવીને મને પગે લાગી અને કહે કે મને ઓળખી? આ બેન વિદ્યાનગરની હૉસ્ટેલમાં રહીને ભણતી હતી. તે સ્પોર્ટ્સમાં ખૂબ ભાગ લેતી અને બહેનોમાં ચેમ્પિયન પણ થયેલી. તેથી તેને મારે માટે ખૂબ જ લાગણી હોય તે સ્વાભાવિક છે. મેં કહ્યું, 'તમે વિદ્યાનગર હતાં ત્યારે ૧૮-૨૦ વર્ષનાં. તે વાતને આજે ૨૫ વર્ષ થયાં. તમને કેવી રીતે ઓળખી શકાય?' વિનોદિનીને બે બાળકો છે અને તેના પતિ અહીં મોટેલ ચલાવે છે. કૅલિફોર્નિયામાં હોટેલ અને મોટેલનો ધંધો પટેલોએ સર કર્યો છે. આફ્રિકાથી ઘણા પટેલો ઇંગ્લન્ડ ગયા પણ કેટલાક શાણા લોકો અમેરિકા આવ્યા. અમેરિકામાં પશ્ચિમ કાંઠે આવેલું કૅલિફોર્નિયા રાજ્ય ટૂરિસ્ટો માટે જાણીતું છે. અહીં સ્નો પડતો નથી. ગરમી પણ બહુ પડતી નથી. તેથી બારે માસ આખા અમેરિકામાંથી લોકો અહીં રજા ગાળવા આવે છે. એટલે હોટેલ અને મોટેલ (મોટેલ એટલે મોટર સાથે રાખી રહી શકાય તેવી હોટેલ)નો ધંધો અહીં ધીકતો ધંધો છે. તે ધંધામાં પટેલો એટલા બધા પાવરધા છે, કે એ Hotels, Motels and Patels એ ત્રણ જાણીતાં નામ એકબીજાનાં પર્યાય થઈ ગયાં છે.

આમ, ૮ દિવસની સાનફ્રાન્સિસ્કોની સફર પૂરી કરી કોલંબસ પાછો જાઉં છું, અને તે માટે એરોપ્લેનમાં બેઠા બેઠા આ પત્ર લખ્યો છે.

અમેરિકાની ત્રણ યુનિવર્સિટીઓ

તા. ૩-૯-૮૦ આ પત્ર ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીના ગણિત-વિભાગમાંથી લખાય છે. બાર-સાડાબારે સ્મિતા મને અહીં મૂકી જાય છે અને સાંજે સાડા ચાર, પોણા પાંચે અહીંથી તેડી જાય છે. અત્યારે અહીં વેકેશન છે એટલે ગણિત-વિભાગના પુસ્તકાલયના વાચનખંડમાં ઘણી ખાલી જગ્યા છે અને મારા જેવા એકલ-દોકલ વાંચનારા કે લખનારા મળી આવે. એટલે રોજ નિરાંતે ચાર કલાક મારું પોતાનું ગણિત કરવાનો વખત મળે છે.

આ વખતના અમેરિકાના પ્રવાસ દરમિયાન ત્રણ જુદી જુદી યુનિવર્સિટીમાં જવાનો પ્રસંગ મળ્યો. પીટ્સબર્ગ યુનિવર્સિટી મોટા શહેરના મધ્યમાં આવેલી. એટલે મુંબઈમાં જેમ કોટ વિસ્તારમાં મુંબઈ યુનિવર્સિટી છે તેવું. સરિયામ રસ્તા, મોટરો-બસની ભરમાર, મોટામોટા સ્ટોર અને દુકાનોની સાથેસાથે યુનિવર્સિટીનાં મકાનો. અહીંના પ્રોફે. ન્યુમાન, અમારા સંશોધન-તંત્રની સમાનતાને કારણે મારા પરમ મિત્ર છે. તેમની સાથે ચર્ચાના ત્રણ દિવસો મળ્યા.

કોલંબસની ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીનું સ્વતંત્ર કેમ્પસ. કેમ્પસમાં બધે જ બહારની મોટરો ન જઈ શકે. કૉલેજો માટે ખાસ બનાવેલાં નવાં નવાં મકાનો. મૂળ તો ખેતીવાડીના હેતુસર સ્થપાયેલી યુનિવર્સિટી એટલે જમીનની છૂટ ઘણી. પીટ્સબર્ગ યુનિવર્સિટીમાં જગ્યાની તાણ દેખાય. અહીં બધે જગ્યા જ જગ્યા.

ત્રીજી યુનિવર્સિટી જોઈ તે યુનિવર્સિટી ઑવ્ કૅલિફોર્નિયા ઍટ બર્કલી. કૅલિફોર્નિયા રાજ્યમાં એક યુનિવર્સિટી તે યુનિવર્સિટી ઑવ્ કૅલિફોર્નિયા. તેનું એક કેમ્પસ બર્કલે, બીજું કેમ્પસ લૉસ ઍન્જેલસ - એમ જુદાં જુદાં કેમ્પસ. આ કેવું લાગે તે સમજવું હોય તો ધારો કે સૂરત અને રાજકોટ જુદી જુદી યુનિવર્સિટીઓ કરવાને બદલે ગુજરાત સરકારે એમ કર્યું હોત કે ગુજરાત યુનિવર્સિટી ઍટ અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટી ઍટ રાજકોટ અને ગુજરાત યુનિવર્સિટી ઍટ સૂરત - એમ નામ આપ્યાં હોત તો આ યુનિવર્સિટી ઑવ્ કૅલિફોર્નિયાને મળતું આવે. એકએક કેમ્પસ મોટી યુનિવર્સિટી જ છે. બર્કલે કેમ્પસ ઉપર હું સાત દિવસ રહ્યો. અમારી પરિષદ ગણિત-વિભાગમાં ન હતી. અને વળી ગણિતવિભાગ શોધતાં મને ચાર દિવસ લાગ્યા! કેમ્પસમાં ફક્ત પગે ચાલવાનું કે સાઈકલ ઉપર જવાનું. કેમ્પસના ફરતા રસ્તા પર મોટરો જાય, કેમ્પસની અંદર નહિ!

અમેરિકામાં યુનિવર્સિટીઓ સામે નવી જ જાતનો પ્રશ્ન ઊભો થયો છે. વસ્તી-નિયંત્રણ એટલું બધું વ્યાપક છે કે કૉલેજોમાં જનારા યુવકયુવતીઓની સંખ્યા દા'ડે દા'ડે ઘટતી જાય છે. અને કૉલેજ કે યુનિવર્સિટીને સરકારી ગ્રાન્ટ કુલ વિદ્યાર્થીસંખ્યા ઉપર મળે છે. આથી, આપણે ત્યાં જેમ રતનપોળમાં સાડીઓના સેલ નીકળે છે અને તે સેલની જાહેર ખબર વિવિધ ભારતી પર સંભળાય છે તેમ અહીં ટી.વી. ઉપર યુનિવર્સિટીઓ અને કૉલેજોની જાહેર ખબરો આવે છેઃ 'અમારી આવી સારી યુનિવર્સિટી છે. આવો અમારે ત્યાં જોડાઓ.' આપણે ત્યાં તો એથી ઊલટું કૉમર્સ કૉલેજોને બખંબખા છે. અહીં તો યુવાનોની કુલ સંખ્યા જ ઘટે છે એટલે કોઈને બખંબખા છે જ નહિ. યુનિવર્સિટીઓ વચ્ચે રતનપોળની દુકાનો જેવી હરીફાઈ ચાલે છે!!

આઝ્‌તેક સામ્રાજ્ય

કે.કા. શાસ્ત્રી

ઑગસ્ટની મધ્યમાં કૉર્ટેસે તેનોચ્તિત્લાન જવા બસો જેટલા તોતોનાક મજૂરો અને ચાળીસેક સૈનિકોને સાથે રાખી ત્લાક્સલાન તરફ કૂચ આદરી. આ ત્લાક્સલાનો અચ્છા લડવૈયા હતા. ત્રિપક્ષી સંધિ તેમને માન્ય નહોતી.

બન્યું એવું કે આ ત્લક્સલાનનાં લોકોએ પ્રથમ તો સ્પૅનિશો ઉપર હુમલો કરેલો, પણ પછી એમની સાથે મિત્રતા સાધી હતી. પડોશના ચોલુલા લોક મૅક્સિકાઓના મિત્ર બની ગયેલા. તેમને તેઓ ધિક્કારતા હતા.

કૉર્ટેસના આ વિજયમાં એનાં શસ્ત્રો જ નહિ, પણ એના ધાકભર્યા પ્રભાવનો પણ હિસ્સો હતો. કૉર્ટેસને પોતાનો કરી લેવા મોક્તેઝોમાએ એને તેનોચ્તિત્લાન આવવા વિનતિ કરી. મોક્તેઝુમાનો ખયાલ કૉર્ટેસને ત્લાક્સાકાલનોથી દૂર રાખવાનો હતો. પણ ચોલુલાથી જ ભય વધ્યો. ચોલુલા ક્વાએત્ઝાલ્કોઅત્લા પંથનું મોટું મથક હતું. મંદિરના પ્રાંગણમાં જ્યારે ટોળાબંધ લોકો એકઠા થયેલાં ત્યારે સ્પેનિયાર્ડ અને ત્લાક્સલાન લોકોએ એનાં બધાં દ્વાર રોકી લઈ એમને ઘેરી લીધાં અને ભયંકર કત્લ ચલાવી. હજારો લોકો માર્યાં ગયાં. તેનોચ્તિત્લાન નજીક જ હતું. જ્યારે આ કત્લના સમાચારો ત્યાં પહોંચ્યા ત્યારે ત્યાંનાં લોકો ભયથી ફફડી ઊઠ્યાં. કૉર્ટેસ ત્યાંથી આગળ ઊપડ્યો. માર્ગમાં એને મોક્તેઝુમાના પ્રતિનિધિઓ મળ્યા. એમણે અનેક કિંમતી ભેટો એને ધરી, જેમાં પુષ્કળ સોનાની જણસો જોઈ સ્પેનિયાર્ડો તો વાંદરાની જેમ તેના ઉપર તૂટી જ પડ્યા. મૅક્સિકાઓ,તેઓનો આ પ્રતિભાવ અચંબાથી જોઈ રહ્યા. સોના માટેની તેઓની ભૂખ તેમાં વરતાઈ આવતી હતી. કૉર્ટેસની વિજયકૂચ રોકવા મોક્તેઝુમાના જાદુગરોએ ફરી પ્રયત્નો કરી જોયા, પણ કંઈ વળ્યું નહિ. નવેમ્બર (૧૫૧૯)ની ૮મીએ કૉર્ટેસનું સૈન્ય તેનોચ્તિત્લાન પહોંચ્યું. સ્પેઈનના એ કાળના કોઈ પણ મોટા નગર કરતાં એ મોટું નગર હતું.


પૂરા રાજવી ઠાઠમાં ત્રિપક્ષી સંધિના રાજાઓ એને મળ્યા. મોક્તેઝુમા જર-જવાહર યુક્ત પોતાના પૂરા મોભા સાથે એક શોભાયમાન મંડળ નીચે ઊભો હતો. કૉર્ટેસ સમ્રાટને નમવા ઘોડા પરથી ઊતર્યો. મોક્તેઝુમાએ તેને આદરપૂર્વક સત્કાર્યો અને ભેટો આપી. પોતાના ભવ્ય મહેલની પાસે પોતાના પિતા એક્સ્કાયાકત્લના મહેલમાં ઉતારો આપ્યો. કૉર્ટેસની સર્વ જરૂરિયાત પૂરી પાડવા એણે પોતાના નોકરોને આજ્ઞા કરી. કૉર્ટેસે સમ્રાટની સાથે શાહી શિકાર પર જવાની મોજ પણ માણી.

પણ હજીયે મૅક્સિકાઓ આ આગંતુકોને ભય અને શંકાની નજરે જોતા હતા. વધતી જતી શત્રુતાની ભાવનાઓ વચ્ચે માનવિવેક ચાલતા રહ્યા. મૅક્સિકાઓએ આ નવા પધારેલા દેવતાઓને માનવના રક્તવાળા ખોરાક પીરસ્યા. બીજી બાજુ સ્પેનિયાર્ડોએ આ લોકોનાં મંદિરો જોયાં. ત્યાંની ભીંતો પર બલિ ચઢાવેલા માનવોના રક્તના થર જોયા. જૂનાં સૂકાં થરો ઉપર નવા તાજા લોહીના થરો પણ તેમણે જોયા.

હુઈત્ઝીલોપોચત્લીના મંદિરની એક આવી મુલાકાતમાં કૉર્ટેસે કહ્યું, 'નગણ્ય એવા તમારા દેવો સામે મારા દેવ વતી લડવું મને ગમશે.' અને તેનો જવાબ મળ્યો: આઝ્‌તેકો પોતાના દેવને માટે જાન દઈ દેવા તૈયાર છે. તેઓએ સ્પેનિયાર્ડોની દેવી વર્જિનનું પણ અપમાન કર્યું. આમાંથી સંઘર્ષ થયો.

હુઈત્ઝીલોપોચત્લીએ મોક્તેઝુમાને આ આક્રમકોને ફસાવી તેમને મારી નાખવા કહ્યું. એક જ સપ્તાહમાં કૉર્ટેસે પ્રથમ હુમલો કર્યો. સમ્રાટને એણે પકડ્યો અને સ્પૅનિશ વસાહતમાં કેદ રાખ્યો

તેઓતિહુઆકાન (દેવતાઓની ભૂમિ) નામક ચંદ્રના પિરામિડનું આઝ્‌તેક સામ્રાજ્યકાળનું સંભારણું – પુરાકાલીન ભયજન્ય ભગ્નાવશેષ



તથા માનવબલિ બંધ કરવાની માગણી કરી. મોક્તેઝુમાએ નકાર્યું. કોઈ મેક્સિકા પોતાના દેવને છોડશે નહિ એમ એણે કહી દીધું.

કોર્ટેસે હુઇત્ઝિલોપોચત્લીના મંદિરમાં એમની માતા વર્જિનને સ્થાપિત કરવા કહ્યું. રાજાએ મંજૂર તો રાખ્યું સાથોસાથ એમ પણ જણાવ્યું કે આઝ્તેક દેવો ગુસ્સે થયા હોઈ તેઓ હવે આ સ્થાન છોડી દેવા ઇચ્છે છે.

ઇ. ૧૫૧૯-૨૦ના શિયાળામાં રાજાએ શાંતિ માટે પ્રયત્નો કર્યા. સ્પેઈનના સમ્રાટ કાર્લોસ પાંચમાને ભેટ ધરવા પોતાના ખજાનામાંથી મબલખ સોનું આપ્યું. કોર્ટેસે તેમાંથી ઉત્તમોત્તમ સુંદર નમૂનાઓ જુદા તારવી લઈ બાકીનું સોનું ગળાવી નાખ્યું.

ઈ.સ. ૯૦૦ થી ૧૨૦૦ દરમિયાન રાજધાની રહેલ ક્વેત્ઝાલકોતલના તુલા-નગરીના મંદિરમાં લાવામાંથી બનેલા પથ્થરોમાં કંડારાયેલા સૈનિકની આકૃતિવાળા સ્તંભોમાંનો એક. એ કાળના લશ્કરી સત્તાના વર્ચસનું આ પ્રમાણ છે.



આ પછી કોર્ટેસને ઉખેડી નાખવા તૈયાર થયેલા સ્પેનિશ દળ સામે લડવા એ કંઠાર બાજુ ગયો. મોક્તેઝુમાની માફક એની સામે પણ કાવતરું રચાવાની ધમકી ઊભી થઈ હતી. દોઢ સો જેટલાં સ્પેનિયાર્ડોને નગરમાં રાખી પેદ્રો દ અલ્વારેડો નામના એક મિજાજી અને ક્રૂર અમલદારને તેમનો નેતા નીમતો ગયો.

સ્પેનયાર્ડોએ મૅક્સિકાઓને હુઈત્ઝિલોપોચત્લીના માનમાં ઉત્સવ ઉજવવા છૂટ આપી. એ લોકોએ એમના આ દેવની મોટી સુંદર અને હીરામાણેકજડિત મૂર્તિ બનાવી, અને જ્યારે તાનમાં આવી નાચગાન કરવાં લાગ્યાં ત્યારે સ્પેનિયાર્ડોએ મંદિરનાં દ્વાર બંધ કરી દીધાં. ચેલુલામાં થયેલો એવો જ દગો અહીં પણ આ લોકોએ કર્યો હોવાની મૅક્સિકાઓને ગંધ આવી. અને એ લોકોએ સ્પેનિયાર્ડો પર હુમલો કર્યો. સ્પેનિશ ઢોલી પકડીને એમણે એનાં બાવડાં કાપી નાખ્યાં. પછી માથું પણ ઉતારી લીધું ને રસ્તા પર ગબડતું ફેંકી દીધું. સ્પેનિયાર્ડોએ પણ પાછળથી વળતો હુમલો કર્યો. તલવારોના ઘાથી એકેએક મૅક્સિકાને હણી નાખ્યો. આ જોઈ મૅક્સિકા યોદ્ધાઓ પણ લડાઈમાં કૂદી પડ્યા. સ્પેનિયાર્ડો મહેલમાં ઘૂસી ગયા. ગોળીબારની રમઝટ ચલાવી અને મોક્તેઝુમાને પકડી લઈ તેને સાંકળે બાંધી લીધો.

આ બાજુ કોર્ટેસ વિજયી બની પાછો ફર્યો. સાથે ૧૦૦૦ સૈનિકોને પણ લેતો આવ્યો. રાજધાની પર હુમલો કરી રાજપ્રાસાદ પણ પોતાને હાથ કરી લીધો. રાજાએ પોતાની પ્રજાને મનાવવા મથામણ કરી પણ લોકો માન્યાં નહિ અને રાજાના બળવાખોર ભાઈ કુઈત્લાહુઆકને રાજા બનાવવા પસંદ કર્યો. સંઘર્ષ થયો અને તેમાં ૧૫૨૦ની ૩૦મી જૂને લોકોએ મોક્તેઝુમાને મારી નાખ્યો.

એ જ રાત્રે અંધારામાં કોર્ટેસ સાત લંગડાતા-ઘવાયેલા ઘોડા, એક ઘોડી, ૮૦ જેટલા ત્લાકસ્કાતેક મિત્રો સાથે રાજા માટેનું સોનું ઉઠાવી નગર છોડી

ચાલી નીકળ્યો. બાકી રહ્યું તે સોનું એના સૈનિકોએ હાથ કરી લીધું.

સ્પેનિયાર્ડોનું સૈન્ય, અને ત્લાક્સલાન સૈન્યે હજી તો ત્લાકોમાન કોઝવે પર પહેલી નેહર વટાવી ત્યાં તો તેમના પર હુમલો થયો. ભારે સંઘર્ષ થયો. નેહર મડદાઓથી ઊભરાઈ ગઈ. સેંકડો સ્પેનિશો ગુમ થયા. બચ્યા તે યે ઘાયલ જ હતા. કૉર્ટેસે પોતે નોંધ્યા પ્રમાણે જે ઘોડા બચેલા તેમાંથી કોઈમાં દોડવાની કે જે સૈનિકો બચ્યા તેમાંથી એકેયમાં હથિયાર ઉપાડવાની શક્તિ રહી નહોતી. મૅક્સિકાઓએ એનો પૂરો લાભ લીધો. જે કંઈ બચેલું તે બધું એ ઉઠાવી ગયો. નેહરનાં પાણીમાં ઊતરી ત્યાંથી યે બધું એકઠું કરી લઈ ગયા હતા. છતાં યે કોર્ટેસે હજી સંઘર્ષ છોડ્યો નહોતો. ઓતુમ્બા પાસે ફરી આઝ્તેકોએ એને આંતર્યો. ઘવાયેલા કોર્ટેસે એમના નેતા ઉપર ગોળીબાર કરી તેને માર્યો. અને એમના આ ચાલતા યુદ્ધનો અંત આવ્યો.

મોક્તેઝુમા પછી મૅક્સિકાઓએ કુઆહુતેમોકને ગાદી આપી. એ પચ્ચીસ જ વર્ષનો યુવાન હતો. દેખાવે અને શરીરે એ ઊજળો અને ભદ્ર હતો. સમ્રાટની યુવાન અને સુંદર પુત્રીને પરણ્યો હતો. એણે મૅક્સિકાઓને સ્પેનિયાર્ડો સામે લડી લેવા તૈયાર કર્યા.

ઇ. ૧૫૨૦ના ડિસેમ્બરમાં કોર્ટેસે ટેક્સકોકો કબજે કરેલું. પોતાના નૌકાકાફલાનું મથક એણે ત્યાં બનાવ્યું. લગભગ ૨૦૦૦૦ જેટલા સૈનિકો સાથે ત્લેકલકાલાના શત્રુઓ પર આક્રમણ કરવા ઊપડ્યો. જાન્યુઆરીથી મે દરમિયાન એણે તેનોચ્તિત્લાનને એકલું પાડી દીધું. મૅક્સિકાઓએ વફાદાર નગરો પણ હાથ કર્યાં, અને બીજાને પોતાના મિત્ર બનાવ્યાં. ચાપુલ્તેપેકથી આવતાં મીઠાં પાણીનો પુરવઠો રૂંધી દીધો.

ઇ. ૧૫૨૧ના એપ્રિલમાં યુદ્ધનૌકા ઉપર વિજયધ્વજ ચડાવી તોપોના ધડાકા કરતા તેઓએ ઉજ.ણી કરી. ૮૬ ઘોડેસવાર, ૧૧૮ તીરંદાજ અને બંદૂકબાજ ને તલવારધારી ૭૦૦ સૈનિકો તેની પાસે હતા. કોઝવે ઉપર તેમણે હુમલો કર્યો. એકઠા થયેલા હજારો ઇન્ડિયન મિત્રોને એણે ત્લાકોપાન, કોયોચિત્કાન અને ઇઝ્તાપાલાયા પર હલ્લા કરવાનું કામ એણે ફાળવી આપ્યું હતું. આ આક્રમણનો પ્રબળ સામનો થયો. પરંતુ જ્યારે નૌકાકાફલો આવી ચડ્યો ત્યારે લોકો ગભરાઈ ગયાં. તેઓએ પોતાનાં બાળબચ્ચાંને હોડીઓ દ્વારા નસાડી દીધાં.

જ્યારે સશસ્ત્ર મૅક્સિકાઓ હુમલો લઈ આવ્યા ત્યારે સ્પેનિશ યુદ્ધનૌકાઓએ એમને વેરવિખેર કરી નાખ્યા. સ્પેનિયાર્ડો નગરમાં ઘૂસી જઈ શેરીએ શેરીએ ફરી વળ્યા. મકાનોમાં ભાંગફોડ કરી અને એના ભંગારને નેહરમાં પાથર્યો, જેથી પાછળ આવતા ઘોડેસવારો અને સૈન્યને તેના ઉપર થઈને આવવાની સરળતા થાય અને તેઓ તેનોચ્તિત્લામાં પ્રવેશી શકે.

અઠવાડિયાં પર અઠવાડિયાં વીતતાં ચાલ્યાં. બચાવ કરનારાઓ પણ આથી પરદેશીઓના શસ્ત્રોથી ટેવાતા ગયા. શત્રુઓના ગોળીબારથી બચાવી તેઓને તેની રેન્જની બહાર ગોઠવાઈ જવાની આવડત આવી ગઈ હતી.

બીજી બાજુ એ લાંબા ચાલેલા યુધ્ધકાળમાં મૅક્સિકાઓએ હાથ કરેલા કેદીઓને પોતાના દેવને ભોગ ચડાવી દેતા હતા. આવા મોતના ભયથી કેદીઓ ખૂબ ગભરાઈ કેટલાક તો રડતા, કરગરતા, ઘૂંટણે પડી વિનવતા, પણ મૅક્સિકાઓ તેમને બળજબરીથી વધસ્થાને ખેંચી જતાં. વધ કરાયેલા ઘોડાનાં માથાં ઉપર મારેલા સૈનિકોનાં માથાં સૂર્યની સામે રહે એ રીતે મૅક્સિકાઓ ગોઠવવામાં વ્યસ્ત રહેતા. કોર્ટેસનો પણ આ રીતે બલિ ચડાવવા મૅક્સિકાઓ ઇચ્છતા હતા, પણ બે વાર છટકી ગયો હતો. સારી એવી લડત આપ્યા પછી ત્લાતેબોલ્કોમાં સામનો કરવા મૅક્સિકાઓએ પીછેહઠ કરી.

મૅક્સિકાઓ હવે મરણિયા થયા હતા. હવે આખરી હુમલો કરવા તેઓ ઉત્સુક હોઈ કુઆઉહતેમોકે એક યોદ્ધાને પોતાના પિતા આહુઈત્ઝોત્લનો મૂલ્યવાન પોષાક પહેરાવીને એક હાથમાં હુઈત્ઝિલોપોચ્તિત્લનો પવિત્ર અગ્નિ અને એક પવિત્ર મનાતું શસ્ત્ર આપી શત્રુઓને ગભરાવવા તેમની વચ્ચે ધસી જવા મોકલ્યો, પણ કોઈ ચમત્કાર થયો નહિ. આ સાંભળી મોક્તેઝુમા બોલી ઊઠયો, 'હવે દેવો આપણને છોડી ગયા છે.'

સ્પૅનિશ સૈનિકો આગળ ધસી આવ્યા. મંદિરોમાંથી અગ્નિજવાળાઓ ભભૂકી ઊઠી. કુઆઉહતેમોક હોડી દ્વારા નાસી જવા પ્રવૃત્ત થયો ત્યાં એક શત્રુ સૈનિકે એને આંતર્યો. રાજવી એને શરણે આવ્યો અને ધ્રુસકે ધ્રુસકે રડતાં રડતાં એણે પોતાનો વધ કરી નાખવા માગણી કરી. એની સાથે લઈ આવવામાં બીજા ઉમરાવો પણ રડી રહ્યા. તા. ૧૩ ઑગસ્ટનો આ દિવસ હતો. આ સંઘર્ષમાં કોર્ટેસ માંદો પડી ગયો હતો.

લગભગ ૭૫ દિવસ ચાલેલી લડાઈમાં બંને નગરો વેરાન થઈ ગયાં હતાં. કોર્ટેસે એ શહેર છોડી જવાનો પોતાના માણસોને હુકમ કર્યો.

મૅક્સિકાઓ એક સો વર્ષ બીજી સત્તાની નીચે રહ્યા હતા. કોર્ટેસે એમના બલિષ્ઠ સામ્રાજ્ય ઉપર વિજય મેળવ્યો હતો. તે પોતાના સમ્રાટને આધિન કર્યું. આઝ્તેકોનો છેલ્લો રાજવી એનો કેદી રહેલો. એ કુઆઉહતેમોકને યુકાતીન પર વિજય મેળવવા એ પોતાની સાથે લઈ ગયેલો, જે એના સામ્રાજ્યથી ઘણું દૂર હતું. કોર્ટેસે કુઆઉહતેમોકને રાજદ્રોહી ગણ્યો અને એક વિશાળ વૃક્ષ ઉપર એને ફાંસી આપી.

મૅક્સિકાઓ ઉર્ફે આઝ્તેકોનો તેજસ્વી યુગ સદાને માટે આથમી ગયો. (સંપૂર્ણ)

ભાઈબંધી

— પ્રવીણ પંડ્યા —

પાત્રો :

૧. હસુ : પચ્ચીસ વર્ષનો યુવાન
૨. સુનીલ ૩. મુકેશ (હસુના સમવયસ્ક મિત્રો)
૪. રશ્મિ ૫. અરુણા (સુનીલ મુકેશની પત્નીઓ)
૬. માધવી - કાર્યકર યુવતી
૭. લક્ષ્મી - પડોશણ (ફક્ત અવાજ)

દશ્યબંધ

(નાટકનાં પ્રથમ ત્રણ દશ્યો સુનીલના દીવાનખંડમાં ભજવાય છે. ચોથું દશ્ય ઝૂંપડીનું ફળિયું છે.)

દશ્ય-૧

સ્થળ : દીવાનખંડ
પાત્રો : સુનીલ, રશ્મિ, હસુ
સમય : સાંજ

સુનીલ : જો રશ્મિ, એવા લાગણીશીલ ન બનાય, છેવટે આપણેય ઘર લઈને બેઠાં છીએ. આમ ક્યાં સુધી હું હસુને પૈસાની મદદ કરી શકું?

રશ્મિ : એ તો કરવી પડે, હસુભાઈ તમારા મિત્ર છે અને હવે મારા ભાઈ બન્યા છે એટલે તમે સંબંધ ઓછા કરવા માંગો છો.

સુનીલ : લે કર વાત! હસુડો ને હું એકડો ઘૂંટવા સાથે જ ગયેલા, અને ત્યારેય મને લાગેલું કે આની સાથે સંબંધો ઘટાડવા જોઈએ, મારી પેન એ ખાઈ જતો અને મારી બાનો માર હું ખાતો, હવે તારો માર ખાઉં છું. એ હસુડો કરુ કંપની છે કરું કંપની.

રશ્મિ : પણ એમની કંઈક મજબૂરી હોવી જોઈએ, નહીંતર આમ બેચાર મિત્રોને ત્યાં શનિ-રવિ રહેવા જવાનો અને જતી વખતે ભાડા સાથે સો-બસો માંગવાનો શોખ ન થાય.

સુનીલ : હા, અને ભાઈ પાછા આવેય સ્ટાઈલથી, બેબી માટે, ચોકલેટ, આપણા માટે મીઠાઈ અને ગઝલની કસેટ, અને પછી 'લે બેન આ ફલાણી બીજ અને ઢૂંકડી બારસના એકાવન.' ના પડાય જ નહીં.

રશ્મિ : મારો ભાઈ છે તે મને આપેય ખરો.

સુનીલ : પણ જતી વખતે મને સો-બસોની થપાટ મારતો જાય છે એનું શું? મેં શું ગુનો કર્યો છે?

રશ્મિ : તમે એના મિત્ર મટી બનેવી થયા છો.

સુનીલ : એક વાત કહું?

રશ્મિ : કહો.

સુનીલ : કહું?

રશ્મિ : આવું શું કરો છો વળી. કહોને?

સુનીલ : બસ, તારી આ અદા પર જ આ બકરો કુરબાન થયો છે, પણ જો મને ખબર હોત ને કે તારી સાથે લગ્ન કર્યાં પછી એ હસુડો મારો સાળો બની જશે તો ખબર છે શું કરત?

રશ્મિ : શું?

સુનીલ : અરે [illegible] બના જાત બાવો!

હસુ : ([illegible]વશ) અરે ભલા મા[illegible] બનવું શું સહેલું છે?

સુનીલ : (સ્વગત) મારા માટે સાવ સરળ! (પ્રગટ) આવ આવ હસુ, આજે શનિવારે કેમ?

હસુ : હા, અને અમદાવાદથી આણંદ ક્યાં દૂર છે? મને થયું કે શનિ-રવિ છે તે જઈ આવું.

રશ્મિ : મને સવારનું થતું હતું કે આજે હસુભાઈ આવશે.

હસુ : (નિઃશ્વાસ) હા, આમે મારું આ દુનિયામાં કોણ છે? ઘણીવાર તો બહુ એકલું એકલું લાગે... થાય કે....

રશ્મિ : તમેય શું હસુભાઈ, અમે નથી?

હસુ : હા બહેન, લે આ પિંકી માટે ચોકલેટ, તારા માટે મીઠાઈ અને સુનીલ -

સુનીલ : બનેવી કહે બનેવી.

હસુ : હા, બનેવી, તારા માટે આ ગઝલની કસેટ, બોલ શું નવાજૂની છે?

સુનીલ : હવે જે થાય તે ખરી. રશ્મિ, ચા તો મૂક.

હસુ : હું એ જ કહેવાનો હતો, આજે મેં સવારથી ચા જ નથી પીધી, થયું કે આણંદ જઈને બહેનના હાથની ચા પીશ.

સુનીલ : (સ્વગત) સાલો અત્યાર સુધીમાં એક ડોલ ભરીને ચા પી ગયો હશે! (રશ્મિ અંદર જાય છે.)

હસુ : તેં કાંઈ કહ્યું?

સુનીલ : ના, બોલ કેમ ચાલે છે તારી લેખનપ્રવૃત્તિ?

હસુ : બસ, સંઘર્ષ કરું છું!

સુનીલ : તને યાદ છે હસુ, આપણે કૉલેજમાં હતા ત્યારે સાથે કવિતા લખતા?

હસુ : હા યાર, તારામાં ગજબ ટેલેન્ટ હતી.

રશ્મિ : (અંદરથી) હું તો હજુયે કહું છું, કાંઈક લખતા હો તો?

સુનીલ : (રશ્મિને) એ.... નોકરી અને કવિતા બેય સાથે ન થાય, તારા આ ભાઈ જેવું થાય.

હસુ : હા, યાર, આજે પણ એવું જ થયું છે. અવનવા વિચારોથી હૃદય તો સમૃદ્ધ છે પણ ખિસ્સું ખાલી છે. સુનીલ, હું જઉં એ પહેલા તું મારા થેલામાં સો-એક રૂપિયા મૂકી દેજે, નહીંતર હું ભૂલી જઈશ. સોમવારે બસમાં બેસીશ ત્યારે યાદ આવશે.

સુનીલ : (પૈસા આપતાં) અરે એમાં શું હતું? વધુ આપું?

હસુ : ના, ભાઈબંધોના પૈસે સંઘર્ષ કરાય, સર્જનાત્મક સંઘર્ષ;

મોજ-શોખ નહીં.

રશ્મિ : (ચા સાથે પ્રવેશ) તમે જોજોને, એક દિવસ હસુભાઈનું આ દુનિયામાં નામ હશે નામ!

સુનીલ : (સ્વગત) પણ મારા ખિસ્સાની દુનિયામાં બેકારીનું જ નામ હશે એનું શું?

હસુ : મનમાં શું બડબડ કરે છે?

સુનીલ : કાંઈ નહીં, બોલ, બીજું શું ચાલે છે? શું ખાવું છે આજ?

હસુ : એટલે શું હું અમદાવાદમાં ભૂખે મરું છું?

રશ્મિ : અમે એવું ક્યાં કહ્યું?

હસુ : તો હવે કહો, ખરેખર! સુનીલ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય તો માણસ પોતાની રોટી શોધવામાં જ કાઢે છે? કેવી હસવા જેવી વાત છે? આટલા બધા પ્રકાશમાં ઝળહળતી આવડી મોટી દુનિયામાં એને બીજું કાંઈ જ દેખાતું નથી; રોટી, માત્ર રોટી.

સુનીલ : ભાઈ, એ તો ઘર માંડને એટલે જ સમજાય? અમે એક કન્યા જોઈ છે, બોલ, કરવાં છે લગ્ન?

હસુ : ફૈઝ અહેમદ 'ફૈઝ' કહીને જ ગયા છે.

'ઔર ભી ગમ હૈ જમાને મેં મહોબ્બત કે સિવા
રાહતેં ઔર ભી હૈ વસ્લ કી રાહત કે સિવા''

દુનિયામાં સુખી કે દુઃખી થવા આ સિવાયના બીજા ઘણાં ધંધા છે.

રશ્મિ : હવે તમે એ કહો ને કે ખાવું છે શું?

હસુ : (વિચારમગ્ન) સાલું, આપણે પણ કેવા સુખી માણસો છીએ, પસંદગી મુજબનું ખાવા મળે છે. ઘણાં લોકો એવાં છે જેમને....

સુનીલ : આના મગજમાં તો કાયમ કાંઈક ને કાંઈક ગડબડ ચાલતી હોય છે, તું એમ કર ઊંધિયું અને પૂરીબનાવ, હું અને હસુડો જલેબી લેતા આવીએ. ચાલ એય હસુડા....

હસુ : જરા રિસ્પેકટથી વાત કર, ખબર છે તું કોની સાથે વાત કરે છે?

સુનીલ : અલ્યા તું મારો સાળો છે ને હું તારો બનેવી!

હસુ : ચલ ચલ હવે, એવી કેવી બનેવી?

સુનીલ : ઊભો રે સાલા....

(બન્ને ભાગાભાગી કરે છે. રશ્મિ હસતી ઊભી છે. ફેડ આઉટ)

દૃશ્ય - ૨

સ્થળ : સુનીલનો દીવાનખંડ
પાત્રો : સુનીલ,રશ્મિ, હસુ
મૂકેશ, અરુણા .

સુનીલ : હંઅઅ, તો મૂકેશ, તું પણ હસુથી કંટાળ્યો છે?

રિશ્મ : તમે બંને તો હસુભાઈની પાછળ જ પડી ગયા છો. કેવો સરસ માણસ છે, કેમ અરુણા? બચારાની 'બેન' 'બેન' કરતાં જીભ સુકાઈ જાય છે.

અરુણા : અને કોઈ પણ ચીજ કે વ્યક્તિનો લગાવ નહીં.

મૂકેશ : તે હોય પણ શેનો? આ દુનિયામાં એને લેણદારો સિવાય કોઈ છે જ નહીં, અને લેણદારો સાથે લગાવ શેનો હોય!

સુનીલ : ઘણી વાર તો બળતરા થાય છે, કહી દેવાનું મન થાય છે કે ક્યાંક ઠરી ઠામ થઈને બેસી જા.

મૂકેશ : મેં અમસ્તું એક વાર કહ્યું કે હસુ, તું હવે સેટલ થવા માટે કાંઈક વિચાર, કાંઈક કર, તો ભાઈનો પિત્તો ગયો. મને કહે કે સેટલ થવું એટલે શું? એક નોકરી, એક ઘર, થોડો સામાન, એક પત્ની, શું માણસની દુનિયા આટલી સાંકડી હોય? અને જીવવાનું શેના માટે? ફક્ત પૈસા માટે? મૂકેશ હું પૈસાથી ઉપરની કોઈ ચીજની શોધમાં છું. સુનીલ, મને તો એની વાતો જ નથી સમજાતી.

સુનીલ : આમ તો ખૂબ નૉર્મલ છે. પણ જ્યારે બીજા માટે વાત કરતો હોય છે ત્યારે એના ચહેરા પર આગ ધસી આવે છે. એની આંખોમાં, શ્વાસમાં તણખા ઝરતા હોય છે! પહેલાં તો મને હતું કે હોય, કવિતાનો શોખ છે. એક દિવસ વાતવાતમાં કહ્યું તો ગુસ્સે થયો, કહે કે કવિતા એ કાંઈ શોખની વસ્તુ નથી. કલાનો કાંઈ શોખ ન હોય, શોખ તો પાન-બીડી, કે હિલસ્ટેશન પર ફરવાનો હોય!

રશ્મિ : ગમે તેમ પણ એમને પીઠબળ આપવું એ આપણી ફરજ છે.

સુનીલ : પણ પીઠ રહે તો પીઠબળ આપું ને? મૂકલા, આ હસુડો આપણને બેયને ગિરનાર ભેગા કરશે.

મૂકેશ : આજે શુક્રવાર ને! ગયા શનિ-રવિમાં એ મારી પાસેથી પચાસ લઈ ગયો છે.

સુનીલ : તો હમણાં ચાલીસનાં મીઠાઈ અને પુસ્તકો અહીં આવશે!

અરુણા : એટલે બચ્ચારા હસુભાઈ અમદાવાદ જેવા શહેરમાં ફક્ત દસ રૂપિયામાં અઠવાડિયું કાઢે છે?

મૂકેશ : દસમાં નહીં, મફત!

રશ્મિ : મફત!

સુનીલ : હા, જો અહીં આવવાના પાંચ, ચાલીસની આપણી સરભરા અને હજુ પાંચ એના ખિસ્સામાં હશે!

અરુણા : કેમ?

સુનીલ : હું અહીં ન મળું તો બાજુવાળાની ચા પી પાછા અમદાવાદ જવાના!

મૂકેશ : એટલે કે અમદાવાદમાં ખર્ચવિહીન રહેઠાણ - વ્યવસ્થા!

સુનીલ : હા, હસુભાઈને મિત્રો ઘણાં ને, એ કાયમ કહેતો હોય છે...

હસુ : (અવાજ) લક્ષ્મીબહેન, મને જિંદગીમાં ભાઈબંધો બહુ સારા મળ્યા!

લક્ષ્મી : (અવાજ) સુનીલભાઈની બેબી સવારની કહેતી હતી

કે આજે હસુમામા આવશે!

હસુ : (અવાજ) હું ય શુક્રવારની રાહ જોતો હતો.

સુનીલ : (મોટેથી) અમેય તારી રાહ જોતા હતા! (ધીમે) મૂકેશ, અરુણા તમે બેટા સંતાઈ જાવ, જુઓ નાટક.

(બંને સંતાય છે અને હસુનો પ્રવેશ)

હસુ : (પ્રવેશ) ક્યાં ગઈ મારી દીકરી?

રશ્મિ : બહાર રમવા, સવારની હસુમામા હસુમામા કરતી હતી.

હસુ : કેમ સુનીલ?

સુનીલ : બનેવી કહે બનેવી!

હસુ : ચલચલ હવે એવી કેવી બનેવી! લે આ તારા માટે એક ફ્રેન્ચ નવલકથા લાવ્યો છું. લે વાંચ.

સુનીલ : કેમ? પછી તું એમાંથી આપણા કયા કયા લેખકોએ પ્રેરણા લીધી એ કહેવાનો છું? રશ્મિ, હવે ચા બનાવ નહીંતર આધાશીશી ચડશે!

હસુ : બહુ ચા સારી નહિ સુનીલ. રશ્મિ, આજે મેં અમદાવાદની ચા નથી પીધી. સવારનો એમ ને એમ છું!

સુનીલ : હા, તને થયું હશે કે અહીં આવીને રશ્મિના હાથની જ ચા પીવી કેમ?

હસુ : વાહ! તું તો મહાન ભવિષ્યવેત્તાની જેમ મારા અંદરના શબ્દો વાંચી લે છે!

(અંદર સંતાયેલાં અરુણા-મૂકેશમાંથી એકને છીંક આવે છે.)

હસુ : મૂકેશ, અરુણા, હું તમારે ત્યાં નડિયાદ થઈને આવ્યો છું. તાળું જોયું એટલે મને થયું કે તમે બંને અહીં જ હશો?

(બંને બહાર આવે છે.)

અરુણા : રાખો હવે, ખોટું ન બોલો!

હસુ : એવું તે કાંઈ હોય? મારે તો બધીયે બહેન સરખી. ખાતરી કરાવું? (થેલામાંથી પૅકેટ કાઢતાં) જો આ મીઠાઈ, અને આ ફ્રેન્ચ નૉવેલની બીજી કૉપી! છે ને બધુંય ડબલ સેટમાં?

મૂકેશ : એટલે અમારા બે ઘરના ડબલ સેટ ઉપર તારું કૉમેડિ નાટક ભજવાય છે, કેમ?

હસુ : તમે જેને કૉમેડિ કહો છો એ કદાચ મારી ટ્રેજેડિ છે. તમારે બધાંયે મને ઉઘાડો કરવો હતો ને?.....

સુનીલ : હસુ, એવી કોઈ વાત નથી. અમે તો મજાક......

હસુ : મને ખબર છે. મારા સ્મિત પાછળ છુપાયેલાં આંસુ તમે ક્યાં નથી જોયાં? સમય માણસને ઘડતો હોય છે. સત્તરનો હતો અને બાપા મરી ગયા. પાંચે ભાઈ-બહેનમાં નાનો હું જ. કુમળા છોડને ધરતીની બહુ માયા હોય. વડની જેમ ધરતીની છાતીમાં વડવાઈ ખોસીને સમૃદ્ધ બનવાના અભરખા એને ન હોય.

રશ્મિ : હસુભાઈ, તમે એકલા થોડા છો?

હસુ : હા, આમ આખ્ખી દુનિયામાં છું, પણ મારી દુનિયામાં છે યાતનાઓનો મેળો, બાના માથે થતું મુંડન તો એ ઉંમરેય લડીને અટકાવ્યું. હજુ તો બાની આંખમાં આંસુય સુકાયાં ન્હોતાં ત્યાં મોટાભાઈએ બા સામે વારસાના કાગળ ફેંકી કહ્યું, 'આમાં અંગૂઠો માર.' મને થયું કે બા ઉપર આવો માલિકીહક તો બાપુએય નહોતો ભોગવ્યો. એ જ બા પાંચ વર્ષ પછી ગરીબ સ્થિતિમાં હૉસ્પિટલને બીછાને હતી. બ્રેઈન હેમરેજ અને પૅરાલિસિસ એની જિંદગીના બારણે ઊભાં હતાં. હું ડૉક્ટરના બિલની ચિંતામાં હતો. સગા મોટા ભાઈએ કહેવડાવ્યું કે અમારે ત્યાં ગાય વિયાય એવું છે એટલે અમે નહીં આવી શકીએ. ગાય, હા, વિયાયેલી ગાય દૂધ આપે ને! પણ અંગૂઠો મારીને વસૂકી ગયેલી ગરીબીની ગાય શું આપે? દુનિયાની કડવી સચ્ચાઈ હસીને પી ગયો છું ને એટલે જ મારું નામ હસુ છે.

સુનીલ : હસુ, તું એકલો ક્યાં છે?

મૂકેશ : શું અમે તને કુટુંબના સભ્ય જેવો નથી ગણતા?

રશ્મિ : તમે એકાદ માસ ન દેખાવ તો શું અમને ચિંતા નથી થતી?

સુનીલ : અમદાવાદ જતા-આવતા માણસો સાથે અમે તારા સમાચાર નથી મંગાવતા? હસુ, આવું ઓછું લવાય?

હસુ : હું ક્યાં ઓછું લાવું છું? સુનીલ, મૂકેશ, હવે તો મને આ જિંદગીનો બહુ થાક લાગે છે. મને લાગે છે કે આયખું ઓછું પડશે અને આદરેલું અધૂરું.....

અરુણા : અરે એમ કાંઈ હિંમત હરાય? જોજો ને એક દિવસ તમારી બધી મનોકામના પૂરી થશે.

હસુ : પણ તમે બધા મારા માટે કેટલા હેરાન થાવ છો?

સુનીલ : અરે એમાં શું હતું? તારા સંઘર્ષમાં મદદરૂપ થવું એ અમારી ફરજ છે.

હસુ : એટલે જ મેં નક્કી કર્યું છે કે આવતા મહિને એક સ્કૂટર લઈ લેવું! પાંચેક હજારનો વેત તો મેં કરી લીધો છે. મને લાગે છે કે બાકીના પાંચેક હજાર તમે બંને મળીને આપી શકશો?

સુનીલ : (સ્વગત) સાલાએ મારીને પાંચ હજારની થપાટ?

હસુ : તેં કાંઈ કહ્યું, સનીલ?

સુનીલ : અરે એમાં શું હતું? કેમ મૂકલા?

મૂકેશ : હા, મારી પાસે બે હજાર છે, સુનીલ, તું ત્રણ આપ.

રશ્મિ : તમે ત્રણ - પાંચ પછી કરજો. પહેલાં એ કહો કે શું ખાવું છે. એટલે હું ને અરુણા રસોડામાં જઈએ. બોલો, હસુભાઈ?

હસુ : પુરી-શાક બનાવી કાઢ, અને સાંભળ, બટેટા અહીં મોકલી આપ, આ સુનીલ અને મૂકેશ સુધારી આપશે.

સુનીલ : એટલે તું અમારી પાસે બટેટા સુધરાવીશ?

હસુ : સાળાની સરભરા કરવી એ બનેવીની ફરજ છે!

મૂકેશ : સુન્યાં, પકડ આ સાળાને થોડો ઠમઠોરીએ! ઊભો રહે....

(હસુ, સુનીલ અને મૂકેશની ધમાચકડી સાથે સ્ટેજ ઉપર ફેડ-આઉટ)

દૃશ્ય-૩

સ્થળ : સુનીલનો દીવાનખંડ

પાત્રો : સુનીલ, રશ્મિ

સમય : સવાર

(તખ્તા ઉપર પ્રકાશ પથરાય છે ત્યારે સુનીલ છાપું વાંચતો હોય છે. પોસ્ટમૅનની બૂમ. પછી પત્ર લઈ પાછો ફરે છે.)

રશ્મિ : કોનો, મારા પપ્પાનો લેટર છે?

સુનીલ : આ પોસ્ટનું આખું તંત્ર તારા પપ્પા માટે જ ચાલતું હશે?

રશ્મિ : ક્યાંથી આવ્યો છે?

સુનીલ : (પત્ર ફોડતાં) એ જ સમજાતું નતી. (વાંચતાં) શ્રીમાન,

નીચે જણાવેલા સ્થળે તા. ૨-૬-૯૦ના રોજ શ્રી હસુભાઈ ને એમનાં કાર્યો વિશે એક કાર્યક્રમ છે તો આપ એમાં અવશ્ય હાજરી આપશો.

સ્થળ : શાંતિનગર ઝૂંપડપટ્ટી
અમદાવાદ

રશ્મિ : એટલે શું હસુભાઈએ આપણને બોલાવ્યા છે?

સુનીલ : ના. નીચે કોઈ માધવીનું નામ છે. હસુભાઈ અને એમનાં કાર્યો વિશે કાર્યક્રમ! અરે હસુડાએ જિંદગી આખી એક જ કામ કર્યું છે. જિંદગી વેડફવાનું!

રશ્મિ : છેલ્લા એક માસથી તો હસુભાઈ દેખાયા જ નથી!

સુનીલ : હસુડાનું બખડજંતર ક્યાં ક્યારેય સમજાતું હોય છે?

રશ્મિ : શું કરીશું?

સુનીલ : ભાઈ, જવું તો પડશે જ! છેવટે તારો ભાઈ છે!

(ફેડ આઉટ)

દૃશ્ય-૪

સ્થળ : ઝૂંપડીનું ફળિયું

પાત્રો : સુનીલ, મકેશ, રશ્મિ, અરુણા
માધવી, લોકો.

(એક દીવા પાસે બધાં અર્ધ વર્તુળાકારે બેઠાં છે. પાછળ પુસ્તકોનો ઘોડો, નકશો, બ્લૅક-બોર્ડ છે.)

માધવી : આ મૂકેશભાઈ અને સુનીલભાઈ હસુભાઈના ખાસ મિત્રો છે. હસુભાઈ કાયમ તમારી ખૂબ જ વાતો કરતા. કહેતા : મારે મિત્રો ખૂબ જ સારા!

સુનીલ : (સ્વગત) કદાચ અમેય કહેતા હોત! પણ હસુડો છે ક્યાં?

માધવી : હસુભાઈ શાંતિનગરમાં દસ વર્ષ પહેલાં આવેલા. અહીંની સ્થિતિ જોઈ એમણે કામ શરૂ કર્યું. અહીંની પાણીથી લઈને વીજળી સુધીની સગવડ માટે સતત દોડધામ કરી. એ કહેતા કે આપણું કામ કોઈ બીજા આવીને કરી જશે એમ માનવાની જરૂર નથી. આ સમાજની પ્રગતિ માનવીય પુરુષાર્થનો પુરાવો છે. અહીં આ જ સ્થળે સાંજ પડ્યે બાળકોને ભણાવવાનું કાર્ય થતું. બપોરે બહેનો માટે શિક્ષણના વર્ગો ચાલતા, આજે, આજે હસુભાઈ આપણી વચ્ચે નથી!

મૂકેશ : (ચોંકીને - ઊભો થતા) એટલે હસુ! સુનીલ, જો ને આ બહેન શું કરી રહ્યાં છે?

માધવી : હા, આજે હસુભાઈ આપણી વચ્ચે નથી, પણ આ વાતાવરણમાં, અહીંનાં બાળકોના હાસ્યમાં, અમારી મુસીબતોમાં હિંમત બનીને હસુભાઈ હજુ પણ જીવી રહ્યા છે. એ કાયમ કહેતા કે માણસ મોટો નથી, સમાજ મહત્ત્વનો છે. વ્યક્તિગત સ્વાર્થ છોડો અને સામૂહિક હિત અપનાવો. મૂકેશભાઈ, સુનીલભાઈ, તમે તો એમના અંગત મિત્રો છો, તમે હસુભાઈ વિશે થોડી વાત કરો.

સુનીલ : (ઊભા થઈને લોકો વચ્ચે ફરતાં) શું કહું? જેમ પથ્થરોને પલાળતી કોઈ નદી વહી જાય અને પથ્થરોને એનો અણસારે ન આવે એમ હસુ તો ચાલ્યો ગયો, ખબરેય ન પડી!

મૂકેશ : અમે એને જાણીએ છીએ, સમજીએ છીએ એના કરતાં એ કાંઈક જુદો જ હતો. પણ અમારી વચ્ચે ઘણો પ્રેમ હતો, એ અમારા જીવનનો એક ભાગ હતો અને આજે ખબર પડી કે એ ભાગ આ હતો.

માધવી : છેલ્લે એમણે દસ હજાર રૂપિયા ભેગા કરેલા, અહીં એક પાકી શાળા બનાવવા. કહેતા હતા કે માધવી, મારાં ઘણાં કામ અધૂરાં રહ્યાં, જિંદગી બહુ ટૂંકી પડી.

સુનીલ : હસુ, તું જ્યારે મળતો ત્યારે એકાદ થપાટ તો જરૂર મારતો. દોસ્ત, તારી આ છેલ્લી થપાટ ઘણી જોરદાર નીકળી, હું મૂળમાંથી સાવ હચમચી ગયો. મારા વ્યક્તિત્વની જમીન મારા પગ તળેથી સરકી ગઈ, હટી ગઈ એકાએક બધી દીવાલો અને દૂરની ક્ષિતિજો વચ્ચે હું ઊભો છું. અને મારામાં તું ઊભો છે - એક નવી સવાર તરફ જવા તત્પર. સાચ્ચે જ હસુ, દુનિયામાં પૈસા સિવાયની અને પૈસાથી ઉપરની કોઈક ચીજ છે અને એ છે માનવીય મૂલ્યો.

મૂકેશ : માધવીબહેન, અમારી શનિ-રવિની રજાઓ કાયમ હસુ સાથે આનંદમાં પસાર થતી. જીવતે જીવ તો અમે હસુને બરાબર ન પામી શક્યા પણ હવે તો અમારે હસુને મળવા અહીં જ આવવાનું ને? હા, હસુ, હવે અમે તારા સુધી આવીશું. તારા અધૂરા કામના રસ્તે, કેમ સુનીલ?

સુનીલ : હા, હસુનાં અધૂરાં કામ પૂરાં કરવા એ આપણી ફરજ છે. એ કાયમ કહેતો કે મારે ભાઈબંધો બહુ સારા, હવે અમારેય ભાઈબંધી તો નિભાવવી ને! દોસ્તો, અહીંથી એક હસુ ગયો છે તો બે હસુ આવ્યા છે; હસુનું સ્થાન ખાલી થોડું રહે? □

ઈતિહાસધારા

અશોક હર્ષ

વિજાપુરના સુલતાને ઇ. ૧૬૫૯માં સેનાપતિ અફઝલખાનને શિવાજીને કોઈ પણ રીતે પકડી લાવવાના હુકમ સાથે મોકલ્યો જેથી પોતે શિવાજીને પોતાના સિંહાસન સાથે સાંકળથી બાંધેલા રાખે. અફઝલખાને સુલતાનના હુકમ મુજબ કૂચ આદરી પ્રતાપગઢ પાસે પડાવ નાખ્યો, અને શિવાજી સાથે વાતચીત કરી તેમને દાવમાં લેવા પંતોજી ગોપીનાથ નામના પોતાના એક બ્રાહ્મણ સરદારને શિવાજી પાસે મોકલી આપ્યો.

શિવાજીએ પંતોજીનું સ્વાગત કરી તેની સાથેની ખાનગી વાતચીતમાં કહ્યું કે, ખુદ માતા ભવાનીએ તેને ગૌબ્રાહ્મણની રક્ષા કરવાનું અને વિધર્મીઓને હાંકી કાઢવાનું પોતાના આશીર્વાદ સાથે જણાવ્યું છે. પંતોજી પોતે એક બ્રાહ્મણ હોઈને તેની પોતાના આ કાર્યમાં સાથ આપવાની ફરજ હોવાનું શિવાજીએ તેને ગળે ઉતાર્યું. અને વિશેષમાં હેવરા નામનું ગામ તેને ઇનામમાં આપવા જણાવ્યું. પંતોજી માની ગયા અને શિવાજીને બદલે અફઝલખાનને દાવમાં લેવાનો પેચ શિવાજીને દર્શાવ્યો. બાદ અફઝલખાનને શિવાજી તેની મુલાકાત માટે તૈયાર હોવાનું જણાવીને શિવાજી પાસે મોકલી આપતાં શિવાજીએ વાઘનખ વડે તેનાં આંતરડાં ચીરી નાખ્યાં.

*

મધ્ય પ્રદેશમાં ચંબલના કિનારે અર્ધચન્દ્રાકારે આવેલા નાહરગઢનો કિલ્લો એક કાળે જેમ તેની સમૃદ્ધિ માટે જાણીતો હતો તેમ તેની રૂપરૂપના અંબાર સમી રાજકુમારી રૂપસદે માટે પણ જાણીતો હતો. તેના રૂપની ખ્યાતિ છેક દિલ્હી સુધી પહોંચતા દિલ્હીના સુલતાન બહિલોલખાં લોદીના સુબેદાર ફતેહજંગ એને પોતાની બેગમ બનાવવા એક અંધારી રીતે ઓચિંતો નાહરગઢ પર ચડી આવ્યો.

ચંબલની રેતીમાં પડાવ નાખી પોતાનો વ્યૂહ સમજાવતાં ફતેહજંગે તેના સૈનિકોને એ સમૃદ્ધ શહેરને લૂંટવાની છૂટ આપતાં કહ્યું, 'નાહરગઢના વિશાળ રાધાકિશનના ભવ્ય મંદિરમાંની મૂર્તિઓ હીરામાણેક ને મોતીથી જડેલી છે. બધું જ તમારું' મારે માત્ર રૂપકમલ જોઈએ.'

નદીની બાજુએ આવેલી ગઢની દીવાલ પર મોટી મોટી સીડીઓ ગોઠવી ફતેહજંગ અને તેનૈ સૈનિકો ઊતરવા માંડ્યા. આની જાણ થતાં રજપૂત યોદ્ધાઓ પણ નાગી તલવારે ધસી આવ્યા. આ ઘમસાણ ચાલુ રહેવા દઈ ફતેહજંગ કેટલાક ચુનંદા સૈનિકો સાથે રાજમહેલ તરફ આગળ વધ્યો.

તેણે જોયું તો રાજમહેલના રક્ષકો સાથે એક નવયુવાન રજપૂત યોદ્ધો નાગી તલવારે તેમનું સામૈયું કરવા તૈયાર હતો. તે સીધો ફતેહજંગ પર કૂદી પડ્યો. અન્ય રક્ષકો ફતેહજંગના સાથી સૈનિકો પર તૂટી પડ્યા.

પેલો નવયુવાન વીર રજપૂત યોદ્ધો ફતેહજંગ સામે લડી રહ્યો હતો ત્યાં રાજમહેલના રક્ષકો ફતેહજંગના સાથી સૈનિકોને પૂરા કરી ફતેહજંગ તરફ વળ્યા, પરંતુ તેમના આવી પહોંચ્યા પહેલાં તો ફતેહજંગની તલવાર એ વીર યોદ્ધા પર ફરી વળી. એની સાથોસાથ જ એ વીર યોદ્ધાની તલવાર પણ ફતેહજંગની ગરદન પર ફરી વળી અને તેનું માથું ધડથી છૂટું પડી નીચે ભોંય પર પટકાયું.

આ વીર યોદ્ધો કોણ ? અન્ય કોઈ નહિ પરંતુ નાહરગઢની રાજકુમારી રૂપકમલ પોતે. ઇ. ૧૪૮૦માં લડાયેલા આ યુદ્ધ પછી નાહરગઢ ધીમે ધીમે ઉજ્જડ થતું જઈને આજે તો પુરાણાં ખંડેરો વચ્ચેનું એક નાનકડું ગામડું જ રહ્યું છે.

*

ઇ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મેરઠથી ઊપડેલા સ્વાતંત્ર્ય સૈનિકોએ દિલ્હી પર ધસારો કર્યો ત્યારે રમઝાન મહિનાના છેલ્લા દિવસો ચાલતા હતા. રોઝા રાખીને ભૂખ્યાતરસ્યા રહેવા છતાં તેમણે અંગ્રેજોને દિલ્હીમાંથી હાંકી કાઢી બહાદુરશાહ ઝફરને હિંદના હાકેમ જાહેર કર્યા.

એ જ અરસામાં ઇદ-ઉલ-ફિત્ર આવી પહોંચતાં તેનું ખાસ જુલુસ કાઢવામાં આવ્યું, દીનદુખિયાંને દાન તથા દરબારીઓને ભેટો ઇનાયત કરવામાં આવી. આ હતી આ દેશની આઝાદીની પહેલી અને છેલ્લી ઇદ. આ પહેલાં અને પછી પણ અનેક ઇદો આવી અને ઉજવાઈ, પણ તેમાંની કોઈ 'આઝાદીની ઇદ'નું બહુમાન મેળવી શકી નથી. બાદશાહ બહાદુરશાહ ઝફરે આઝાદીની આ ઇદ પર એક કત્આ લખ્યો જે આ પ્રમાણે છે :

'લશ્કરે આદા ઇલાહી આજ સારા કત્લ હો,
ગોરખા ગોર સે તાફોજે નસારા કત્લ હો,
આજ કા દિન ઇદ કુર્બાં ભી તબી જાનેંગે હમ,
અય ઝફર, તહે તેગ જબ કાતિલ હમારા કત્લ હો.'

*

ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહે મુબારિઝુલમુલ્કને ઇડરના કિલ્લેદાર તરીકે મોકલી આપતાં ભૂતપૂર્વ કિલ્લેદાર તસરતલમુલ્કે તેનું ભવ્ય સ્વાગત કર્યું. ચૌતરફ ડુંગરાઓથી ઘેરાયેલા ઇડરિયા ગઢ સુધી પહોંચવાના એકમાત્ર મુખ્ય માર્ગ સિવાયના બધા રસ્તા ઉબડખાબડ અને ભુલભુલામણીભર્યા છે કે દુશ્મનદળ માટે સહીસલામત ત્યાં સુધી પહોંચવું લગભગ અશક્ય જ રહે.

મુબારિઝુલમુલ્કે સત્તા હાથ ધર્યા પછી એક દિવસ દરબારમાં કોઈએ મેવાડના સિસોદિયા રાજવી સંગ્રામસિંહ અથવા રાણાસંગનાં વખાણ કરતાં તે બરાડી ઊઠ્યો, 'ચૂપ રહે, હું દુશ્મનના વખાણ સાંભળવા નથી માગતો.' રાણા સંગ સામે તેનો ક્રોધ એટલો તો ભભૂકી ઊઠ્યો કે તેણે એક કૂતરાને રાણા સંગનું નામ આપી બાંધી દીધો અને પેલા દરબારીને કહી દીધું, 'જા, જઈને તારા રાણાને કહે કે તેનામાં તાકાત હોય તો આ કૂતરો છોડાવી જાય.'

રાણા સંગ્રામસિંહને પોતાના આ અપમાનની જાણ થતાં જ તેનો બદલો લેવા તેણે ઈડર પર ચડાઈની તૈયારી કરી. તેની આ તૈયારીની જાણ થતાં જ મુબારિઝ શિયાવિયા થઈ ગયો અને સુલતાન મુઝફ્ફરશાહને મદદ મોકલવા કહેણ મોકલ્યું. પરંતુ મુઝફ્ફરશાહે સ્પષ્ટ જવાબ આપ્યો, 'તમે એક કીર્તિમાન પુરુષ પર થૂંક ઉડાડવાની બેતમીજી દાખવી હોઈને તમને કશી મદદ મોકલી શકાય તેમ નથી. યા તો ઈડર છોડીને ભાગી છૂટો અથવા તો યુદ્ધમાં ખપી જાઓ. યુદ્ધ મારી સામે નથી, તમારી સામે છે.'

જવાબ મળતાં મુબારિઝનું હૈયું સાવ બેસી ગયું અને તેણે અહમદનગર ભાગી છૂટવાની તૈયારી કરવા માંડી. આની જાણ તેની પત્ની અને ઝમાનખાન લોદીની બહેન રઝિયાને થતાં તેણે મુબારિઝને ભાગી છૂટતો અટકાવતાં તે બોલ્યો, 'અહીં આ ઈન મીન તીન સૈનિકો સાથે હું રાણા સામે શી રીતે ટકી શકવાનો ?'

'પણ એથી તમારી થનારી અપકીર્તિનો તમને કંઈ ખ્યાલ આવે છે ? 'રઝિયા ગુસ્સે થતી બોલી, 'આ અપકીર્તિ કરતાં તો મોત હજાર દરજ્જે બહેતર છે. તમારાથી ઈડરની આબરૂ ન સચવાતી હોય તો હું તે સાચવીશ.'

મુબારિઝ એનો કશો જવાબ ન આપતાં રાણા સંગ્રામસિંહની ચાળીસ હજાર રાજપૂતોની સેના સાથેની ચડાઈ પહેલાં જ તે અહમદનગર નાસી છૂટ્યો. વળતે દિવસે તેની બેગમ રઝિયા કિલ્લામાંના માત્ર સો સૈનિકોને લઈને રણમેદાનમાં ઊતરી. રાણા સંગે તેની આ અસામાન્ય હિંમત જોઈ કહેણ મોકલાવ્યું: 'હું જો ઈડર જ જીતવા આવ્યો હોત તો આ તમારી અસાધારણ હિંમત જોઈ લડ્યા વિના જ પાછો ફર્યો હોત. પરંતુ મારે તો મુબારિઝે મારું નામ આપીને બાંધેલા કૂતરાને છોડાવવો છે.'

'એ નહિ બને, ઈડરની આબરૂનો સવાલ છે,' રઝિયાએ જવાબ મોકલી આપતાં તલવારોની તાળીઓ શરૂ થઈ ગઈ. દરમિયાન ઝમાનખાને કૂતરો બાંધેલો એ દિશામાં દોટ મૂકી. તે કૂતરાને ભાલાથી પૂરો કરી નાખવા જતો હતો તે પહેલાં તો રજપૂત સૈનિકોએ તેને જ પૂરો કરી નાખ્યો.

બરાબર એ જ સમયે એક અજાણ્યો સૈનિક ક્યાંકથી ટપકી પડ્યો અને કૂતરાને એક ઝટકે પૂરો કરી નાખ્યો. એ સાથે જ અનેક તલવારો તેના પર તૂટી પડી. યુદ્ધ પૂરું થયા પછી જ જાણ થવા પામી કે એ અજાણ્યો સૈનિક અન્ય કોઈ નહિ પણ મુબારિઝુલમહુકની પતત્ની રઝિયા હતી. □

સ્થિર નદી, સરતાં નીર

આહારગૃહોની સંખ્યા

પ્રીતિ સેનગુપ્તા

બપોરનું ભોજન એક ચીની રેસ્તોરાંમાં. એને રાજસી જ કહેવું પડે. એટલી બધી વાનગીઓ. એક પછી એક મારે માટે પણ સાત-આઠ તો હતી જ. બીજાંઓ માટે તો વળી તેથી પણ વધારે. ચીની પ્રજા રોજ તો શું, પણ વાર-તહેવારે પણ આ રીતનું નહીં ખાતી હોય, પણ સત્તાવારી પ્રસંગો પર આ રસમ અવશ્ય ખરી. ચીની મહાભોજની આ પ્રણાલિથી વાકેફ થઈને જ પ્રવાસીઓ આવતાં હોય છે.

ભારતમાં ચીની આહારની થોડી ટેવ હતી. પણ એ હતાં ભારતીય-ચીની શૈલી ને સ્વાદ. અમેરિકામાં પહેલાં કેટલાંયે વર્ષો સુધી ચીની આહાર ભાવે જ નહીં, કારણ કે એ હતી અમેરિકી-ચીની સ્વાદવાળી વાનગીઓ. અહીં ચીનમાં બધું જ અભૂતપૂર્વ છે. શું શૈલી, શું સ્વાદ, શું વાનગીઓ, શું વૈવિધ્ય. શાકાહારી હોય ત્યાં સુધી ખાઈ લઉં છું. ભવડાવવાની હવે મને ટેવ પડી ગઈ છે. ભારતમાં અને અમેરિકામાં લગભગ બધાં ચીની આહાર-ગૃહોમાં શરૂઆતથી જ એક તાસક - કે રકાબી - આપેલી હોય. વાનગીઓ પણ સાથે જ પિરસાઈ જાય. જ્યારે ચીનમાં દરેક જણ માટે એક એક નાનો વાડકો હોય. વળી, વાનગીઓ વારાફરતી ટેબલ પર આવતી જાય. આજે પહેલી વાર બહાર ખાધું, એટલે આ રીતથી અચંબો થયો. વાડકામાં કઈ રીતે ખવાશે,



ચીનની ગ્રામનારી અને શિશુ

એમ બધાંને વિમાસણ થયેલી.

બે વર્ષ પહેલાં સુદૂર-પૂર્વના પ્રવાસે નીકળી હતી ત્યારે દક્ષિણ કોરિયામાં, બીજા જ દિવસે, ચૉપસ્ટિક્સથી ખાતાં આવડી ગયું હતું. અચાનક જ જાણે! ત્યાંથી પછી જાપાન ગયેલી. ત્યાંનાં મિત્રો ખુશ જરૂર થાય. કે હું પ્રયત્ન કરું છું. પણ હું ડાબોડી, તેથી ડાબા હાથે મને ચૉપસ્ટિક્સ પકડતી ને ખાતી જુએ એટલે માને કે મને આવડતું નથી, ને તરત ચમચી ને કાંટા આપવા માંડે. આવું સાસરે પણ પહેલીવાર થયેલું. ત્યાં બધાંએ માન્યું કે પરદેશ રહું છું, ને હાથથી ખાવાની ટેવ નહીં હોય એટલે ભૂલમાં ડાબા હાથે ખાઉં છું! હસવું આવે એવા ગોટાળા!

અહીં પણ રોજ ચૉપસ્ટિક્સ જ વાપરું છું. બધાંને નથી આવડતું. એમને માટે ચમચી-કાંટા મૂક્યાં હોય છે. વાંસની બે ડાંડીઓને ચૉપસ્ટિક્સ કહે છે. જોકે હવે પ્લાસ્ટિકની વધારે વપરાતી થઈ ગઈ છે. વાંસની તો એક વાર વાપરીને કાઢી નાખવાની, જ્યારે પ્લાસ્ટિકની તો ધોઈને વારંવાર વપરાય. સસ્તી પડે ને વાંસ ઓછા કપાય તો પર્યાવરણને લાભ થાય. એમ બે કારણ તો હશે જ. પેન્સિલ જેટલી જાડાઈ હોય તો મને બહુ જ ફાવે, પણ ક્યારેક એથી પણ જાડી હોય, ને ત્યારે મારી આંગળીઓમાં સહેલાઈથી પકડાય પણ નહીં. ઉપરાંત, વધારે પડતી લાંબી, તેથી ભારે, ને પ્લાસ્ટિકની હોઈ લપસણી હોય ત્યારે તો થઈ જ રહ્યું માનવાનું! બાકી પૂર્વીય લોકો એટલી સરસ રીતે ચૉપસ્ટિક્સ વાપરે કે જોવું ગમે.

ચીનમાં પ્રજાની ખાવાની રીતમાં બહુ સાધારણતા લાગે. રસો કે શોરબા હોય તો વાડકો મોઢે માંડવાનો રિવાજ તો બધે છે. પણ ભાત, શાક, નૂડલ્સ જેવી વાનગીઓ આ લોકો વાડકો એકદમ મોઢા પાસે રાખી, મોઢું નીચું રાખી, ચૉપસ્ટિક્સ વડે ઝટપટ ઝટપટ ખાય. એ જોવું ના ગમે. જો આમિષ ચીજ ખાતા હોય, ને ખવાય નહીં એવા ટુકડા મોઢામાં આવે તો (શેના ટુકડા, તે શબ્દ લખવાનું પણ સારું નથી લાગતું. શબ્દની પણ ચીતરી ચડે છે!) જમીન પર, પગ પાસે, થૂંકી કાઢવાના. કેવી ગંદી ટેવ, પણ એમને માટે બિલકુલ સ્વાભાવિક. ખાઈને બધાં ઊઠી જાય પછી ટેબલની નીચેથી તરત કચરો કાઢી લેવાનો એક નિયમ હોય છે આ બધી રેસ્તોરાંમાં પ્રવાસીઓ માટેની જ નહીં, પણ પ્રજા જ્યાં જતી હોય એવી જગ્યાનો અનુભવ લેવો હોય તો આવી જુગુપ્સાજનક ટેવો પણ સ્વીકારી લેવી પડે.

રવિવારનો દિવસ એટલે ચીની પ્રજા માટે પણ ખરીદી માટેનો, તેમજ હક્કપૂર્વક ફરવા-ચાલવા નીકળી પડવા માટેનો, દિવસ હોય તેમ લાગે છે. રસ્તાઓ ઉપર લોકોની સંખ્યા એટલી બધી કે સ્તંભિત થઈ જઈએ. ગઈ કાલ કરતાં ક્યાંયે વધારે. સાતે દિવસ કામ ચાલુ રહે છે, એમ કહેવામાં આવ્યું હતું. છતાં લાગે છે કે રવિવારે ઘણા વધારે લોકો રજા પર હોય છે. ફરી ફરીને એ જ કહેવાનું મન થાય છે કે આહા, બધે જ કેટલી સ્વચ્છતા છે! આ બાબતનો મારા મન પર બહુ પ્રભાવ પડ્યો છે. કદાચ બીજા એક-બે દિવસમાં આ ઊડીને આંખે વળગતી સ્વચ્છતાથી ટેવાઈ જઈશ, ને પછી નહીં કરું આની આ વાત!

અમારી સાથેની ચીની માર્ગદર્શિકા મિસ શિન્ગ કહે, પુરુષો આટલો બધો ભૂરો રંગ પહેરે છે કારણ કે એ રંગ એમને પસંદ છે. પણ આ કાંઈ મનાય તેવું કારણ લાગે છે? .... એમનાં મોઢાં જોઈ હું નવાઈ પામ્યા કરું છું. સામાન્ય રીતે એમ કહેવાતું હોય છે કે બધાં ચીની ને જાપાનીનાં મોઢાં સરખાં હોય, ને કશો ભેદ પાડી જ ના શકાય. પણ ખરેખર એવું નથી. એટલી બધી જુદી જુદી મુખાકૃતિઓ હતી. બધાં જ મોઢાં તદ્દન સાફ. દાઢી તો કોઈ જ ના રાખે, પણ મુછાળો ચીની પણ ભાગ્યે જ જોવા મળે. ચ્યાંગ કાઈશેક નાની મૂછ રાખતા. એ ૧૯૭૫માં મૃત્યુ પામેલા. એ સિવાય જાણીતા કોઈ ચીની નેતાએ મૂછ રાખી નથી. ચીની મુખાકૃતિ નમણી, કે કુમાશવાળી કહેવાય. મને જોકે જાપાની મુખરેખા તરફ વધારે પક્ષપાત છે! પણ ચીની પ્રજા સાધારણતઃ આરોગ્ય-સ્વસ્થ લાગે છે. એમની ત્વચા સુંવાળી હોય છે. બધાં જ બાળકોનાં ગાલ ગોળગોળ ને ગુલાબી-લાલ હોય છે. નસીબદાર જ ને.

બપોરની ટ્રેનમાં શાંઘાઈ છોડ્યું. બસમાં ફરતાં એના રસ્તાઓ પરનું લોકજીવન ઘણું જોયું. ઘર નાનાં, લોકો બહાર બેઠાં હોય. અટારી પર કપડાં સુકાતાં હોય, કઠેડા પરથી લટકતાં હોય. મારી નજરને તો આમાં ક્યાંથી નવું લાગે? પણ અમારાંમાંનાં કેટલાંક પૂર્વનું જગત પહેલીવાર જોતાં હશે, કારણ કે આવાં દૃશ્ય જોઈને બે-ત્રણ જણ કહે, 'અમેરિકાથી કેટલું જુદું છે આ બધું.!' મને થાય, સારું છે કે જુદું છે. આખી દુનિયા અમેરિકા જેવી શા માટે હોય?

જો કે લગભગ આખી દુનિયાની ચેતના પર અમેરિકાની સમકાલીન યુવા-સંસ્કૃતિની ઊંડી અસર પડતી જ જાય છે, તે સ્પષ્ટ દેખાય જ છેને. થોડાં વર્ષો પહેલાં ન્યૂ યૉર્કના 'બ્રૉડ-વે નાટ્ય-પ્રદેશ'ના એક મંચ પર એક સંગીત-નાટક જોયેલું. એનું નામ હતું 'પૅસિફિક ઑવર્ચર્સ' (Pacific Overtures), એટલે કે 'પૅસિફિક સાથે સંધિ-પ્રસ્તાવ' કે એવી સમજૂતી આપી શકાય. ને પૅસિફિક એટલે પ્રશાંત મહાસાગરમાંના દેશો. અહીં જાપાનની વાત હતી. ૧૮મી સદીમાં એક અમેરિકી વહાણ સૌ પહેલાં જાપાનના યોકોહામા બંદર પર પહોંચ્યું. કપ્તાન ને ખલાસીઓ ત્યાં ઊતર્યા, અમેરિકી થાણું સ્થપાયું, બે દેશો વચ્ચે વેપાર-વણજ શરૂ થયા, અને સામાજિક-સાંસ્કૃતિક આપ-લે થવા માંડી. ધીરે ધીરે ત્યાંના જીવન પર અમેરિકી અસર પડવા માંડી - જાપાનીઓના ખોરાકમાં, વર્તન ને વિચારમાં, તેમજ પોષાકમાં. પુરુષો પાટલૂન પહેરતા થયા. યુવા-પ્રજા તો સંગીત ને નૃત્ય દ્વારા અમેરિકાથી અભિભૂત થઈ ગઈ. નૃત્ય-નાટકનો ઘણો સમય આ દરમિયાન વીત્યો હોય. આપણને એમ જ થાય કે, 'જોયું, અમેરિકાનો કેટલો પ્રભાવ પડ્યો જાપાનમાં, જાણે યુદ્ધ વગર જાપાન જિતાઈ ગયું.' અને આટલે સુધીની વાત સાચી પણ છે.

છતાં, આ તો નાટક હતું - કળાત્મક પ્રસ્તુતીકરણ હતું. એમાં કલ્પનાનું નાવીન્ય ના હોય તે ચાલે? તેથી અચાનક છેલ્લે વાત જુદો જ મરોડ લઈ લે છે. એમાં ભારોભાર કટાક્ષ ને વક્રતા દેખાય છે, પણ એમાં વિનોદ પણ જરૂર છે. અમેરિકા જાપાનને 'જીતી' ગયું એમ ભલે લાગતું હોય, પણ ખરેખર તો જીત જાપાનની થઈ છે, કારણ કે અમેરિકા જ નહીં, પણ દુનિયાભરમાં, જાપાનનાં જ ઇલેક્ટ્રૉનિક યંત્રો - રેડિયો, કૅમેરા, ટેલિવિઝન, મોટર, કમ્પ્યૂટર ઇત્યાદિ - સૌથી વધારે લોકપ્રિય બન્યાં છે, ને સૌથી વધારે વેચાય-વપરાય છે. આ અંત થાય છે નાટકનો. પ્રેક્ષકો આશ્ચર્ય ને આનંદ પામતાં છૂટાં પડે છે.

કયા દેશની કેટલી અસર કોના પર પડી તે બધું ઐતિહાસિક પરિપેક્ષ્યમાં - તેમજ આર્થિક ને ઔદ્યોગિક દૃષ્ટિથી જોવું પડે. આ શાંઘાઈ જ જુઓને. ચીની સામ્યવાદનો અહીં જન્મ થયો, ને ચીનનો 'સાંસ્કૃતિક બળવો' પણ અહીંથી જ શરૂ થયો. પણ આ શહેરનું દર્શન 'કોલોનિયલ' છે. બન્ડ ઉપરના કસ્ટમ્સ હાઉસના લાઉડસ્પીકરમાંથી 'પૂર્વ લાલરંગી છે' જેવાં દેશભક્તિનાં ગીતો રેલાતાં. હવે બંડ પર નવી થયેલી પાશ્ચાત્ય હોટેલોમાં 'પૉપ-મ્યૂઝિક' પ્રચલિત છે.

બંદર ને બારાને કારણે કદાચ શાંઘાઈ ચીનનું સૌથી વધારે પચરંગી શહેર હશે. ચાઈના ઈન્ટરનેશનલ ટ્રાવેલ સર્વિસની શાંઘાઈ શાખાના ચોપાનિયા પ્રમાણે આ શહેરમાં જુદી જુદી ચાલીસ કૉલેજો છે ને ૪,૯૦૦ જેટલી પ્રાથમિક-માધ્યમિક શાળાઓ છે. ૬,૦૦૦ ફેક્ટરીઓ, ૪૬૦ હૉસ્પિટલો ને ૨૪,૦૦૦ દુકાનો છે. આહારગૃહો કેટલાં છે, એ તો કહો! ૩૬ જેટલી ધંધાદારી નાટ્ય-નૃત્ય મંડળીઓ છે, ચાર ફિલ્મ સ્ટૂડિઓ અને ૭૦ સિનેમા ને નાટ્યગૃહો છે. ચીનમાં દર વર્ષે ત્રણસોએક ફિલ્મ બને છે, છતાં ભારતમાં બને છે તેનાથી તો ઓછી! □

॥ કથાસરિત્સાગર ॥

કનુભાઈ જાની

(લં. ૩, ત. ૪, શ્લોક ૧૦૦થી)

વિદૂષકની કથા

એ બધા કોલાહલ કરતા હતા ત્યાં એ મઠમાંથી સૌથી વધુ હિંમતવાળો એક ગુણવાન બ્રાહ્મણ બહાર નીકળ્યો. નામ હતું વિદૂષક. યુવાન હતો. બાહુબળમાં પહોંચતો હતો. એણે તપથી અગ્નિદેવને પ્રસન્ન કરીને એક એવું ઉત્તમ ખડ્ગ મેળવ્યું હતું, જે યાદ કરતાં જ એને આવી મળતું.[૧] એણે જોયું કે આ તો આ ઘોર રાત્રે કોઈ ધીર ભવ્યાકૃતિ રાજા (જેવો) લાગે છે; કે પછી આવા પ્રચ્છન્ન રૂપમાં કોઈ દેવ પણ હોય. પેલા ફાવે તેમ વર્તતા બ્રાહ્મણોને હટાવીને, એ રાજાને પગે પડી, આદર સાથે મઠમાં અંદર લીધા. જરા થાક ઊતર્યો કે દાસીઓએ પ્રવાસે ઊડેલી રજ ધોઈ (પગ પખાળ્યા). એણે પોતે રાજાને યોગ્ય ભોજન પણ બનાવ્યું. પેલા ઉત્તમ અશ્વ પરથી જીન-લગામ ઉતાર્યાં; એને ઘાસ-પાણી નીર્યાં, ને એનોય થાક ઉતાર્યો. થાકેલા રાજા માટે પથારી પાથરી, ને કહે, 'પ્રભો! આપ સુખેથી સૂઓ; હું આપના શરીરનું રક્ષણ કરીશ.' રાજાએ લંબાવી, ને પેલો દ્વિજ, સ્મરતાં જ આવી - મળેલ અગ્નિદીધું ખડ્ગ હાથમાં રાખીને આખી રાત બારણે જાગતો ખડે પગે પહેરો ભરતો ઊભો. સવાર થયું ને રાજા ઊઠ્યો કે એના વગર કહ્યે વિદૂષકે રાજા માટે ઘોડાને (જીન-લગામ વગેરેથી)સજ્જ કરી દીધો. રાજાએ પણ એની વિદાય લઈને[૨] ઘોડાની લગામ સંભાળી, ઉજ્જયિનીમાં પ્રવેશ કર્યો.

દૂરથી એને જોતાં જ લોકો હર્ષાકુલ થઈ ગયાં અને જેવો એ ત્યાં પહોંચ્યો કે ક્ષણભર તો અમૂંઝાતા, પણ આનંદની કિલકારીઓ કરતાં એને વીંટળાઈ વળ્યાં. રાજભવને પહોંચ્યો ત્યાં મંત્રીઓ વીંટળાઈ વળ્યા. તેજસ્વતીદેવીના હૈયાની મહાવ્યથા પણ ટળી. ને શોકને તો ઘરેઘરે ફરફરતી રેશમી ધજાઓના પવનથપાટાઓએ જાણે ઝડીઝાપટીને કાઢ્યો.[૩] સૂર્યની સાથોસાથ છેક સંધ્યા ઊતરી આવી ત્યાં સુધી, નગરજનો પણ ગુલાલગુલાલ થઈ ગયાં ત્યાં સુધી આખો દિવસ, દેવીએ એ ઉત્સવ મનાવરાવ્યો.[૪]

બીજે દિવસે રાજા આદિત્યસેને મઠમાંથી પેલા વિદૂષકને સર્વે બ્રાહ્મણોની સાથે તેડાવ્યો. રાત્રે જે બનેલું તેની જાણ સૌને કરીને, પોતાના ઉપર ઉપકાર કરનાર એ વિદૂષકને હજાર ગામ દીધાં, અને રાજપુરોહિતપદે સ્થાપી, છત્ર અને વાહન[૫] (હસ્તી કે અશ્વ કે પાલખી વગેરે) પણ આપ્યાં. રાજાએ વિપ્ર પ્રત્યે બતાવેલી કૃતજ્ઞતા લોક આશ્ચર્યથી જોઈ રહ્યું. આ રીતે એ વિદૂષક તો પછી સામન્તની કક્ષામાં મુકાઈ ગયો! મોટાને કરેલો ઉપકાર ક્યારેય નકામો જાય ખરો કે?[૬]

પણ એ મહાશયે પણ પોતાના રાજા પાસેથી મળેલાં એ બધાં ગામો સરખે ભાગે પેલા મઠાશ્રિત બ્રાહ્મણોમાં વહેંચી દીધાં! પોતે રાજાના આશ્રિત તરીકે એમની સેવામાં જ રહ્યો અને એ ગામોમાંથી જે આવક થતી તેનો સૌની સાથે રહીને ઉપભોગ કરતો. પણ સમય જતાં ધનથી મદોન્મત્ત થયેલા પેલા બ્રાહ્મણો એકબીજા પર મોટાઈ સ્થાપવાની ચડસાચડસીમાં પડ્યા! પેલા વિદૂષકનો તો કાંકરો જ કાઢી નાંખ્યો. ભિન્ન ભિન્ન જૂથમાં પણ એક જ સ્થાને સાત જણ પડાવ કરે, ને માંહોમાંહેના સંઘર્ષોની સાથોસાથ ગામોને પણ ધમરોળે – દુષ્ટ ગ્રહોની માફક.[૭] વિદૂષક આ ઉચ્છૃંખલ બ્રાહ્મણોથી તદ્દન અળગો રહેતો.

હીનવૃત્તિ પ્રતિ શોભે અવજ્ઞા ધૈર્યવાનને.

એક વાર એમને ઝઘડતા જોઈને, સ્વભાવથી જ આખાબોલો[૮] એવો કોઈ ચક્રધર નામે બ્રાહ્મણ એમની પાસે આવ્યો. પોતે ભલે એક આંખે કાણો હતો છતાં બીજાને ન્યાય આપતી વખતે બધું સ્પષ્ટ જોઈ શકતો. ભલે ખૂંધલો હતો છતાં બોલવે સીધો સટ! એ બ્રાહ્મણે આ લોકોને સંભળાવી દીધું : 'હરામખોરો! તમે તો ભીખમંગા હતા એમાંથી આમ તાલેવંત થયા છો! તમારી અંદરોઅંદરની અસહિષ્ણુતાને કારણે બિચારાં આ ગામડાંનો નાશ કેમ કરો છો? ખરો વાંક તો આ વિદૂષકનો છે. એણે તમારું ધ્યાન જ ન રાખ્યું! જોજો, તમે પાછા થોડા વખતમાં જ, પહેલા હતા તેવા ભીખમંગા થઈને ભટકતા થઈ જવાના, એ નક્કી. સ્વાર્થથી અંદરોઅંદર ખેંચતાણ કરતા નેતાઓના ઝમેલા હોય એ કરતાં તો એવું સ્થાન બહેતર જ્યાં કોઈ નેતા જ ન હોય, વિકાસ કેવળ દૈવાધીન જ હોય! મારું માનો! કોઈ એક સબળ (ધીર) નેતા પસંદ કરો. તમારી સમૃદ્ધિ જળવાઈ રહે એમ ઇચ્છતા હો તો, એ તો એક નેતા હોય તો જ બને.'

આ સાંભળીને તો એ સૌમાંનો પ્રત્યેક જણ પોતાને નેતાગીરી મળે એમ ઇચ્છવા લાગ્યો. એ જોતાં જ એ મૂઢોને ચક્રધરે પાછું સંભળાવ્યું : 'તમે બધા તો માંહોમાંહે લડવામાંથી જ ઊંચા નથી આવતા! એટલે હું તમારી પાસે એક શરત[૯] મૂકું : આ બાજુમાંના સ્મશાનમાં ત્રણ ચોરોને શૂળીએ દીધા છે. તમારામાંથી જે કોઈ રાત્રે જઈને એ ત્રણેનાં નાક કાપીને અહીં લઈ આવવા જેટલી હિંમત બતાવે એ તમારો નેતા. કારણ કે વીર હોય તે જ નેતાગીરીને લાયક ગણાય.' એ બ્રાહ્મણોને ચક્રધરે આમ કહ્યું ત્યારે પાસે ઊભેલો વિદૂષક કહે, 'હં! આમ કરો. એમાં શું વાંધો છે?' ત્યારે (પેલા) બ્રાહ્મણો કહે, 'અમે તો, ભઈ, આવું ના કરી શકીએ. જે કરી શકે તે ભલે કરે. શરત અમારે કબૂલ છે.' ત્યારે વિદૂષક કહે, 'તો, ભલે! હું જ એ કામ કરીશ. અરે, રાતે જ એમનાં નાક કાપીને સ્મશાનેથી પાછો લઈ આવું છું!' ત્યારે, આ

કામ તો બહુ કપરું જ છે એમ માનીને પેલા મૂર્ખાઓ એને કહે, 'એમ કર તો, તું અમારો સ્વામી! બસ? અમે વચને બંધાયા.' આમ વચન મળ્યું. રાત પડી, એટલે વિપ્રોની રજા લઈને[10] વિદૂષક તો સ્મશાન ભણી ઊપડ્યો.

એના કર્મ જેવા જ ભીષણ સ્મશાનમાં એ પ્રવેશ્યો. હાથમાં પેલું, યાદ કરતાં જ આવી મળ્યું હતું અગ્નિદીધું કૃપાણ. ડાકણોના હોંકારામાં વધારો કરતા હતા ગીધો ને કાગડાના કર્કશ અવાજો, અને ચિતાના ભડકાઓને વળી વધુ ભભકાવતી હતી આગ ઑકતા (ઉલ્કામુખ) રાક્ષસોનાં મુખોમાંથી નીકળતી જ્વાળાઓ! એની વચ્ચે પડેલા એણે જોયા પેલા શૂળએ ચડી ચૂકેલા ત્રણ ચોરો (એમનાં શબો). પોતાનાં નાક કપાવાની બીકે જાણે એ પુરુષોએ મોઢાં ઊંચાં લીધાં હતાં! જેવો એ નજીક પહોંચ્યો કે એ ત્રણેય, વેતાલોએ (એ શબોનો) કબજો લીધો હોવાથી, એના પર મુઠ્ઠીઓથી પ્રહાર કરવા લાગ્યા.[11] પણ આણે તો અડગ રહીને ખડ્ગથી એમનો સામનો કર્યો. વીરના હૃદયે ક્યારેય ભયનું શિક્ષણ લીધું હોતું જ નથી. એટલે વેતાલોનું એ શબો પરનું આધિપત્ય જેવું ગયું કે તરત જ આણે તો ત્રણેયનાં નાક છેદીને, પોતાના કપડાને છેડે બાંધીને, ચલતી પકડી. વિદૂષક જેવો નીકળ્યો કે એણે, એ સ્મશાનમાં, શબની ઉપર બેસીને (મંત્ર-) જપ કરતા એક પરિવ્રાજકને જોયો. એ શું કરે છે તે જોવાનું કુતૂહલ થવાથી એ પરિવ્રાજકની પાછળ સંતાઈને ઊભો. એક ક્ષણમાં તો પરિવ્રાજકની નીચેના શબે મુખમાંથી ફુત્કાર કાઢ્યો, એના મોઢામાંથી જ્વાલાઓ નીકળવા લાગી, નાભિમાંથી સરસવના દાણા! પરિવ્રાજકે ફટ લઈને સરસવ લીધા ને ઊભા થઈને હાથથી એ શબને થપાટ મારી કે એક મોટા વેતાલથી[12] પ્રભાવિત થયેલું એ શબ ખડું થઈ ગયું અને એ પરિવ્રાજક એને ખભે ચડી ગયો કે એને ઉપાડીને (શબે) ઊંચે ગતિ પકડી! તો વિદૂષકે પણ ન દેખાવાય એમ એનો પીછો પકડ્યો. સહેજ દૂર જતાં જ વિદૂષકે જોયું તો એક ખાલીખમ મંદિર હતું. એમાં કાત્યાયનીની (દુર્ગાની) મૂર્તિ હતી; ત્યાં પરિવ્રાજક વેતાલને ખભેથી ઊતર્યો, ગર્ભગૃહમાં પ્રવેશ્યો, વેતાલવાળું શબ પણ નીચે પડ્યું. વિદૂષક પણ ત્યાં પહોંચીને છુપાઈને બધું જોવા લાગ્યો. પરિવ્રાજકે દેવીની વિધિપૂર્વક પૂજા કરી. પછી પ્રાર્થના કરી :

'ત્રૂઠ્યા હો દેવી! તો મારું ઇચ્છેલું વર દો મને;
નહીં તો પ્રાણ અર્પીને રીઝવીશ[13] હું આપને.'

પોતાની તીવ્ર મંત્રસાધનાના કેફમાં મગ્ન થઈ પરિવ્રાજક જ્યારે આવું બોલ્યો ત્યારે ગર્ભગૃહમાંથી જાણે એને વાણી સંભળાણી: 'રાજા આદિત્યસેનની કુંવારી કન્યાને અહીં લાવી, એનો બલિ મને ચઢાવ તો જ તારી મનોકામના પૂરી પડશે.' આ સાંભળીને એ તો બહાર નીકળ્યો. પેલા શબને જેવું ફરીથી હાથથી ફટકાર્યું કે વેતાલ ફુત્કાર કરીને ફરી ખડો થયો. એવો જ પરિવ્રાજક એને ખભે ચડી બેઠો, અને રાજકુંવરીને હરી લાવવા માટે આકાશમાર્ગે ઊપડી ગયો.

આ બધું ચૂપચાપ જોતાં જ વિદૂષક ચિંતામાં પડ્યો: 'મારા જીવતાં એ શું રાજકુંવરીની હત્યા કરશે? હવે તો એ શઠ અહીં પાછો આવે ત્યાં સુધી મારે અહીં જ રહેવું રહ્યું.' એવો વિચાર કરીને વિદૂષક ત્યાં જ સંતાઈ રહ્યો. પરિવ્રાજક ત્યાં પહોંચી, બારી વાટે અન્તઃપુરમાં પ્રવેશી, બધી દિશાઓને તેજે અજવાળતી ચન્દ્રકળાને રાત્રે જેમ રાહુ[14] ગ્રસે તેમ ઘોર નિદ્રામાં પડેલી રાજકુંવરીને ઝડપીને, રાતના ઘોર અંધકારમય આકાશમાં થઈને લઈ આવ્યો. 'ઓ બાપ રે! ઓ... મા...રે!' કરીને રુદન કરતી એ કન્યા સાથે અંતરિક્ષેથી એ દેવમંદિરે ઊતર્યો કે તરત જ વેતાલને બહાર પડતો મૂકીને કન્યારત્નને દેવીના મંદિરના ગર્ભગૃહમાં લઈ આવ્યો અને જેવો એ રાજપુત્રીને હણવા જાય છે કે વિદૂષક તલવાર ઉગામતોક ને સામે ખડો થઈ ગયો. 'અરે પાપી! કોમળ ફૂલને પથરેપથરે પીસી નાંખવા ધારે છે! આવી કુમળી કાયા પર શસ્ત્ર ચલાવવા ઇચ્છે છે?' કહેતાકને એણે થથરી ઊઠેલા પરિવ્રાજકને વાળથી પકડીને ખડ્ગથી એનું માથું ઉડાવી દીધું. પછી ભયથી વ્યાકુળ થઈ ગયેલી અને એનો કાંઈક અણસાર પામી જતાં જ એને જોરથી વળગી પડેલી, રાજપુત્રીને એણે આશ્વાસન આપ્યું. હવે એ વીર ચિંતામાં પડ્યો : 'આ (રાત્રિના) ટાણે આ રાજપુત્રીને અહીંથી તત્કાળ એના અન્તઃપુરમાં (પાછી) લઈ જવી કઈ રીતે?'

'ઓ વિદૂષક! આટલું સાંભળી લે : આ જે પરિવ્રાજકને તેં હણ્યો છે તેને તાબે એક મહાન વેતાલ હતો અને એના હાથમાં હતા સિદ્ધ થયેલા સરસવના દાણા! એથી તો એને આખી પૃથ્વીના રાજા થવાની ને આવી રાજકુંવરીઓ મેળવવાની ઇચ્છાઓ જાગી હતી! અને એમાં ને એમાં જ એ મુર્ખો બધાંમાંથી વંચિત રહ્યો! તેથી, હવે, હે વીર, તું એ સરસવને હાથે ધરી લે. આજ રાત પૂરતી તો તારી ગતિ ગગનમાં થશે.' આવી આકાશવાણી થતાં, એને આનંદ થયો. દેવો પણ ઘણુંખરું આવા (વીરો) પર અનુગ્રહ કરતા હોય છે. પછી તો પેલા પરિવ્રાજકના લૂગડાને છેડે બાંધેલા સરસવ એણે લઈ લીધા, ને બન્ને હાથે રાજકુંવરીને ઊંચકી; અને જેવો એ મંદિરની બહાર જવા નીકળ્યો કે વળી ફરીથી બીજી આકાશવાણી થઈ : 'હે મહાવીર! આ જ મંદિરે તું ફરીથી એક માસને અંતે પાછો આવી પહોંચજે! જો જે એમાં ભૂલ થાય!' સાંભળીને, 'ભલે' એમ કહીને, રાજપુત્રીને લઈને તરત એ દેવમંદિરેથી દેવીની કૃપાથી સીધો આકાશે ઊડ્યો. આકાશેથી સીધો એ કન્યાને એના અન્તઃપુરમાં લઈ આવ્યો. ત્યાં પહોંચીને એને આશ્વાસન આપતાં કહે, 'કાલે સવારે તો હું આમ આકાશે ઊડી શકવાનો નહિ! ને સવારે તો સૌ મને અહીંથી બહાર જતો જુએ! એટલે હવે હું જાઉં છું.' આવું સાંભળતાં જ એ કુંવરી ભયભીત થઈ કહે, 'તું

જતાં જ ભયથી મારો પ્રાણ પણ ચાલ્યો જશે. તેથી હે મહાભાગ! તું ના જા! મને ફરી જીવતદાન આપ! એક વાર હાથ પર લીધેલું બરાબર પૂરું કરવું એવું સજ્જનોનું તો સહજ વ્રત હોય છે.'

ભલો વિદૂષક તો આ સાંભળીને વિચારમાં જ પડી ગયો. '(તો પછી) જે થાય તે! હું નહિ જાઉં. આ (બિચારી) ભયથી પ્રાણ છોડે તો પછી મારી રાજભક્તિનો અર્થ જ શો?' આવો વિચાર કરીને એ રાત્રે એ ત્યાં અન્તઃપુરમાં જ પડ્યો રહ્યો. થાક અને ઉજાગરો હતા એટલે તરત ઊંઘ આવી ગઈ. રાજકુંવરીને તો ભયને કારણે સારી રાત ઊંઘ ન આવી. સવાર થયું તો ય વિદૂષક ઘોરતો હતો; એ જોઈ એના પ્રેમાર્દ્ર માનસને લાગ્યું, 'છો ક્ષણભર બિચારો આરામ કરતો.' ત્યા તો અન્તઃપુરની દાસીઓ પ્રવેશી. એમણે એને જોયો. શંકાભરી એમણે તો રાજા પાસે જઈને એમને જાણ કરી. ખાતરી કરવા રાજાએ વળી એક પ્રતિહારીને મોકલ્યો. એણે આવીને જોયું : વિદૂષક (ઊંઘતો) હતો. જે કાંઈ બન્યું હતું તે બધું રાજકુંવરીને મોઢેથી સાંભળ્યું અને જઈને રાજાને બધું જણાવ્યું. વિદૂષકનું ઊંચું ખમીર રાજા જાણતો હતો. એટલે આ બધું છે શું તે બાબતમાં એ બહુ મૂંઝાયો. પોતાની પુત્રીના અન્તઃપુરેથી વિદૂષકને એણે બોલાવ્યો. સ્નેહાયુક્ત કુંવરીનું મન પણ એની પાછળ-પાછળ ગયું. એ આવ્યો કે રાજાએ એને જે કાંઈ બન્યું હોય તે બધું વિગતે કહેવા જણાવ્યું. વિપ્રે પણ પહેલેથી માંડીને જ બધી વાત કહી. પોતે ચોરોનાં છેદેલાં નાક પણ લૂગડાને છેડે બાંધેલાં હતાં તે કાઢીને બતાવ્યાં. વળી, પેલા ભોંય પર પડેલા હતા તેથી જુદા જ, જે પરિવ્રાજકના હતા તે, સરસવના દાણા પણ બતાવ્યા. આમાંથી સાચું કેટલું છે તે જોવા રાજાએ મઠમાંથી ચક્રધર સહિત બધા બ્રાહ્મણોને બોલાવીને આ બધાનું મૂળ કારણ પૂછયું. રાજાએ જાતે સ્મશાને જઈને જોયું તો ચોરોનાં શબનાં નાક કપાયેલાં હતાં. અધમ પરિવ્રાજકનું ડોકું કપાયેલું હતું. રાજાને હવે પૂરેપૂરી પ્રતીતિ થઈ ગઈ, સંતોષ થયો કે વિદૂષકની વીરતાને કારણે પુત્રીનો જીવ બચ્યો છે. એટલે તરત જ રાજાએ પોતાની દુહિતા વિદૂષકને આપી.[૧૫] ઉદાર જીવ ઉપકાર કરનાર પર ખુશ થાય તો એને શું ન આપે? લક્ષ્મીને[૧૬] કમળ વહાલું; એટલે એ તો રાજકુંવરીના કરકમળે વસેલી જ હતી. એનું પાણિગ્રહણ કરતાં વિદૂષકને એ લક્ષ્મી પ્રાપ્ત થઈ.

રાજવી જેવા માનમરતબા સાથે, આદર થાય એવો યશ મેળવીને, રાજા આદિત્યસેનના મહેલમાં વિદૂષક એની પત્ની સાથે રહેવા લાગ્યો. (શ્લોક ૨૦૫) એમ ને એમ કેટલાક દિવસો ગયા. ત્યારે એક વાર, કોઈ દૈવની પ્રેરેલી હોય એમ, એ રાજપુત્રી રાત્રે વિદૂષકને કહે, "નાથ! તમને યાદ છે, તે રાત્રે પેલા દેવમંદિરમાં 'માસાન્તે તમે અહીં આવજો' એવી દેવવાણી તમને સંભળાઈ હતી તે? તો હવે, આજે જ મહિનો પૂરો થશે. તમે તો ભૂલી ગયા લાગો છો!" પ્રિયાએ યાદ અપાવી એથી વિદૂષક રાજી થયો. 'બહુ સારું કર્યું તેં ત્યાં જવા મને યાદ, અપાવી તે, નહિ તો હું તો સાવ વિસરી જ ગયો 'તો.' એમ કહીને એણે એને, પારિતોષિકરૂપે જાણે, આલિંગન આપ્યું. અને એ સૂઈ ગઈ કે એ અન્તઃપુર છોડીને રાત્રે બહાર નીકળ્યો. ખડ્ગ મેળવી લીધું,ને પૂરી સ્વસ્થતાથી દેવીને મંદિરે પહોંચ્યો. બહારથી જ હાક મારી : 'ઓ! આવી પહોંચ્યો છું હોં, હું વિદૂષક!' અંદરથી જાણે કોઈ બોલતું સંભળાયું : 'અંદર આવ!'

એ અંદર પેઠો. ત્યાં એ દિવ્ય આવાસ જોઈ જ રહ્યો! એમાં દીઠી એક કન્યા, દિવ્ય રૂપ, (ઉત્તમ વસ્ત્રો), છત્રચામર,ને પરિચારિકાઓનો અલૌકિક પરિવેશ![૧૭] સ્વકીય તેજે તમસ્ ટાળતી જાણે ઝગતી રાત! શિવકોપે જે નામશેષ, તે સ્મરને જાણે સચેત કરતી સંજીવન ઔષધિ! 'આ બધું છે શું?!' એવા આશ્ચર્યમાં પડેલા વિદૂષકનો, આનંદથી, સ્નેહથી, પૂરા સંમાનથી, એ સુંદરીએ જાતે આદર-સત્કાર કર્યો. એ બેઠો. એ સુંદરીનો પ્રેમ જોઈને જરા નિરાંત અનુભવી. પછી, એ છે કોણ એ જાણવા ખૂબ ઉત્સુક વિદૂષકને એ સુંદરી પોતે જ કહેવા લાગી :-'હું છું વિદ્યાધરી[૧૮] કન્યા. બહુ ઊંચા કુળની. મારું નામ ભદ્રા. મનચાહે ત્યાં ફરતી; એમાં તે દિવસે મેં તમને જોયા, ને મારું ચિત્ત તમારા ગુણો તરફ આકર્ષાયું. તે દિવસે, જાણે અદૃષ્ટની હોય તેવી વાણી (હકીકતે) હું જ બોલેલી - તમે ફરી અહીં આવો એ માટે. આજે પણ મેં જ મારી વિદ્યાના સંમોહનથી રાજકુંવરીને પ્રેરી; અને મારી વિદ્યાના પ્રભાવ તળે એ રાજકુંવરીએ તમને પાછી આ કાર્યની યાદ તાજી કરી આપી. તમારે કાજે જ આજે હું અહીં ઉપસ્થિત છું. તમને જ અર્પિત થયેલી છું. ઓ સુંદર યુવક! મારું પાણિગ્રહણ કરો!' એ વિદ્યાધરી ભદ્રાએ આમ કહ્યું એટલે શાલીન વિદૂષક તો સંમત થયો, અને ગાંધર્વવિધિથી એને પરણ્યો. પોતાના પૌરુષથી જે મળ્યા હતા તે દિવ્ય ભોગ ભોગવતો વિદૂષક, પોતાની પ્રિયાના સંગમાં, ત્યાં રોકાઈ ગયો.

આ દરમિયાન રાત પૂરી થતાં પેલી રાજપુત્રી તો જાગી. પતિને ન જોતાં તત્કાળ ફાળ પડી. ઊઠી - લથડતે પગે, હાંફળી ફાંફળી, ચકળવકળ આંખ. આંસુ ચાલ્યાં જાય છે. ભયભરી, જાણે પોતાનો જ કાંઈક વાંકગુનો થયો હોય તેમ કહે : 'મા! એ - મારા પતિ - રાત્રે ક્યાંક ચાલ્યા ગયા છે!' પુત્રી તરફના પ્રેમને કારણે માતા પણ મોટી મૂંઝવણમાં પડી ગઈ. પછી તો રાજાએ પણ તરત જાણ્યું ને ઊઠીને તત્ક્ષણ ત્યાં આવ્યો. એ પણ ખૂબ વ્યાકુળ થઈ ગયો. 'પેલું.... સ્મશાનની બહાર એક મંદિર છે ને? ત્યાં એ ગયો લાગે છે' એમ રાજસુતાએ જણાવ્યું, એટલે રાજા જાતે ત્યાં પહોંચ્યો. પરંતુ ત્યાં તો વિદ્યાધરીની વિદ્યાના પ્રભાવથી બધું તિરોહિત (અદૃષ્ટ) હતું. એટલે, તપાસ કરવા છતાં રાજાને ત્યાં ક્યાંય વિદૂષક ન દેખાયો. રાજા નિરાશ થઈને પાછો આવતાં,

નિરાશ થયેલી રાજકુંવરી પ્રાણત્યાગ કરવા તૈયાર થઈ. ત્યાં કોઈક જ્ઞાનીએ ત્યાં આવીને એને કહ્યું, 'તું કોઈ જ અનિષ્ટની શંકા જરાય ન કર, તારો પતિ (જીવતો) છે જ, દિવ્યભોગોમાં પડેલો છે, થોડા સમયમાં જ પાછો આવી જશે.' આ સાંભળીને, પતિ પાછો આવી જશે એવી ઊંડી આશાનાં મૂળ હૈયે ચંપાયાં તેથી, રાજપુત્રીએ જીવન પાછું ટકાવ્યું. (૨૩૦)

હવે (આ બાજુ) વિદૂષક તો એની પ્રિયા ભદ્રા પાસે રહી પડ્યો છે, એ દરમિયાન ભદ્રાની યોગેશ્વરી નામે કોઈ સખી ત્યાં આવી પહોંચી. આવીને ખાનગીમાં ભદ્રાને કીધું, 'સખી! તું માનવનો સંસર્ગ રાખે છે તેથી વિદ્યાધરો તારા પર ઘણા ક્રોધે ભરાયા છે. એ તને મોટી હાનિ પહોંચાડશે. એટલે, તારે અહીંથી ચાલ્યાં જવું જોઈએ. પૂર્વ સમુદ્રની પેલે પાર એક નગર છે કાર્કોટક નામે. એને પાર કરતાં, એક શીતોદા નામે પવિત્ર નદી આવશે, એને તરીને (સામે તટે) જતાં, એક મોટો પર્વ આવશે, એને તરીને (સામે તટે) જતાં, એક મોટો પર્વત આવશે ઉદયગિરિ.[19] એ સિદ્ધક્ષેત્ર છે. ત્યાં વિદ્યાધરો આક્રમણ ન કરી શકે. એટલે ત્યાં તું હાલ ને હાલ પહોંચી જા. તારા જે પ્રિય માનુષને અહીં છોડીને જાય છે એને ખાતર અડધી થા મા! એને બધું કહીને તું ત્યાં જઈશ તો એ વીર પાછળથી ત્યાં આવી શકશે.' ને વિદૂષક તરફ પ્રેમવશ હતી છતાં, સખીએ ભયવશ કરી મૂકી એટલે, ભદ્રા તો એમ કરવા સંમત થઈ. વિદૂષકને આખી યોજના સમજાવી, પોતાની વીંટી આપીને, પ્હો ફાટે તે પહેલાં જ એ તો અલોપ! ને તત્ક્ષણે જ એ નિર્જન મંદિરમાં[20] વિદૂષક, પહેલાંની જેમ જ, એકાકી પડ્યો હતો! ન મળે મહેલ, ન મળે ભદ્રા! (૨૩૯)

પાદટીપ

૧. ધ્યાનમાત્રથી પ્રભુ કે દેવદૂત કે, અગાઉ વરરુચિવાળી વાતમાં આવ્યું હતું એમ રાક્ષસ, અથવા 'અરેબિયન નાઈટ્સ'માં આવે છે તેમ દીવો/વીંટી ઘસતાં જ કોઈ 'જિન' એમ, એવું કોઈક આવી મળે એવી વાતોનો પાર નથી. પણ વસ્તુઓ - નિર્જીવ ચીજો પણ આવી મળે છે!

૨. પ્રયોગ છે 'તમ્ આમંત્ર્ય,' 'આમંત્રણ' શબ્દ તો યથાતથ ઊતરી આવ્યો, પણ અર્થ આપણે સાવ ફેરવી નાંખ્યો છે એ તરફ ધ્યાન જવું જ જોઈએ. 'આમંત્રણ' એટલે વિદાય લેવી,ને નિમંત્રણ તે 'ઇજન,' 'નોતરું.' જોડણીકોશે પણ આ વિપરીતાર્થ પર મહોર મારી છે! બેધ્યાનપણે એમ થયું હશે? કે 'વપરાશ છે જ તો હવે સ્વીકારી લો આ અર્થ' એમ બાંધછોડ કરી હશે? આમ કરવા જતાં તો 'આમંત્રણ'ને 'નિમંત્રણ' પર્યાયરૂપ બની જાય! બનવા દો! આપણી ભાષા પ્રત્યે આપણે ક્યારે કેટલાક જાગરુક બન્યા કે રહ્યા છીએ? નહિ તો ગાંધીપ્રેર્યો કોશ ('જોડણીકોશ') પાંચેક દાયકા સુધી સુધાર્યા વિના પડી રહે ખરો? કોને પડી છે ગુજરાતીની?

૩. અહીં 'ઉત્સારિતા ઈવ' ક્રિયાપદ ને કલ્પના વાંચતાં જ, યાદ આવે છે છઠ્ઠી-સાતમી સદીનો બાણ : '.... સમુત્સાર્યમાણે તારાગણે' - પ્રભાતે કૂણા-સીધા કિરણોનો સાવરણો લઈ ગગનનું આંગણું વાળતો બાલરવિ! સોમદેવ પણ કેવો વિદગ્ધ છે! બાણની સ્પષ્ટ અસર અનેક સ્થળે કળાશે. સંસ્કૃત ગદ્યને કેટલી દીર્ઘ પરંપરા મળી! એને કવિઓ કેવી સંમાર્જતા રહ્યા! 'હૃદયવસતિ પંચબાણસ્તુ બાણઃ' આપણે બધા - આજની ઉત્તરભારતીય ભાષાઓવાળા બધા કેવા નસીબદાર છીએ! કેટલી સમૃદ્ધ ને અતૂટ સુદીર્ઘ પરંપરા! ભાષા વપરાશે જ ઊજળી બને. સંસ્કૃત-પ્રાકૃત, અપભ્રંશ જૂની ગુજરાતીને આજની ત્રણેયને પામવા-જાળવવા કેમ ન મથીએ?

૪. સંધ્યાએ ખુંદ સૂરજદાદાને લાલમલાલ કરી મૂક્યા તો ગુલાલે રંગાયું લોક. ગુલાલ પ્રજાકીય આનંદોત્સવનું પ્રતીક. 'ગમતાંનો કરીએ ગુલાલ'!

૫. મૂળમાં 'વાહન' એટલું જ છે. ટૉની હાથી આપ્યાનું તો કેદારનાથજી ઘોડો આપ્યાનું જણાવે છે. રાજા બહુ ખુશ થઈને હજાર ગામ જેને આપે એને માત્ર હાથીથી ~ નવાજ્યે સંતોષ થાય? પણ શું શું આપ્યું એ વિગતનો પ્રશ્ન છે. અહીં તો 'વાહન' - એટલું જ જણાવ્યું છે.

૬. 'મોઘા હિ નામ જાયેત મહત્સૂપકૃતિઃ કૃતઃ' એ વાંચતાં જ કાલિદાસની પેલી સુપ્રસિદ્ધ પંક્તિ યાદ આવે છે ને?- 'યાંચા મોઘા વરમધિગુણે નાધમે લુબ્ધકામા.' ('મેઘદૂત')

૭. એક જ સ્થાને સપ્તગ્રહયુતિ અનિષ્ટકારક છે એવી માન્યતા છે.

૮. મૂળમાં છે 'પ્રકૃતિનિષ્ઠુર.'

૯. મૂળમાં શબ્દ છે 'સમય.' એના જુદા જુદા ૧૯ અર્થો આપ્ટેમાં છે. મૉનીએર તો વળી એથીયે વધુ આપે છે.

૧૦. 'આમંત્ર્ય વિપાન' છે. 'આમંત્રણ' શબ્દ છૂટા પડતી વખતે જ વપરાતો. યૌગિક અર્થના આગ્રહીએ તો આજે પણ એ ચોકસાઈ રાખવી ઘટે.

૧૧. શબ પર આધિભૌતિક તત્ત્વોનું આધિપત્ય હોય, ને એ કારણે શબ સ્મશાન કે કબરમાંથી પાછું ઊઠે, એવી માન્યતા ઘણી પ્રજાઓમાં હતી. ખાલ્ડિયા, બેબિલોન, ઇજિપ્તનાં દૃષ્ટાંતો પૅન્ઝર (II 61) આપે છે.

૧૨. વેતાલ : પ્રેતાધિપતિ. શબો પર જેનું આદિપત્ય હોય એવું

પ્રેત. જુઓ માલવિકાગ્નિમિત્ર ૫.૨૩; શિશુપાલવધ ૨૦.૬૦; વેતાલ દ્વારપાલ તરીકે પણ દર્શાવાય છે. શિવના એક ગણનું નામ પણ વેતાલ. હવે તો 'વેતાલ પંચવિંશતિ' કે 'વેતાલપચ્ચિશી'ની વીર વિક્રમ ને વેતાલની વાતો ટી.વી.ને કારણે પણ જાણીતી બની છે. ભારતની આ એક પ્રાચીન ને અત્યંત લોકપ્રિય કથાશ્રેણિ હશે. ક્ષેમેન્દ્ર ('બૃહદ્કથામંજરી') સોમદેવ ('ક.સ.સા.') ઉપરાંત જંભલદત્ત, વલ્લભ અને શિવદાસે આ કથાઓ થોડા ફેરફાર સાથે આપી છે. ભારતની લગભગ બધીયે પ્રાદેશિક ભાષાઓમાં આ છે.

૧૩. મૂળમાં છે 'પ્રીણામિ'- '(તમને) હું રાજી કરું.'

૧૪. રાહુ : કેતુઃ રાહુનો ખ્યાલ સ્પષ્ટ કરવા માટે એને ત્રણ દૃષ્ટિએ જોવો પડે : ખગોળની, જ્યોતિષની અને લોકવિદ્યાની. ખગોળ જોતાં, ફરી ફરી વાંચવું ગમે એવું ડૉ. છોટુભાઈ સુથારનું 'બ્રહ્માંડદર્શન' જોજો. એમાં તો રાહુનું નામેય નથી. (જ્ઞાનગંગોત્રી-૧, ૧૯૬૭, ૭૭-૮૮) એટલે કે આ નામની કોઈ આકાશી હસ્તી જ નથી.

ભારતીય જ્યોતિષશાસ્ત્રમાં રાહુજી ક્યારે-કેમ પેઠા એ તો કોઈ તજ્જ્ઞ બતાવે! પરંતુ ત્યાં પણ રાહુ-કેતુને છાયાગ્રહો જ ગણવામાં આવે છે. ચન્દ્રના ઉત્તર-દક્ષિણના બે સામસામા પડછાયાનાં બિન્દુઓ તે રાહુ-કેતુ.

ગ્રહ કેમ નહિ? એના સ્પષ્ટીકરણ માટે તો 'ગ્રહ' એટલે શું એ બાબતમાં સ્પષ્ટ થઈ જવું પડે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ સૂર્યની ફરતે નિયત માર્ગે/ક્રમે ફરતો એક આકાશીય પદાર્થ (ધૂમકેતુ કે ઉલ્કા સિવાયનો) પરંપરાગત જ્યોતિષશાત્ર પ્રમાણે ગ્રહો તો, સૂર્ય અને રાહુ-કેતુ સહિત, નવઃ સૂર્ય, ચન્દ્ર, બુધ, શુક્ર, મંગળ, ગુરુ, શનિ, રાહુ અને કેતુ. પણ ખગોળ પ્રમાણે રાહુ-કેતુ જેવી કોઈ વસ્તુ જ ન હોવાથી એ બાદ; વળી, સૂર્ય તો મધ્યે રહે છે, એના ફરતા ફરે તે ગ્રહ એમ લેતાં એ પણ બાદ. હવે, સૂર્ય ફરતે ફરતા અત્યંત નાના ને બહુ જ છેટેના પદાર્થોને બાદ કરતાં, સૂર્યના નાના ને બહુ જ છેટેના પદાર્થોને બાદ કરતાં, સૂર્યના ગ્રહો નવઃ (સૂર્યથી વધતા જતા અંતરના ક્રમ અનુસાર) બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યૂરેનસ, નેપ્ચૂન અને પ્લુટો. આપણી પૃથ્વીનો સૂર્ય સાથેનો સંબંધ જોતાં, પૃથ્વી પણ એક ગ્રહ જ છે. પૃથ્વી ફરતે ચન્દ્ર ફરે છે, એટલે એ પૃથ્વીનો ઉપગ્રહ ગણાય. પૃથ્વીની જેમ અન્ય કેટલાક ગ્રહોને પણ એક કે અધિક ઉપગ્રહ છે. અહીં જે ક્રમે સૂર્યના નવ ગ્રહો બતાવ્યા છે તેમાં પહેલા ચાર નાના, પછીના ચાર મોટા, ને પ્લુટો સાવ નાનકોક. આમાં પૃથ્વી જ એવી છે જેને સંકુલ-વિવિધ જીવસૃષ્ટિ છે. મંગળ ને શુક્રમાં પણ જીવનો ઈષત્ સ્પર્શ-તાત્ત્વિક દૃષ્ટિએ - ખરો, પણ નગણ્ય. આપણે એક ગ્રહવાસી છીએ,ને એને ઇંધન પૂરું પાડે છે સૂર્ય; તો ચન્દ્ર સાગર ને હૈયાં બન્ને વલોવી શકે છે. યાદ કરો કાન્તનું 'સાગર અને શશી.'

સૂર્ય અને અન્ય ગ્રહો વચ્ચે મૂળભૂત ભેદો પણ ખ્યાલમાં રાખીએ. સૂર્ય તત્ત્વે કરીને અને ગુણે કરીને અલગ પડી જાય છે. એક તો, ગ્રહોમાં જે મોટામાં મોટો ગુરુ, તેનાથી સૂર્ય હજાર ગણો મોટો. વળી, સમગ્ર સૂર્યમંડળની દ્રવ્યસંપત્તિમાંથી નવ્વાણુ ટકાનો સ્વામી. પૃથ્વી કરતાં ત્રણ લાખ ને ત્રીસ હજાર ગણો ભારે. ને ગરમીની તો શું વાત! ઊકળતા વાયુઓનો ભડભડતો વિરાટ ભઠ્ઠો. એમાંની ગરમી અકલ્પ્યઃ પદાર્થો માત્ર પ્રવાહીરૂપ જ નહિ, વાયુરૂપ; એટલું જ નહિ પદાર્થના પરમાણુઓના નાભિમાં જ સતત વિભાજન, તોડફોડ-ધડાધડ-ઉત્પાત! ચાલુ ને ચાલુ. ત્યાં સતત અણુવિભાજન, અહીં ને અન્ય ગ્રહોમાં પદાર્થના પરમાણુ સ્થાયી. અહીં દ્રવ્યોમાં ભૌતિક-રાસાયણિક પ્રક્રિયાઓ ચાલુ. સૂર્ય હાઈડ્રોજન અને હેલિઅમ જેવા હલકા વાયુઓનો બનેલો છે; જ્યારે ગ્રહો ભારે તેમ જ હલકાં બન્ને તત્ત્વોના બનેલા છે. એટલે 'ગ્રહ' કહીને, અન્ય ગ્રહોની સાથે એક જ લાકડીએ સૂર્યને હાંકી શકાય એમ નથી.

રાહુ-સંદર્ભે ખગોળ-જ્યોતિષ જોયાં, હવે લોકવિદ્યાનો સંદર્ભ લઈએ, લોકમાન્યતા. 'રાહુ' તે ચંદ્ર-સૂર્યને ગળી જવા મથતો રાક્ષસ! ગ્રહણ એને કારણે થાય. ગ્રહણની આકાશીય ઘટનાનો ખ્યાલ નહોતો ત્યારે દુનિયાભરની અનેક જાતિઓમાં ગ્રહણ વિષેનો ફફડાટ હતો, ને ભાતભાતની માન્યતાઓ હતી. ક્યાંક બલિ ચઢાવાતા, ક્યાંક ડબલાં/ઢોલ વગાડાતાં, હોંકારા - પડકારાથી ચન્દ્ર કે સૂર્યને ગ્રસનારને નસાડવાના પ્રયત્નો થતા, જપ થતા, યજ્ઞો થતા. એની સામું તો જોવાય જ નહિ ને એની છાયા હોય ત્યાં સુધી કશું ખવાય-પિવાય નહિ. ખાદ્ય-પેય ઢોળી દેવાનાં. એ માન્યતાઓ વિષે નોંધતાં લંબાણ થાય; પણ એક વાત રસિક છે : ચીનમાં એક કન્ફ્યૂશિયન પ્રશિષ્ટ ગ્રંથ 'ત્સુણ્ ત્સ્યૂ' 'વસન્ત અને પાનખર') નામે છે. એમાં ગ્રહણ માટેનો જે શબ્દ છે તેનો અર્થ થાય છે ગળી જવું. આપણે ત્યાં પણ એવી જ પુરાકથા! અતિપ્રસિદ્ધ. પણ પ્રશ્ન એ થાય કે જ્યાં સમુદ્રમંથનની વાત વિગતે છે તે વિષ્ણુપુરાણમાં આ કથા કેમ નહિ હોય? પદ્મપુરાણ, ભાગવત, મહાભારત વગેરેમાં છે. તો પછી, આ કથાનાં મૂળ શેમાં? વિદુષી બહેન ડૉ. વેન્ડી ડોનિજર બૌદ્ધકથામાં હોવાનું માને છે. (પેન્ગ્વિન-પ્રકાશિત 'હિન્દુ મિથ્સ,' 1976, 274-280) પરંતુ, વેદમાં રાહુનું નામ ભલે નથી, સ્વર્ભાનુ નામે એક દાનવની આવી જ કથા છે.

(ઋ. ૫.૪૦.૫,૬,૮,૯) એ સૂર્યને ગ્રસે છે. 'સ્વર્-ભાનુ'નો અર્થ પણ થાય 'સૂર્યાવરોધ.' આ જ ખ્યાલ રાહુકથાને રૂપે વિકસ્યો હોય એ શક્ય છે. આવી કલ્પના મૅકડોનાલ્ડે કરી છે એમના 'વેદિક માઇથોલૉજિ'માં.

રાહુકથા સહુ જાણે છે : અમૃત મેળવવા દેવો-દાનવોએ મળીને સમુદ્રમંથન કર્યું. સૂર્ય, ચન્દ્ર, શ્રી વગેરે એક પછી એક નીકળતાં ગયાં, આખરે ધન્વન્તરિ પોતે ખભે અમૃતકુંભ સાથે પ્રગટ્યા. ત્યારે દાનવોનું ધ્યાન અન્યત્ર ખેંચવા માટે નારાયણ પોતે મોહિનીરૂપ ધરીને અમૃતકુંભ લઈ દેવોમાં વહેંચવા મંડ્યા. એટલે દાનવોએ રાડ મચાવી, ધાંધલ-ધમાલ કરી મૂકી. એ વખતે વિષ્ણુ વચમાં પડ્યા ને કુંભ લઈને પોતે વહેંચવું શરૂ કર્યું. આરંભ દેવોથી જ કર્યો. એટલે દેવોની હરોળમાં એક દાનવ, વિપ્રચિત્તિ અને સિંહિકાનો પુત્ર રાહુ, દેવનું રૂપ લઈને બેસી ગયેલો. વહેંચતાં - વહેંચતા જેવો એનો વારો આવ્યો ને અમૃત રેડ્યું એના મોંમાં કે સૂર્ય-ચન્દ્રે વિષ્ણુને ચેતવ્યા. એ જ ક્ષણે વિષ્ણુએ સુદર્શનથી એનું મસ્તક છેદ્યું! પણ અમૃત કંઠ સુધી ગયેલું એટલે માથું અમર થઈ ગયું. એને સૂર્યચન્દ્ર પ્રત્યે ત્યારનું વેર, આજ સુધી ચાલુ છે. હજી એને એ ગળે છે, ને પેલા ગળામાંથી પાછા બહાર પડે છે. એમ ગ્રહણ થાય છે.

અમૃતની ચોરીની કથા ભારત-યુરોપીય જાતિ સમસ્તની એક બહુ જૂની કથા છે. એનું એક પ્રાચીનતમ દૃષ્ટાન્ત તે ઇન્દ્રને લગતી આવી એક કથા. પહેલા દેવો અમર નહોતા. દાનવોમાં એક જણ પાસે અમૃત હતું. પરિણામે દેવ-દાનવયુદ્ધોમાં દેવો મરે, જ્યારે દાનવો જેવા હણાય કે પેલો - અમૃતવાળો, શુષ્ણ નામે દૈત્ય દાનવોના શબ પર પોતાના મુખમાંથી હવા છોડે, ને એમને જીવિત કરે! ઇન્દ્રે આ જોયું. એને ખાતરી થઈ કે અમરતાનું ઔષધ આના મુખમાં છે. 'લેવું કઈ રીતે? પહેલાં અમર થવું, પછી લેવું.' એમ વિચારીને એ તો મધપૂડો બનીને શુષ્ણના માર્ગમાં, એની નજરે પડાય એમ, ગોઠવાયો. શુષ્ણે જોયો. ગમ્યો. જમ્યો. કે મહીં પેલો જીવતો! મહીંથી ગરુડનું રૂપ લઈ, અમૃત લઈને રફુચક્કર! ત્યારથી દેવોને અમૃતવાળો એક દેવ મળ્યો, ને ત્યારથી ગરુડ પક્ષીરાજ ગણાયું. આ કથા વેદમાં, 'કાઠકસંહિતા'માં છે.

બીજી એક અમૃત/સંજીવનવિદ્યાની ચોરીની કથા મત્સ્યપુરાણની. બહુ જ જાણીતી. દેવાચાર્ય બૃહસ્પતિના પુત્ર કચને દૈત્યાચાર્ય શુક્રાચાર્ય પાસે સંજીવનવિદ્યા ચોરી લાવવા જ ઇન્દ્ર મોકલે છે. ને સેવા-સૌજન્યથી એ ગુરુને ગુરુપુત્રી દેવયાનીનો લાડકો થઈ પડે છે. દૈત્યો એને બે વાર હણે છે, કકડે કકડા કરી શિયાળવાંને ખવરાવી દે છે તોય, યોગબળે એ જાણીને પ્રેમવશ ગુરુ એને જીવતો કરે છે; એટલે ત્રીજી વાર તો મારી, કચરી, બાળી, ભસ્મ કરી, મદ્યભેળી ભેળવીને ગુરુને જ પાઈ દે - કે એને બહાર કાઢતાં પોતે જ મરે! હવે? યોગબળે ગુરુ જાણે છે પણ કરવું શું? તીવ્રબુદ્ધિ દેવયાની ઉપાય સુઝાડે છે. વિદ્યા દો ને માગી લો કે બહાર આવતાં જ એ વિદ્યાથી તમને જિવાડે. એમ થાય છે.

આવી કથાઓ અન્યત્ર પણ છે. ક્રોનોસ ઝ્યૂસને ગળી જાય છે; શિવજીએ શુક્ર ગળ્યો હતો. એટ્રિયસ તો એનાં જ બાળકોને ગળી ગયો હતો. ને ખૂબ મજાની ઇન્દ્ર-વૃત્રની કથા પણ છે. (અન્યત્ર સ્વતંત્ર રીતે આપી છે.) સોમદેવની વાતોના દરિયામાં નવી વાતોની નદીઓનાં કેટલાંક પાણી પાછાં છોડવાં? પણ રાહુ સાથે એના ધડ જેવા કેતુની ઝડપથી નોંધ લઈ લઈએ. વિષ્ણુધર્મોત્તર પુરાણ-અનુસાર કેતુ તે બ્રહ્મમાનસપુત્રી મૃત્યુનો પુત્ર. એક કાળે પૃથ્વી સર્જનારને મૃત્યુ સર્જવાનું સૂઝ્યું જ નહોતું! એટલે વસતી વધતી જ ચાલી. બ્રહ્માએ ત્યારે મૃત્યુ નામક કન્યાનું નિર્માણ કર્યું. (ગુજરાતીમાં 'મૃત્યુ' નાન્યતર જાતિનો, હિંદીમાં નારી જાતિનો, ને સંસ્કૃતમાં મોટે ભાગે પુલ્લિંગી પણ અહીં છે તેમ ક્યારેક સ્ત્રીલિંગી! 'લિંગં અતન્ત્રમ્' એ જરા જુદા સંદર્ભમાં કહેવાયું છે ગુજરાતી માટે, પણ સમસ્ત સંસ્કૃતકુળની ભાષાએ એક સાથે લેતાં કેવું લાગે છે?) આ કન્યાને મનુષ્યમાત્રના સંહારનું કામ સોપ્યું. એ તો ડઘાઈ ગઈ. જાતે કોમળ, ને કામ કઠોર-નઠોર! એ તો રોવા બેઠી. એની અશ્રુધારામાંથી અનેક રોગો પ્રગટ્યા. એથી મનુષ્યસંહાર આરંભાયો. એથી દુઃખી દુઃખી થયેલી મૃત્યુએ ઘોર તપ કરીને દેવોને રીઝવ્યા, ને વરદાન મેળવ્યું કે 'જા, કોઈનું મૃત્યુ થશે નહિ.' વળી પાછી ઉપાધિ!! છેવટે, સમાધાનરૂપે એક ગ્રહની ઉત્પત્તિ થઈ. તે કેતુ! (મરાઠી 'પ્રાચીન ચરિત્રકોશ')

૧૫. ક્યાં રાજા, ક્યાં વિપ્ર! એ સ્થિતિભેદ ઉપરાંત જ્ઞાતિભેદ. લોકકથા પહેલેથી આવા ભેદોથી પર છે, મુક્ત-વિશાળ દૃષ્ટિવાળી છે આ બાબતમાં.

૧૬. લક્ષ્મી એટલે સૌંદર્ય, સમૃદ્ધિ', શ્રી. વિષ્ણુની ચૈતન્યશક્તિ, પ્રકૃતિ. સમુદ્રમંથન-વખતે હાથમાં કમળ સાથે જ પ્રગટી. બીજી એક કથા મુજબ કમળમાંથી પ્રગટી પણ કમળ સાથે ને સાગર/જળ સાથે અતૂટ જોડાયેલી. માટે કહેવાય ક્ષીરાબ્ધિતનયા. ગ્રીક દેવી વિનસ પણ સાગરનાં ફીણમાંથી જન્મેલી; માટે કહેવાઈ એફ્રોડાઈટ (aphros = foam)

પણ ભારતીય શ્રી અને ગ્રીક સૌંદર્યમૂર્તિ વિનસ વચ્ચે ઘણી અસમાનતાઓ છે. તુલના અપ્રસ્તુત છે. આ તો હાથમાં કમળ લઈને જન્મી. કમળનાં મૂળ માટીમાં, વિકાસ પાણીમાં, પણ રહેવાનું બન્નેથી નિર્લેપ! કમળ એ પવિત્રતા, નિર્મળતા, ઊર્ધ્વમુખતા, પ્રફુલ્લતા, પ્રસન્નતા, માર્દવ, સુગંધ ને સુંદરતાનું પ્રતીક. આ બધાં જ તત્ત્વો શ્રીનાં પણ ખરાં;ને શ્રી હરિની શક્તિ; હરિનો આશ્રય! 'શ્રયતે હરિમ્ ઇતિ શ્રીઃ'.
માનવ સાથે એનો સીધો સંબંધ. પ્રત્યેકને નાભિકમળ, ને એમાં હોય જ આ ચેતના. એ પ્રત્યેકનું કમળ, હૃદયકમળ. 'સુષુમ્ણા સૂર્યરશ્મિઃ', દિવ્ય પ્રભા. વાલ્મીકિકૃત લક્ષ્મીપ્રાગટ્યનો પદ્યાનુવાદ કરતાં, શ્લેગલના વિચારોને પણ વચમાં વણી લઈને (શ્લેગલને ચતુર્ભુજા ખટકી!! સંસ્કૃતિ પણ મન પર કફણ કોચલાં ઊભાં કરી દે છે!) – ગ્રિફિથે લક્ષ્મીપ્રાગટ્યનું હૃદયંગમ ચિત્ર આપ્યું છે

'Queen of the Gods, she leapt to land,
A lotus in her perfect hand,
And fondly of the lotus sprung
To lotus-bearing Vishnu clung.
Her, Gods above and men below
As beauty's Queen and Fortune know.'

૧૭. એક 'પરિચ્છદ' શબ્દમાં સમગ્ર દૈવી-વૈભવી માહોલ સૂચવાય!
૧૮. કેવળ કથાઓમાં જ ઉલ્લિખિત અપ્સરા-કિન્નર જેવી, શિવના ગણોમાં પણ ક્યારેક ગણાવાતી, ચમત્કારિક શક્તિઓવાળી જાતિવિશેષ.
૧૯. આપણી મિથ્સમાં ત્રણ પર્વતો જાણીતાઃ સૂર્ય જ્યાંથી ઊગે છે તે (પૂર્વ દિશાનો) ઉદયાચલ, મધ્યે ઊંચો ને અચળ મેરુ, અને સમુદ્રમંથનનો રવૈયો થયો હતો તે મંદાર. મેરુ : જમ્બુદ્વીપનું મધ્યબિન્દુ, સૌ ગ્રહોનું કેન્દ્રબિન્દુ; કમળની પાંખડીઓની જેમ એની મધ્યેથી ફૂટેલા છે બધા દ્વીપો. સ્વર્ગથી નીકળેલી. ગંગા પડી છે એની મધ્યે, પછી ચારે દિશાઓમાં ફેલાઈ. અરે, ખુદ દિશાઓ ય ચતુર્મુખ બની ને બ્રહ્મા પણ ચતુર્મુખ બન્યા મેરુથી. દેવો, ઋષિઓ, સાધકો, સંતો સૌનું એ મિલનબિન્દુ. માળામાં મણકાનું મિલનબિન્દુ. પણ કહેવાય મેરુ. એ અચળ છે. એટલે જ ગવાયું.

'મેરુ તો ડગે પણ જેનાં મન નો ડગે, પાનબાઈ...'
યોગની પ્રક્રિયામાં પણ મેરુદંડની વાત. સર્વ જ્યાં ચલાયમાન છે ત્યાં, તેની મધ્યે, નાભિરૂપ અચલ તત્ત્વ; 'અચ્યુત.' વિકારરહિત પ્રાણ. અચળતા ને અજરતા એ બ્રહ્મતત્ત્વ, એ મેરુ. પ્રાચીન ભારતીય ભૂગોળ-ખગોળમાં થઈને, દાર્શનિકોથી ભજનિકો સુધી એનો શબ્દાર્થ વિસ્તરતો રહ્યો છે. એ કલ્પનોત્તેજક કલ્પન, આમ, વિસ્તર્યું છે.

૨૦. 'મંદિર' એટલે 'મોટું મકાન,' 'મહેલ.' અહીં આજના 'મંદિર'ના અર્થમાં શબ્દ છે 'દેવગૃહ'.

(ક્રમશઃ)

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૨૫૦ પરથી

કલાવિવેચક શ્રી કાર્લ ખંડાલાવાલા અકબરે ચિત્રકળાના પ્રસ્તુત પાઠ શીખ્યા હોવાનું સ્વીકારતા નથી. અકબર અંગૂઠાછાપ હતો. જંગલી હાથીઓને પકડવામાં રસ ધરાવતો હતો. ઈ.સ. ૧૫૬૪માં અકબરે જંગલી હાથી પકડ્યો. ત્યારબાદ 'હમઝાનામા'ની રોમાંચક કથામાં તેને રસ પડ્યો.

શ્રી કાર્લ ખંડાલાવાલાના મત અનુસાર અકબરની પ્રેરણાથી અને તેના માર્ગદર્શન હેઠળ હમઝાનામા ઈ.સ. ૧૫૬૭થી ૧૫૮૨ના પંદર વર્ષો દરમ્યાન રચાયું.

(- THE ARTS OF ISLAM IN INDIA : MARG VOL XXXV, No. 2, p. 21-27)


(- A COLLECTOR'S DREAM - MARG PUBLICATION, કાર્લ ખંડાલાવાલા, પૃ. ૧૦૫-૧૦૯)

'કુમાર'નો દળદાર સળંગ અંક ૮૦૦ સુપેરે સમૃદ્ધ છે, ગુજરાતી વાઙ્મયના હરેક ચાહકે અવશ્ય વસાવવો ઘટે છે. ધન્યવાદ. - વી. બી. ગણાત્રા (મુંબઈ)

કુમારનો નવો અંક મળતાં એટલો લગાવ થયો કે ગમતા લેખો તરત જ વંચાયા – નટુભાઈ હીરાલાલ ખત્રી સાથે હૃદયથી જોડાયેલ હતા જે બાબત લેખમાં અનુભવી શકાય છે. આ વ્યક્તિ [illegible] પોર્ટ્રેટના ધંધા સાથે જોડાયેલ હતું જેથી લોકો તેમના શક્તિ [illegible] પોર્ટ્રેટને સમજી ન શક્યા. બેન્દ્રેએ પ્રસિદ્ધિ મેળવી જેથી તેમના સામાન્ય સ્કેચને પ્રેમની નજરે જોવાય. પણ કુમારે સારું રસપાન કરાવ્યું. તે જ રીતે પ્રીતિબહેનનો શાંઘાઈ અને હેમંત વાળાનો દક્ષિણનાં મંદિરો વિશેનો લેખ અભ્યાસ કરનારને ખૂબ જ મદદરૂપ થશે. - જયંત પરીખ (વડોદરા)

એપ્રિલ ૧૯૯૫ના અંકમાં 'નેલ્સન મેન્ડેલા' વિશેનો લેખ ઘણો રસપ્રદ લાગ્યો. લેખકે સારો પરિશ્રમ કરી સંશોધનાત્મક વિગતો મેળવીને લેખને વિશ્લેષણાત્મક અને માહિતીપ્રદ બનાવ્યો છે. અભિનંદન. - જેસાભાઈ ચૌધરી (અમદાવાદ)

'કુમાર' મળતાં જ શ્રી કનુભાઈ જાનીનો 'કથાસરિત્સાગર'નો લેખ રસપૂર્વક વાંચી જાઉં છું. તેની પાદટીપો ઘણી ઉપયોગી હોય છે. વિનોદ અધ્વર્યુ (અમદાવાદ)





તિશન વેલેસિયો


(આયુષ્યના સાતમા દાયકામાં પોતે કરેલું પોતાનું પોટ્રેટ)


યુરોપના કલાઇતિહાસમાં ૧૫મી સદીથી ૧૭મી સદી સુધી જીવનનાં તમામ ક્ષેત્રોમાં જે નવો પ્રાણસંચાર થયો અને ગ્રીક તેમજ રોમન સંસ્કૃતિના પ્રશિષ્ટ નમૂનાઓ આદર્શરૂપ બની બહાર તરી આવ્યા એ કાળ પુનરુત્થાનકાળ (રેનેસાં)ના નામથી જાણીતો છે. આ નવજાગૃતિનું કેન્દ્ર ઇટલી હતું અને ત્યાંથી સમસ્ત યુરોપમાં સર્જનાત્મક આવેગ પ્રસરવા પામ્યો હતો. વિશ્વની ઉત્તમ કહી શકાય એવી સિદ્ધિઓના આ કાળમાં જન્મેલો પ્રતિભાસંપન્ન ચિત્રકાર તિશન વેસેલિયો વ્યક્તિચિત્રો, ભિત્તિચિત્રો, પ્રાકૃતિક દૃશ્યો અને ધાર્મિક પ્રસંગોની રજૂઆતમાં સૌથી મોખરે હતો.

એના જન્મનું વર્ષ નિશ્ચિત નથી, પરંતુ ૧૫મી સદીના ઉત્તરાર્ધમાં જન્મેલો આ કલાકાર પોતાની ભૂમિમાં ઊંડો ખૂંપેલો હતો. યુરોપની અનેક રાજસભાઓમાં એની પ્રસિદ્ધિ અને એનો ઘરોબો હોવા છતાં મૂળે એ પર્વતોના પ્રદેશનો જીવ હતો. પોતાની કલામાંથી સંપત્તિ અને પ્રસિદ્ધિને પામેલો. સમ્રાટ ચાર્લ્સ પાંચમાએ એને નાઈટહુડનો ઇલકાબ આપેલો. એના પૂર્વજો કેટલાક વકીલ હતા અને કેટલાક યોદ્ધાઓ હતા. વેનિસ સાથે એમનો વેપારસંબંધ હતો. એના પિતા સ્થાનિક લશ્કરમાં કેપ્ટન હતા અને પછીથી નગરના અનાજ-પુરવઠાખાતામાં નિરીક્ષક હતા. નાનપણમાં મકાનની એક દીવાલ પર ફૂલોનો રસ નિચોવીને તિશને દોરેલા મેડોનાના ચિત્રે પિતાનું ધ્યાન ખેંચ્યું અને સજાગ પિતાએ એને કોઈ ક્લાકાર પાસે વેનિસ મોકલવાનો નિરધાર કર્યો. રેનેસાંકાળમાં ચિત્રકાર બનવું કે શિલ્પી હોવું એનો પરમ મહિમા હતો.

તિશનનો પહેલો ગુરુ સિબેસ્ચ્યનો ઝૂકાતો બીજી હરોળનો ચિત્રકાર. તિશનને ઓછો ઉપયોગી. કદાચ ઝૂકાતોના સૂચનથી જ તિશન ઝૂકાતોને છોડીને પહેલાં જેન્તિલ બેલિનિ અને પછી જોવાની બેલિનિ પાસે પહોંચ્યો. આ પછી તિશન એ સમયના અત્યંત વિવાદાસ્પદ પણ સમર્થ ચિત્રકાર જૉરજોને ઑવ્ કેસલફ્રાન્કોને મળે છે અને તિશનની પ્રતિભાને એની દિશા મળી જાય છે. જૉરજોને મનુષ્યના સત્ત્વને સ્પર્શીને માનવતાવાદનો પુરસ્કાર કરનાર અને માનવશરીરની તાજપને પ્રથમવાર ચિત્રોમાં ઉતારનાર હતો. જૉરજોને માનતો કે કાગળ પર કશું

ઍન્ડ્રોસના ટાપુ પર મદ્યદેવતા બૅક્સનો રંગરાગભર્યો તહેવાર ઉજવતા ઉલ્લાસી અને વિલાસી નરનારીઓનું સુંદર ચિત્રણ (ડાબી બાજુ)
વિનસની ઉપાસના (જમણી બાજુ)





જ દોર્યા વિના રંગોથી જ સીધાં ચિત્રો કરવા જોઈએ અને એ જ કલ્પના સાચા સિદ્ધાંતને અનુરૂપ છે. તિશન જૉરજૉનેની આ શૈલીનો પ્રભાવ ઝીલ્યા વગર રહી ન શક્યો. તિશને, અલબત્ત, જૉરજૉનેની શૈલીમાં બે મહત્ત્વનાં પરિવર્તન આણ્યાં. એક તો, જૉરજૉને ચિત્રોને અસ્પષ્ટ અને દુર્બોધ છોડી દેતો હતો એને સ્થાને તિશને ચિત્રોને સાહિત્યિક નિર્દેશો સાથે સાંકળી વધુ ને વધુ સ્પષ્ટ કર્યાં. બીજું જૉરજૉનેના નિર્વસ્ત્ર નારીદેહો આદર્શીકૃત હતા, તો તિશને નિર્વસ્ત્ર નારીદેહોને જબરદસ્ત માનવીય બનાવ્યા.

'ઈર્ષ્યાળુ પતિ' એ તિશનનું પ્રારંભકાલીન ચિત્ર હોવા છતાં એમાં શારીરિક શક્તિ અને મનોનાટ્ય સારી રીતે પ્રગટ્યાં છે. એમાં ગુસ્સે ભરાયેલો પતિ એની વ્યભિચારી પત્નીનું ખૂન કરી રહ્યો છે. એ જ રીતે 'વિનસની ઉપાસના'માં પ્રેમનો વિષય ઊછળકૂદ કરતા ન્હાનકડા કામદેવોથી ભોંય ભરી દઈને કેટલો જીવંત કર્યો છે! સુપુષ્ટ શારીરિક્તા અહીં નિર્દોષક્રીડા સાથે સંયુક્ત થઈ છે. 'ગામડે ઉજાણી' (જુઓ પૂઠું ત્રીજું) એ જૉરજૉને અને તિશનનું સંયુક્ત સાહસ છે. કહેવાય છે કે જૉરજૉનેએ વિષય પસંદ કર્યો છે અને નારીઓનું ચિત્રણ કર્યું છે, તો તિશને પુરુષોનું અને ઘણાબધા ભૂમિભાગનું ચિત્રણ કરી ચિત્રને પૂરું કર્યું છે.

તિશનની રંગયોજના અને સંરચનામાં જૉરજૉનેની છાયા ચોક્કસ દેખાય છે. પણ તિશનની પોતાની શૈલી પણ વિકસતી જાય છે. તિશનની આકૃતિઓ જૉરજૉનેની આકૃતિઓ કરતાં ખાસ્સી મોટી અને વધુ શક્તિશાળી છે. તિશન છેવટે જૉરજૉનેથી મુક્ત થઈ સ્વતંત્રપણે પોતાની શૈલી ઉપસાવે છે ત્યારે એના રંગો વધુ ગાઢ, એની પીંછીના લસરકા વધુ મૃદુ અને એની માનવ આકૃતિઓ આદર્શીકૃતને બદલે નરી વિલાસપૂર્ણ બન્યાં છે. આદર્શીકૃત સૌન્દર્ય કરતાં પાર્થિવ વાસ્તવને તિશન વધુ ઉપસાવતો રહ્યો છે. ચિત્ર 'ઉર્બિનોની વિનસ' (જુઓ પૂઠું બીજું)માં એણે કૅનવાસ પર સૌથી વધુ પ્રસન્નકર નિર્વસ્ત્ર નારીને મૂકી છે. આ માત્ર તિશનનું અદ્‌ભુત ચિત્ર નથી પણ તિશનની વિશિષ્ટ ચિત્તભૂમિકાનું ઉદાહરણ પણ છે. ઉપર ઉપરથી આ ચિત્ર જૉરજૉનેના ત્રીસ વર્ષ પહેલાં રચાયેલા 'નિદ્રિત સૌન્દર્ય' જેવું લાગે, પરંતુ ભાવસ્થિતિને અનુલક્ષીને બંનેના આલેખનમાં આસમાનજમીનનો ફરક છે. જૉરજૉનેની વિનસ કોઈ સ્વપ્ન-ભોમકાનો જીવ લાગે છે, નરી પરી છે; તો તિશનની વિનસ શય્યાસૂતી કોઈ સંમોહક નારી છે, સંપૂર્ણ માનવીય છે. જૉરજૉનેની વિનસ પ્રકૃતિએ જેવી સર્જી તેવી છે. તિશનની વિનસ વીંટી પહેરે છે, બ્રેસલેટ અને એરિંગ પહેરે છે. પ્રાશ્ચભૂમાં એના પાર્ષદો વસ્ત્રોની પસંદગી કરી રહ્યા છે. આ બધાથી તિશનની વિનસ વધુ વિલાસી અને માંસલ લાગે છે. પણ તિશનના સૌન્દર્ય પાછળ એક શાલીનતા નિહિત છે. શાલીનતાની આ વિભાવના તિશને

(અનુસંધાન પાન ૨૫૮ ઉપર)

ઈર્ષ્યાળુ પતિ



જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

દિવસ ડૂબી ગયો. ઢોર ઘરે પાછાં આવવાં લાગ્યાં. તળાવવાળી ગલી બાજુએથી ધૂળનાં વાદળ દેખાતાં હતાં. રોજની જેમ મામી ગાયોની પ્રતીક્ષામાં બારણે ઊભાં હતાં. કિટ્ટીના મનમાં છુપાયેલો ભય ફરી બેઠો થયો. બપોરે મામાને જે પોલીસવાળા પકડીને લઈ ગયા છે, તે શું કરશે? તેણે સાંભળ્યું હતું કે પોલીસવાળા કેવા પ્રકારની યાતનાઓ આપે છે. એને યાદ કરીને તે ધ્રૂજી જતો હતો. રાતે સીતારામય્યા મામાને લઈ આવશે કે નહીં? ન લાવ્યા તો.....?

ત્યારે જ પૂજાની થાળી લઈને મામી બહાર આવ્યાં. તેની પાછળ પાછળ તેલનો વાટકો લઈને નાગી હતી. કિટ્ટી સમજી ગયો કે મામી મંદિર જઈ રહ્યાં છે. તે પણ સાથે નીકળી પડ્યો. ગલીમાં ઢોરોની વચ્ચેથી રસ્તો કરતાં કરતાં મંદિરના રસ્તે આવતાં સંધ્યાકાળ થઈ ગયો. ખેતરમાં થઈને જતી પગદંડી સાપની જેમ ફેલાયેલી હતી. જ્યાં પણ જુઓ ત્યાં નગ્ન વૃક્ષો. અહીંતહીં એકાદમાં કૂંપળો ફૂટી રહી હતી. બાંધ પર ચડીને અને ઊતરીને સીમ સુધી આવતાં આવતાં અંધારું થઈ ગયું. સીમ સૂની પડી હતી. ક્યાંય પણ કશો અવાજ ન્હોતો. આ સીમથી પેલી સીમ સુધી ચીંચીં કરતાં ઊડતાં પક્ષીઓ, સૂકાં પાંદડાં પર હવાના સ્પર્શથી થતો ધ્વનિ. ન જાણે કેમ કિટ્ટીને ડર લાગવા માંડ્યો. એણે મામીની સામે જોયું. એ માથા પર પાલવ ઓઢીને ચૂપચાપ ચાલતાં હતાં. લાગતું હતું કે એમને કોઈની યે પરવા નથી.

મંદિરની સામે તળાવમાં પગ ધોતી વખતે મામીએ માત્ર એટલું કહ્યું - 'જોઈને જજો.' મંદિરમાં અંધારું થઈ ગયું હતું. મંદિરની દીવાલોની તિરાડમાંથી ક્યાંક ક્યાંક અજવાળું દેખાતું હતું. મામીએ દિવાસળી સળગાવીને દેવતાની સામે દીવો પ્રકટાવ્યો. આખા મંદિરમાં પ્રકાશ ફેલાઈ ગયો. ચામાચીડિયાં પાંખો ફફડાવતાં મંદિરમાં ઊડવા માંડ્યાં. કિટ્ટી ઊભો ઊભો ધ્રૂજી ગયો. એ મામીને વળગી પડ્યો. નાગી એવી રીતે ઊભી હતી કે જાણે એને કોઈ બીક જ નથી. મંદિરની બહાર ફેલાયેલાં દૈત્યાકાર વૃક્ષો પર પક્ષીઓનો અજબ કિલકિલાટ હતો. એણે પાછું વાળીને જોયું. મંદિરની બહાર પણ અંધારું ફેલાઈ ગયું હતું. મામી ક્યાંય સુધી આંખો બંધ કરીને હાથ જોડીને ઊભાં રહ્યાં. તેલના દીવાનો પ્રકાશ બહારથી અંદર ઘૂસવા મથતાં અંધકારને રોકી રહ્યો હતો. મામીની જેમ નાગી પણ આંખો બંધ કરીને હાથ જોડીને ઊભી હતી. તેની આંખમાંથી આંસુ ટપકતાં હતાં. કિટ્ટીને અંદર કશુંક વહેતું લાગ્યું. તેનું માથું ભારે થઈ ગયું.

એણે મામીનો પાલવ ખેંચ્યો અને પૂજાની થાળી ઉપાડીને કહ્યું - 'ચલો.' કિટ્ટીને પોતાને આગળ જવામાં બીક લાગતી હતી. એ મંદિરના દ્વારા સુધી આવ્યો. મામી ચાર પગલાં આગળ આવીને પછી પાછું વળીને, દેવતાની સામે જોયું અને બહાર આવી ગયાં. વૃક્ષોની નીચે અંધારું ઘટ્ટ થઈ ગયું હતું. જમીન પર પાંદડાંના ઢગલા પરથી અવાજ કરતી કોઈ વસ્તુ નીકળી ગઈ. કિટ્ટીની આંખમાં લાલાશ આવી ગઈ. એણે સાંભળ્યું હતું કે સંધ્યાકાળે ચિત્તા બહાર આવી જાય છે. એ મામીને ચીપકીને ચાલવા માંડ્યો. હુણસુલ્લી સીમ પાર કરતાં કરતાં અચાનક ત્રણ-ચાર માણસો એના પર કૂદી પડ્યા. એનો શ્વાસ રોકાઈ અદ્ધર થઈ ગયો. બરાડી પણ ન શક્યો. પરંતુ નાગીથી ચીસ નીકળી ગઈ. એક જણે નાગીના મોં પર હાથ મૂકીને તેને પકડી લીધી. બીજાએ કિટ્ટીના મોંને પણ જોરથી બંધ કરીને એ બન્નેને ધીરેથી ઉપાડીને, આંબાના વૃક્ષ બાજુ લઈ ગયા. મામી બરાડી, ચીસ પાડવા લાગી તો પણ તેમણે એમને ન છોડી. તેના મોંને બંધ કરીને બરાડતા બરાડતા એઓ વૃક્ષની નીચે લઈ ગયા. કિટ્ટીની આંખમાં આક્રોશ ઊભરાયો.

તેને એ બધા રાક્ષસ હોવાની ખાતરી થઈ ગઈ.

તેમણે મામીને સૂકાં પાંદડાંના ઢગલા પર ધ....ડ દઈને પટકી દીધી. (ક્રમશઃ)

એક સુન્દર મૂછ ધરાવતા યુવાનને એક વિદેશીએ કહ્યું : 'તમારી મૂછમાં વાળ સરસ છે. મને થોડા વેચાતા આપો.'

પેલા યુવાને માથાનો વાળ તોડીને કહ્યું, 'લો.'

વિદેશી કહે, 'મેં તો મૂછનો વાળ માગ્યો છે.'

યુવાન કહે, 'અમે શો રૂમમાંથી વાળ નથી આપતા. ગોડાઉનમાંથી આપીએ છીએ.'

અતીતમાં અવગાહન

જીવનની ઝીણીઝીણી બાબતો

માનવ જીવનમાં નીતિમય આચરણનું સહુથી વિશેષ મહત્ત્વ છે. પ્રામાણિકતા વફાદારી, સત્યાનુસરણ, અક્રોધ વગેરે નીતિના મુખ્ય અને આવશ્યક સદ્ગુણો ઉપરથી માણસનું મૂલ્યાંકન થાય છે અને સામજિક સ્વાસ્થ્ય માટે એ ખાસ જરૂરના સદ્ગુણો છે.

પણ તે ઉપરાંત જીવન અંગેની કેટલીક ઝીણી બાબતો છે, જેને સદ્ગુણ તરીકે ખાસ ગણવામાં નથી આવતી, પરંતુ જેનો અભાવ જીવનને કલુષિત અગર દુઃખી કરે છે સમાજમાં અપ્રિયતા અને તિરસ્કાર ઉત્પન્ન કરે છે. આ બાબતો તરફ દુર્લક્ષ થવાને પરિણામે વિવેક, સભ્યતા અને સંસ્કારી રીતભાતમાં મોટી ખામી આવે છે. પશ્ચિમના દેશોમાં જ્યાં નિત્યજીવનવ્યવહાર વ્યવસ્થિત થયેલો છે ત્યાં આ ઝીણી બાબતો ઉપર વિશેષ લક્ષ આપવામાં આવે છે અને તેના અસ્તિત્વ અગર અભાવને ધોરણે માણસનું મૂલ્યાંકન થાય છે.

આપણી દિનચર્યા વિષે વિચાર કરતાં જણાશે કે આપણે દાતણપાણીની ક્રિયા, જે ખરી રીતે સ્નાન જેવી જ ખાનગીમાં કરવાની ક્રિયા છે, તે બેશરમ રીતે અને આસપાસનાંને અરુચિ ઉપજાવે એવી રીતે જાહેરમાં ઘરની બહાર ઓટલા ઉપર કરીએ છીએ. એ કાર્યને અંગે જે જે ક્રિયાઓ થાય છે તે આજુબાજુનાં લોકોને તથા રસ્તે જતાં આવતાંને જુગુપ્સારૂપ અને કંટાળો ઉપજાવે એવી છે. તે ઉપરાંત સ્વચ્છતા અને આરોગ્યની દૃષ્ટિએ પણ એ હાનિકારક છે. એ ક્રિયાને અંગે મોઢામાંથી ગળામાંથી બહાર પડતા સૂક્ષ્મ જંતુઓ એટલા પાસે જ રહે છે અને ઘરનાં માણસોને તેમજ પાડોશીઓને નુકસાન કરે છે.

સ્નાનની ક્રિયા પણ એકાંતમાં બંધ બારણે થવી જોઈએ, પરંતુ આપણામાંના ઘણા ઓટલા ઉપર કે ઘરબહાર મૂકેલા નળ નીચે આ ક્રિયા કરે છે. અસભ્યતાના પ્રદર્શન ઉપરાંત શરીરના બધા ભાગો આ પ્રમાણે નહાવાથી સારી રીતે સ્વચ્છ થતા નથી.

ભોજન સંબંધી વિચાર કરીએ તો આપણે એકંદર પોષણ કરતાં સ્વાદને વધારે મહત્ત્વ આપીએ છીએ અને હોજરી પર જરૂર કરતાં વધારે પડતો બોજો નાખીએ છીએ. વળી, વાર-તહેવારે તેમજ જમણવાર પ્રસંગે જેમ વધુ વાનીઓ કરાય તેમ સારું ભોજન જમાડ્યું કહેવાય એવી આપણી મનોદશા છે. પાતરાં, ઢોકળાં, વાલની દાળ વગેરે એકીસાથે ભોજનમાં ન રાખવાં જોઈએ; કારણ કે એ પ્રત્યેક ચીજ પચવામાં ભારે છે. આપણી ભોજનક્રિયા (સવારે તો કામ ઉપર જવાનું હોય તેથી ઉતાવળ હોય. પણ રાતના ભોજન વખતે પણ) પા કલાક કે વીસ મિનિટમાં પતી જાય છે. નિરાંતે, આનંદ કરતાં, હસતાં, વાતો કરતાં જમવાની આપણને ટેવ નથી; કુટુંબનાં સહુ સાથે, નિશ્ચિત અને નિરાંતે વાતો કરતાં, હસતાં, આનંદ કરતાં જમીએ એ કૌટુમ્બિક સુખનો એક લ્હાવો છે એ બાબત ઘણાંના ધ્યાનમાં નથી.

મિત્રો, સંબંધીઓ કે ઓળખીતાને ઘેર મળવા જવામાં જે સભ્ય વર્તાવ રાખવો જોઈએ તેનો ઘણામાં અભાવ જોવામાં આવે છે. કોઈના મકાનમાં ઓરડામાં કે દીવાનખાનામાં પ્રવેશ કર્યા પછી પાછળ બારણું બંધ કરવાનું, બંગલના કૉમ્પાઉન્ડના ઝાંપામાં પેસતાં અને પાછા નીકળતાં ઝાંપો બંધ કરવાનું લગભગ બધાં જ ભૂલી જાય છે. જેને મળવા ગયા હોય તેને કંટાળો આવે ત્યાં સુધી બેસી રહેવાની કેટલાકને ટેવ હોય છે. બેચાર જણા સાથે મળવા આવેલા હોય અગર કુટુંબનાં બેચાર સાથે બેઠાં હોય ત્યારે સામાન્ય રસની, બધાં જેમાં ભાગ લઈ શકે તેવી જ વાતચીત કરવી જોઈએ, કોઈ એકાદી વ્યક્તિને ઉદ્દેશીને વાતચીત કરવી એ બીજા બધાનું અપમાન છે એવું આપણે સમજતા નથી.

ઘણે મોટેથી બોલવાની આપણી પ્રજામાં સામાન્ય રીતે ટેવ જોવામાં આવે છે. મોટર બસમાં દૂર દૂર પાટલી પર બેઠેલા માણસો એકબીજા સાથે ઘાંટા પાડીને વાતો કરે છે એ અણઘડ અને જંગલી રીત છે. આપણે કોઈને મળવા ગયા હોઈએ તેટલામાં બીજું કોઈ તેને મળવા આવે ત્યારે, અગરતો તેનાં કુટુંબીઓ મળવા આવે ત્યારે આપણે ઊઠી જવું જોઈએ એવી સામાન્ય સભ્યતા પણ આપણે સમજતા નથી. મેળાવડામાં બેસવા માટેની વિવેક અને સભ્યતા ભરેલી રીતમાં એક મુખ્ય રીત એ છે કે આપણે ખુરશીઓની હારની અગર બેન્ચની જે બાજુથી પ્રવેશ કરીએ ત્યાં જ શરૂઆતથી ન બેસી જતાં બીજે છેડે જઈને બેસવાનું શરૂ કરવું જોઈએ, જેથી નવા આવનારને બેઠેલાને ઘસાઈને ન જવું પડે. આટલો સામાન્ય વ્યવસ્થાનો નિયમ પણ આપણે પાળતાં નથી.

ઘણા માણસોને એકબીજા સાથે વાતો કરતી વખતે સામા માણસને આંગળીથી ગોદા મારવાની, ખભે કે બાહુ ઉપર હાથ ધરવાની ટેવ હોય છે. આ અસભ્ય રીત છે. સામો માણસ આને માટે ફરિયાદ ન કરે તો પણ એને જરૂર આવા આચરણથી કંટાળો આવે છે.

સ્ત્રી-સમ્માનની આપણી મનોવૃત્તિ હજી બહુ પ્રાથમિક દશામાં છે. બાળક તેડીને બસમાં ઊભી રહેલી સ્ત્રીને પોતાની જગ્યા ઉપરથી ઊઠી, બેસવા માટે જગ્યા આપવાનું કેટલા થોડા માણસો સમજે છે? રસ્તે ચાલતાં, ટોળામાં, મેળામાં, મંદિરોમાં સ્ત્રીઓને ધક્કા મારી ચાલતાં ઘણા માણસોને સંકોચ થતો નથી. ઘરનાં અનેક નાનાંમોટાં કામોમાં સ્ત્રીઓને મદદ કરવાની જરૂર પુરુષો સમજતા નથી, ઊલટું નાનપ ગણે છે.

ફેરિયા, શાક-ફળફળાદિ વેચનારા, દરજી, મોચી, કાપડ, વાસણ આદિ વસ્તુના દુકાનદારો, મહોલ્લામાં સુથારીકામ કરનાર વગેરે સાથે આપણે બહુ તોછડાઈથી બોલીએ છીએ. એ બધા લુચ્ચા અને લોભી જ હોય છે, જૂઠા જ ભાવ બતાવે છે, એમને તો તુકારાથી જ બોલાવાય, એવી આપણી સમજ હોય છે. પરિણામે એવો સ્વતંત્ર ધંધો કરનાર ધંધાદારીઓને નોકરિયાતો કરતાં નીચી કક્ષાના સમાજે ગણ્યા છે.

આવી બધી બાબતો નજીવી લાગે, પરંતુ હકીકતમાં માણસના સંસ્કારની કસોટી કરનાર એ બધી બાબતો છે. સમાજમાં માણસની પ્રિયતા કે અપ્રિયતાનો આધાર આવી ઝીણી અને નજીવી લાગતી બાબતોમાં તેનું કેવું વર્તન છે, તે ઉપર રહેલો છે.

(સળંગ અંક ૪૬૨ માંથી)

સાહિત્યસંપર્ક

મૂર્ધન્ય સાહિત્યકાર તરીકે ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરનાર

હીરાબહેન પાઠક



ગુજરાત સાહિત્ય અકાદમીએ આ વર્ષે મૂર્ધન્ય સાહિત્યકાર તરીકે સૌ. હીરાબહેન પાઠકને સન્માનવાનો અભિનંદનીય નિર્ણય કર્યો છે તે આનંદની વાત છે. સાહિત્યકારની સમાદરણીયતાનો નિર્ણય તેની કેવળ સ્થૂળ ગ્રંથસંખ્યા કે સાહિત્યક્ષેત્રીય વિવિધ વ્યવહારો-પ્રવૃત્તિઓ-સ્થાનો-માનોથી જ ન કરતાં તેમાં ઊંચી સર્જકતા-દૃષ્ટિસંપન્નતા ઉપરાંત બિનવ્યવસાયી અને નિરપેક્ષ તથા સન્નિષ્ઠ અને સક્રિય સમર્પણભાવભરી પ્રતિબદ્ધતાને પણ વિચારણામાં લેવી ઘટે. ગુજરાત સાહિત્ય અકાદમીએ આ નિર્ણયમાં આવો વિવેક દાખવ્યો છે તેમાં આપણી પ્રજા તરીકેની ભાવના તથા સૌજન્ય અને કૃતજ્ઞતાની પણ પ્રતીતિ થાય છે.

શ્રી હીરાબહેન 'પાઠક' તો પછી થયાં, પણ તે પહેલેથી જ, પોતે વિદ્યાર્થી હતાં ત્યારથી જ, સાહિત્યને મુખ્ય જીવનપ્રવૃત્તિ તરીકે અપનાવી ચૂકેલાં હતાં. કદાચ, એમની આ લગનીના ઉત્તરમાં જ કુદરતે તેમનો શ્રી પાઠકસાહેબ સાથે યોગ કરાવ્યો. આ યોગ પછીથી લગ્નમાં પરિણમ્યો તે તો જાણે આ ભાવનામય યોગનો સંસારાપેક્ષિત વ્યવસ્થારૂપ આવિષ્કાર જ હતો. મુ. શ્રી પાઠકસાહેબમાં શ્રી હીરાબહેનને તેમની ભાવનાનું મૂર્તરૂપ આધારકેન્દ્ર-પ્રેરક વ્યક્તિત્વ સાંપડ્યું. અને પરિણામે ગુજરાતને સાહિત્યક્ષેત્રે એક વિરલ દામ્પત્ય મળ્યું.

સામાજિક ક્ષેત્રે એ પ્રસંગે અનેક વમળો પ્રગટ્યાં પણ તે સૌ સવેળા શમી ગયાં અને પાઠક દંપતી સુપેરે સત્કારાયાં અને અદ્યાપિપર્યન્ત ગુજરાતી પ્રજાના આદરને પાત્ર બની રહ્યાં તેમાં આ વ્યવહાર-વ્યવસ્થા પાછળની સૂક્ષ્મ ભાવનાની અને સાહિત્યનિષ્ઠાની તે દંપતીના જીવનકાર્ય દ્વારા પ્રજાએ કરેલી પ્રતીતિનો પુરાવો છે.

મુ. શ્રી યશવંતભાઈ શુક્લ કહે છે તેમ હીરાબહેન રા.વિ. પાઠકને વર્યાં એટલે ગુજરાતી સાહિત્યને વર્યાં. આજનું સન્માન જાણે એ વરણીનો મહિમા કરે છે. એમાં હીરાબહેનના સાહિત્યકાર્ય કરતાં એમણે સાહિત્યને કરેલા સર્વસમર્પણનો સત્કાર છે.

, શ્રી પાઠકસાહેબ હતા ત્યારે તેમના દ્વારા અને તેમનાં જીવનસાથી તરીકે હીરાબહેને સેવા તો સાહિત્યની જ કરી. શ્રી પાઠકનીય સેવા સહેલી ન હતી. શ્રી હસુ યાજ્ઞિક હીરાબહેનને એમ કહેતાં ટાંકે છે કે જો આજે પણ પાઠકસાહેબ એમના જૂના પોળના ઘરમાં પાછા આવે તો તેમની પેન ટેબલ પર તે જ સ્થાને શોધે. આવી ચોકસાઈ અને ચીવટને જાળવવી તે આસાન ન હતું. તો શ્રી પાઠકસાહેબના પરલોક - ગમન પછી હીરાબહેને તો તેમનો છેડો ફાડ્યો જ નથી. પરલોકે પણ તેમણે પાઠકસાહેબને પત્રો લખ્યા છે! શ્રી પાઠકસાહેબ છતે કે ન છતે હીરાબહેને તેમનો સાક્ષાત સહયોગ સતત જાળવ્યો છે અને તેમાં જ તેમની સતત કાર્યરતતા અને સાહિત્યનિષ્ઠાનું રહસ્ય છે. અર્ધી સદીથીય વધુ સમયપર્યન્ત આવી પ્રતિબદ્ધતાને સક્રિય રૂપે જાળવવી અને નિરપેક્ષતાપૂર્વક નભાવવી એ કપરો યોગ છે. આવો સમર્પણભાવ સ્થૂળ ગ્રંથો કરતાં વિશ્વને ઘણું બધું આપે છે. એટલે એ સન્માનને સાર્થક કરે છે.

જ્યારે કોઈ વ્યક્તિવિશેષમાં સમર્પિત થઈને તેની વરદ છાયામાં 'ન મમ' કહીને, તમામ પ્રવૃત્તિઓ અને તેના સર્વશ્રેયને સમર્પિત કરી દેવામાં આવે ત્યારે તેમ કરનાર વ્યક્તિનું પોતાનું આગવું અસ્તિત્વ જાણે પેલા ગુરુપાદમાં વિલીન થઈ જાય છે. એટલે તેની અલગ છબી ઊપસતી નથી. ઓળખવી અઘરી પડે છે. તેનો અર્થ એ નથી કે એની સ્વતંત્ર વ્યક્તિતા નથી. શ્રી હીરાબહેનનું વ્યક્તિત્વ આ કારણે જ ક્યારેક અલગ પરખાતું નથી. પણ એ ન વિસરાય કે હીરાબહેન માત્ર શ્રી રા.વિ. પાઠકનાં પત્ની તરીકે જ સ્વીકાર્ય નથી. પહેલાંના હીરા ક. મહેતા' અને પછીના 'હીરા રા. પાઠકનું પોતાનું સાહિત્યિક વ્યક્તિત્વ સાહિતત્યક્ષેત્રે ઓછું સન્માન નથી. અને વાસ્તવમાં આ સન્માન એ સ્વતંત્ર વ્યક્તિત્વનું જ સન્માન છે.

હીરાબહેનનો જન્મ મુંબઈમાં ધનાઢ્ય કુટુંબમાં. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાંથી બી.એ. અને પછી ૧૯૩૮માં મુ.શ્રી પાઠકસાહેબના માર્ગદર્શન નીચે આપણું વિવેચન સાહિત્ય એ વિષે અભ્યાસપૂર્ણ શોધનિબંધ લખી પીએચ.ડી. થયાં અને ત્યારથી ૧૯૩૮થી તે નિવૃત્તિ સમય-૧૯૭૨ સુધી માતૃસંસ્થા એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં જ અધ્યાપન કર્યું. આ સમયગાળા દરમિયાન અને તે પછી અદ્યાપિપર્યન્ત, મુ. શ્રી પાઠકસાહેબની હયાતી દરમિયાન અને તે પછી બધો જ સમય તેમણે કેવળ સાહિત્યને જ આપ્યો. ધનાઢ્ય પિતૃગૃહની સંપત્તિ સર્વથા નકારી, મુ. શ્રી પાઠકસાહેબનું સંચિત પણ તેમણે

તેમના સ્મરણાર્થે જ વાપર્યું, અને કેવળ પોતાની કમાણી પરજ નિર્ભર રહીને, ખૂબ કરકસર અને સખ્ત કર્મઠતાને અપનાવીને કર્યા કર્યું માત્ર સાહિત્યકાર્ય.

૧૯૩૮માં લખેલ 'આપણું વિવેચન સાહિત્ય'માં તેમણે તે સમય સુધીની ગાંધીયુગ પર્યન્તની વિવેચનપ્રવૃત્તિનો આલેખ આપ્યો. પછી સંશોધનાત્મક 'ચંદ્રચંદ્રાવતીની વાર્તા' (૧૯૬૮), કાવ્યચર્ચા વિષય લેખસંગ્રહ 'કાવ્યભાવન' (૧૯૭૩), 'સાહિત્ય-આસ્વાદ' અને કાવ્યસંચય (અન્ય સાથે) (૧૯૭૪) વિવિધ વિવેચન લેખોના સંગ્રહો વિદ્રુતિ (૧૯૭૯), પરિબોધના (૧૯૮૦) ઉપરાંત સંસ્કૃત શ્લોકોના વિવરણોનો ચિંતનાત્મક ગ્રંથ 'ગવાક્ષદીપ' એમ ઘણાં પુસ્તકો આપ્યાં. પણ આ બધાંમાં સૌથી નોંધપાત્ર તો છે 'પરલોકે પત્ર'. પરલોકવાસી શ્રી પાઠકસાહેબને લખેલા બાર પત્રોમાં આત્મકથાત્મકઅંશો તો છે જ. પણ તેમાં વિરહસંતોષ અને ઉપશમના ભાવોની જે કવિતા છે તે આ મુક્ત મનહરમાં કરેલી રચનાઓને ગુજરાતી કાવ્યસાહિત્યનું એક અનોખું આભરણ બનાવે છે.

શ્રી હીરાબહેનની કારકીર્દિ અને કર્મઠતાના પ્રમાણમાં તેમણે સ્થૂલાકારે ઓછું આપ્યું જણાય. આનું એક કારણ એ છે કે લેખન-સંશોધનમાં પાઠકસાહેબની દિક્ષાને અનુરૂપ ઝીણવટ અને મૂળ સુધી પહોંચીને જ લખવાની મહેનત કરવાની તેમની પદ્ધતિ છે. પણ મુખ્ય કારણ તો તેમણે પોતાનો સમય મોટે ભાગે પાઠકસાહેબને આપ્યો. તેમના ગયા પછી તેમના સાહિત્યના સંપાદન-મુદ્રણ-પુનર્મુદ્રણમાં આપ્યો તે છે. આ કારણે જ આપણને અત્યારે અકાદમી તરફથી પ્રગટ થઈ રહેલી શ્રી પાઠકસાહેબની ગ્રંથશ્રેણી પ્રાપ્ત થઈ છે. આ કાર્ય ઓછું મહત્ત્વનું નથી.

અલબત્ત, ગુજરાતે ય શ્રી હીરાબહેનના કામને નથી બિરદાવ્યું એવું નથી. 'પરલોકે પત્ર' માટે તેમને ૧૯૬૮-૭૨નો નર્મદ ચંદ્રક અને ૧૯૭૦-૭૧નું ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક અપાયાં. ૧૯૭૦-૭૧માં તેમને ગુજરાતીનો અધ્યાપક સંઘનું પ્રમુખપદ અપાયું. ૧૯૭૧ની ગુજરાતી સાહિત્ય પરિષદના વિવેચન વિભાગનાં તે પ્રમુખ વરાયાં અને તે પછી કેટલાંક વર્ષો સુધી તે પરિષદનાં ઉપપ્રમુખનું સ્થાન પામ્યાં. આ બધાં ઉપરાંત ૧૯૭૪માં ગુજરાતી સાહિત્યના ઉત્તમ સન્માન સમો રણજિતરામ સુવર્ણચંદ્રક તેમને એનાયત થયો.

અને આજે હવે ગુજરાત સાહિત્ય અકાદમી તેમનું ગૌરવ કરે છે. અકાદમી દ્વારા મહિલાને સન્માનવાનો આ પહેલો પ્રસંગ છે તો, સદાય માતૃતુલ્ય વાત્સલ્ય વરસાવતાં આ સન્નિષ્ઠ 'સાહિત્યવ્રતા'ના સન્માન પ્રસંગે તેમને સવિનય વંદન.

- વિનોદ અધ્વર્યુ

અવલોકન

સુન્દરમ્ સ્મૃતિગ્રંથ

'સુન્દરમ્ એટલે સુન્દરમ્' (સ્મૃતિ ગ્રંથ) : સંપાદક - રામજી ભાઈ કડિયા (માંગલ્ય પ્રકાશન, દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી ૬૦૫૦૦૨, ૧૯૯૩, પૃ. ડિમાઈ ૭૩૧, મૂલ્ય રૂ. ૨૫૦)

ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક સુન્દરમ્ વિષયક આ વિશિષ્ટ પુસ્તકના 'સંપાદકીય'માં રામજીભાઈ કડિયાએ લખ્યું છેઃ 'આમ તો ગુજરાતી સાહિત્ય જગતમાં સર્જક સુન્દરમ્ વિષે ઘણું લખાયું છે અને હજી લખાશે. પણ અહીં તેમનાં આધ્યાત્મિક જીવન અને કવનને સ્પર્શવાનો પ્રયત્ન થયો છે.' સંપાદકનો ઉદ્દેશ અહીં સુન્દરમ્ના સર્જક તેમ જ સાધક વ્યક્તિત્વને ઉપસાવવાનો છે.

આ બૃહદ્ ગ્રંથને અંતે આપેલા 'અનુક્રમ'માં પાંચ વિભાગ પાડવામાં આવ્યા છે. આ વિભાગો અનુક્રમે આ મુજબ છેઃ સર્જક સુન્દરમ્, સાધક સુન્દરમ્, સુકાની સુન્દરમ્, English, તવારીખ.

ઉપર્યુક્ત પાંચ વિભાગો પૈકી પ્રથમ વિભાગ સ્વાભાવિક રીતે જ સમૃદ્ધ છે. તેમાં મુલાકાત, કાવ્યો, અભ્યાસલેખો (પદ્ય) અને ગદ્ય, કાવ્ય-આસ્વાદ, સ્મૃતિ-અંશ વગેરે પેટા વિભાગો સમાવિષ્ટ છે. ગ્રંથનો અડધા કરતાં વધુ ભાગ આ વિભાગ રોકે છે. આ વિભાગમાં સુન્દરમ્નાં કેટલાંક કાવ્યો મળે છે તો કેટલાંક સુન્દરમ્ વિષયક અન્ય કવિઓનાં કાવ્યો સાંપડે છે. અભ્યાસલેખોમાં સ્વાભાવિક રીતે જ પદ્યના અભ્યાસ લેખોનું પ્રમાણ વધારે છે. 'કાવ્ય-આસ્વાદ'નો અહીં સ્વતંત્ર પેટા વિભાગ છે અને તેમાં ૭ કાવ્યાસ્વાદો સંગૃહીત છે. પદ્યવિષયક ૨૮ લેખો છે, પણ તેમાં પૂરતું આયોજન દૃષ્ટિગોચર થતું નથી. કવિના પ્રત્યેક સંગ્રહ વિશે એકેક લેખ મૂકી શકાયો હોત તો ઇષ્ટ થાત. અભ્યાસલેખોમાં આધ્યાત્મિક કવિતા વિષયક લેખોનું પ્રમાણ વિશેષ છે. તેમની કવિતાનાં કેટલાંક પાસાં - જેવાં કે પ્રેમ, પ્રકૃતિ, દેશભક્તિ વગેરેની અહીં ઉપેક્ષા થઈ છે.

ગદ્યવિષયક અભ્યાસલેખો પણ સંપાદકીય આયોજનના અભાવથી ગ્રસ્ત છે. સુન્દરમ્ની વિવેચના વિશે એકાદ લેખ મુકાવો જોઈતો હતો. આ વિભાગમાં 'દક્ષિણા'ના તંત્રી સુન્દરમ્, અનુવાદક અને નાટ્યકાર સુન્દરમ્ની સમીક્ષા થઈ છે એ ઉલ્લેખનીય છે.

આ વિભાગના અંતિમ ખંડ 'સ્મૃતિ અંશ'માં સુન્દરમ્ વિષયક પંદર સંસ્મરણાત્મક લેખો સાંપડ્યા છે. આરંભમાં રમણલાલ જોશીએ 'કવિ સુન્દરમ્ની મુલાકાત લીધી છે અને રમાજીભાઈએ સુધા સુન્દરમ્ની મુલાકાત 'પ્રશ્નોત્તરી' રૂપે આપી છે. ગ્રંથારંભે રમણલાલ જોશીએ 'પ્રસ્તાવના' રૂપે અને સુધા સુન્દરમે પણ 'બધુ સંભાળી લેજે' શીર્ષક અંતર્ગત જે લખ્યું છે એ પણ આ ખંડ સાથે સાંકળી શકાય તેમ છે.

બીજા અને ત્રીજા વિભાગમાં 'સ્મૃતિ અંશ'નું જ અનુસંધાન છે. અલબત્ત, અહીં સર્જક સુન્દરમ્ પર નહીં પણ 'સાધક' અને 'સુકાની' સુન્દરમ્ પર ફોકસ કરવામાં આવ્યું છે. સ્વાભાવિક રીતે જ આ વિભાગોમાં ઠીક ઠીક પુનરાવર્તન થયું છે. ત્રીજા વિભાગમાં તો સુન્દરમ્ અને 'ૐપુરિ'ના સંબંધ વિશે અનેક લેખો આપવામાં આવ્યા છે. 'English' વિભાગમાં સુન્દરમ્‌ના જ 'ૐપુરિ' વિષયક બે લેખો છે અને અનુબેન પુરાણીનો 'કવિ સુન્દરમ્' પર એક લેખ છે.

અંતિમ વિભાગમાં સુન્દરમ્‌ની 'તવારીખ' આપવાની સાથે તેમના 'અગ્રંથસ્થ સાહિત્ય' વિશે એક લેખ છે એ આવકાર્ય છે; પણ સુન્દરમ્‌ના સમગ્ર સાહિત્ય વિશે વિસ્તૃત સંદર્ભસૂચિ આપવામાં આવી હોત તો આ ગ્રંથની મૂલ્યવત્તામાં વધારો થાત. અને તવારીખને પણ ચકાસાઈ હોત તો અધૂરી ન રહેત.

સંપાદકે નિષ્ઠાપૂર્વક શ્રમ કરી સુન્દરમ્‌ના સર્જક અને સાધક પાસાં વિશે અઢળક સામગ્રી એકત્ર કરી છે અને તેને વિભાગીકૃત કરી સુન્દર રીતે પ્રગટ કરી છે. સુન્દરમ્ વિશે અગાઉ પ્રગટ થયેલ અધ્યયન ગ્રંથો 'તપોવન' અને 'શબ્દયોગ' કરતાં આ સ્મૃતિગ્રંથ સામગ્રીની દૃષ્ટિએ થોડોક ભિન્ન હોવાથી અને પ્રોડક્શનની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ હોવાથી સુન્દરમ્‌ના જીવન અને કવનમાં રસ ધરાવનાર સહુને વાંચવો ગમે તેવો અવશ્ય બન્યો છે. - પ્રસાદ બ્રહ્મભટ્ટ

ગ્રાહકકોને

આપનું સરનામું બદલાય કે તરત જ કાર્યાલયને જાણ કરવી. આવી ખબર મળ્યા પછીના મહિનેથી તે નવા સરનામે 'કુમાર' મોકલી શકાશે. આપના ગામનો પિન કોડ અચૂક લખવો.

ગઝલના ગનનમાં-૬



શ્યામ સાધુ

ગુજરાતી ગઝલ જે પાંચ સાત નામો થકી પોતાનું ગજું બતાવી શકી છે તેમાંનું એક નામ છે શ્યામ સાધુ. તદ્દન બેફિકરાઈથી જીવતા, પોતાના જ 'મૂડ'માં મસ્ત એવા શ્યામ સાધુનો જન્મ જૂનાગઢમાં તા. ૧૫-૬-૪૧ના રોજ. મૂળ નામ શામળદાસ મૂળદાસ સોલંકી. અભ્યાસ એસ.એસ.સી. સુધી. આયુર્વેદના બે વર્ષ કર્યા અને પછી વણકરી અને ભિક્ષાવૃત્તિ અપનાવી. પાંચ વર્ષ સસ્તા અનાજની દુકાન ચલાવનાર આ શાયર જૂનાગઢ નગરપાલિકાના સભ્ય છે અને પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ છે. શાળામાં અભ્યાસ દરમ્યાન જ ગઝલોની શરૂઆત કરનાર શ્યામ સાધુની ગઝલોએ ગુજરાતી સાહિત્યક્ષેત્રે સૌનું ધ્યાન ખેંચ્યું છે અને તેમની ગઝલો વાંચતા સહજ ખ્યાલ આવે છે કે આ કેવા મોટા ગજાના ગઝલકાર છે.

જૂનાગઢમાં કવિતાની પ્રવૃત્તિ માટે મિલન મંડળ શરૂ કર્યું હતું. તખ્તસિંહભાઈનો સહવાસ અને હૂંફ વિદ્યાર્થી અવસ્થાથી પ્રાપ્ત થયેલાં. ૧૯૭૩માં 'યાયાવરી', ૧૯૮૭માં 'થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય, અને ૧૯૯૧માં કેવળ ગઝલસંગ્રહ 'આત્મકથાનાં પાનાં' પ્રગટ થયાં છે. આ સંગ્રહોમાંથી પસાર થતાં ગઝલના કોઈ પણ ચાહકને અટકવું ગમે તેવાં અનેક શેર અને ગઝલો સાંપડે છે. પરંપરા અને પ્રયોગશીલ વલણનો સુભગ સમન્વય શ્યામની ગઝલોનું સૌથી મોટું જમા પાસું છે. શ્યામના થોડાક શેર જોઈએ.

વસ્ત્ર ભીનાં હો નિતારી નાખીએ,
પણ ઉદાસી ક્યાં ઉતારી નાંખીએ.

* * *

કૈંક યુગોથી પત્ર લખ્યો છે, પહોંચે છે ક્યાં?
દોસ્ત નહીંતર સરનામું તો પોતાનું છે.

* * *

કમનસીબી જે તરફથી નીકળે છે,
એ તરફ પણ જૂઈનાં ફૂલો મળે છે.

* * *

સ્વપ્ન પણ કેવું બરોબર નીકળ્યું,
મારા ઘર સામે સરોવર નીકળ્યું.

* * *

ક્યાંક ઝરણાની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે,
ક્યાંક તારી યાદની મોસમ રડી છે.

* * *

આંખમાં વન, હાથમાં રણ દઈ દીધું છે,
તેં ય દીવાનાને દર્પણ દઈ દીધું છે.

* * *

અખબારોની જેમ ઋતુઓ વાંચી લઉં છું,
જીવી જવાનો પળ બે પળ જો સમય મળે છે.

* * *

મારું મરણ ક્યાં એકલું મારું મરણ હતું,
સંસાર, આંખ મીંચી તો, નશ્વર બની ગયો.

* * *

યાદની ચિઠ્ઠી બળી ગઈ,
માછલી વીંટી ગળી ગઈ.

* * *

લાગણી નામે નગર વચ્ચે અહીં,
જાત ઓવારી અને જીવી ગયાં;
દોસ્ત એનું નામ છે દીવાનગી,
દર્દ સ્વીકારી અને જીવી ગયાં.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

'કુમાર'ના પ્રત્યેક ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવી અપીલ છે.




અર્ધ્યુકણી

શબ્દનાં પુષ્પો તો સૌ વેરી શકે,
મૌનથી શણગારવાની વાત કર.
જે હલેસાં હાથને પણ માનતો
કોઈ એવા ખારવાની વાત કર.
('આભાસ'માંથી) જયન્ત ઓઝા

સદ્ગત આભાબહેન અને પ્રભુદાસભાઈ ગાંધી

આ વર્ષના મે માસના પૂર્વાર્ધમાં જ ગાંધી-કુટુમ્બની બે વ્યક્તિઓનાં અવસાનના સમાચાર આવ્યા - પહેલા પ્રભુદાસસભાઈના, પછી આભાબહેનના. બન્ને ઓતાબાપાના પૌત્ર ખુશાલચંદના જ કુટુમ્બનાં. પ્રભુદાસ તે ખુશાલચંદના પૌત્ર; તો, આભાબહેન તે ખુશાલચંદના બીજા પૌત્ર કનુ ગાંધીનાં પત્ની. પણ આ વંશને કારણે એમનું મહત્ત્વ નથી; મહત્ત્વ છે એમણે પોતાનાં કાર્યોથી, પોતાના ને સમાજના બન્નેના જીવનને સત્ત્વસમૃદ્ધ કરવામાં ફાળો આપ્યો તેનું. જીવનની મહત્તા કાર્યમાં છે. કહો કે જીવન એટલે જ કાર્ય.

આભાબહેન મૂળે બંગાળી. પિતા હાલના બાંગ્લાદેશમાંના રંગપુર જિલ્લામાં સરકારી નોકર - જેલર. પણ ગાંધીચેતનાની અસર થઈ; નોકરી છોડી; પોતાનાં બે સંતાનો - આભા અને ધિરેન્ - ને ૧૯૩૯માં સેવાગ્રામમાં બાપુને સોંપ્યાં. ત્યારે આભાની ઉંમર બારેકની જ! ત્યારથી જ બા-બાપુની એ લાડકી (પુત્રી) અને લાકડી પણ! ત્યારથી સવાર-સાંજ, ફરવા જતાં ને પ્રાર્થનામાં જતાં, એક તરફ મનુબહેન, બીજી તરફ આભા - બન્નેને ખભે બાપુના હાથ હોય. એ ખભાનો સહારો ૨૦-૨૧ની ઉંમર સુધી - ગોળી વાગી ત્યાં સુધી - બાપુજીએ લીધો. છેલ્લી ઘડીએ ય એ ખભે ને એ ખોળે ઢળી પડ્યા! બાપુ-બાએ જ આગળ પડીને એમને પોતાના કુટુમ્બમાં કનુ ગાંધી સાથે વરાવેલાં. ને પછી નોઆખલીની આગમાં રાહતકાર્ય



માટે મોકલેલાં. ઉગ્રતમ કોમી દાવાનળ વચ્ચે, રાહતછાવણીઓમાં ઠક્કરબાપાના માર્ગદર્શન તળે, એમણે સુંદર કામ કર્યુ હતું. બાપુનો દેહ પડ્યા પછી પણ બે વરસ તેઓ ત્યાં જઈને રહેલાં. પછી સેવાગ્રામ, પછી અખિલ ભારતીય ખાદી વિદ્યાલયમાં, ગાંધીજીને અતિપ્રિય એવી ખાદી વિકાસની પ્રવૃત્તિમાં જોડાયેલાં. છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજકોટ હતાં. રાજકોટ-સત્યાગ્રહ વેળા કસ્તૂરબાને જ્યાં કેદી તરીકે રાખવામાં આવેલાં એ ત્રંબામાં કસ્તૂરબા-સ્મૃતિ નિમિત્તે આશ્રમ ઊભો કરી, ત્યાં એ પ્રવૃત્તિ કરતાં. એને હમણાં જ કેન્દ્રનું દસ લાખ રૂપિયાનું અનુદાન મળ્યું; પણ એ કાર્ય વેગ પકડે તે પહેલાં ૯મી મે (૧૯૯૫)ના રોજ એમનું અવસાન થયું, ૬૮ વર્ષની ઉંમરે. એમણે, બચપણ બાદ કરતાં, બધું જીવન રચનાત્મક કાર્ય ને સેવામાં ગાળ્યું. સતત દસ વર્ષ તો બાપુના રોજ-બરોજના સહવાસમાં ગાળ્યાં. એમના જતાં એ સ્મરણમંજૂષા ગઈ ને એક સત્ત્વસમૃદ્ધ સમાજહિતૈષી પણ.

એના થોડા દિવસ પહેલા, ૧૯૦૧માં જન્મેલા પ્રભુદાસ છગનલાલ ગાંધી, ૯૪ની ઉંમરે ૬ મેના રોજ, ગયા. ગાંધીજીવનના એ આરંભના પણ જબરા સ્મૃતિકાર. 'જબરા' બે અર્થમાં : બહુ નાની ઉંમરે કલમ ચલાવી છતાં, તીવ્ર સ્મરણશક્તિ, તથા કલાત્મક તેમજ દૃષ્ટિપૂર્વકના આલેખનથી, એવી કૃતિ આપી કે, કડકમાં કડક ધોરણે માપતાં પણ, તેને આપણા ગણતર પ્રશિષ્ટ ચરિત્ર/આત્મચરિત્ર-ગ્રંથોમાં મૂકવી પડે. એની રમતિયાળ છતાં અર્થાનુસાર શૈલી, એનું સ્વચ્છ-સરળ છતાં રસાળ ગદ્ય, એમાંની કલ્પનાલીલા ને ચિત્રાત્મકતા, એની સામગ્રીની શ્રદ્ધેયતા, એમાંની

કેનોપનિષદ

દ્વિતીય ખણ્ડ

સુપેરે જાણ્યું ત્હેં એવું માને, તો સ્વલ્પ જાણતો
ખરે તું બ્રહ્મનું રૂપ, - જે આ એનું જણાતું તે
જાણે તું, તે ય તે એનું દેવો માંહી વિચાર્ય છે,
જાણેલા કાજ મ્હારું છે એવું નિશ્ચય માનવું. ૧

સુષ્ઠુ જાણું હું, ના માનું; ના જાણું યે ન, જાણતો;
જે જાણે તે ન જાણે ને ન જાણે તે પ્રમાણતો. ૨

જાણે ના કથવું જેનું, તે એને જાણતો સહી;
કહે જે જાણું, તે તો ના ત્હેનો છે જાણકાર કૈં. ૩

પ્રતિબોધે લહ્યો, જાણ્યો તે પામે સુખ શાશ્વત,
આત્માથી વીર્યને પામે, પામે વિદ્યાથી અમૃત. ૪

આ લોકે ઓળખ્યો એને માટે છે સત્ય (લોક) હા,
ને અહીં જો નહીં જાણ્યો તો વિનાશ મહા મહા.
સર્વ ભૂતમહીં એને રહે જે જોઈ ધીર તે
લોકથી આ જતાં પામે નિત્યના અમરત્વને. ૫


અનુ. રાજેન્દ્ર શાહ



વિગતસભરતા, બાળમાનસનું ચિત્રણ ને બાળ-મનોવિશ્લેષણ, ગાંધીજીવનના પૂર્વાર્ધની સામગ્રી (ખાસ કરીને ગાંધીજીના પૂર્વજોની), ફીનિક્સઆશ્રમનું સજીવ વિગતસભર ઇતિહાસ આપતું સળંગ સ્વાનુભવમઢ્યું ચિત્ર, ટોલ્સ્ટોય ફાર્મના પ્રયોગનું ચિત્ર, ત્યાં થતા બાળશિક્ષણના પ્રયોગો, દ.આ.ના ત્રીજા સત્યાગ્રહ વખતની સત્યાગ્રહીઓની છાવણીમાંનું જીવન, પૂર્વના સત્યાગ્રહી સાધક ગાંધીને એક સિદ્ધ ('મહાત્મા')માં ફેરવી નાંખનાર એમના સમગ્ર જીવનની ઉત્કટતમ સાધનાના કાળનો સળંગ ઇતિહાસ આપતી ચિત્રાવલિ - ગાંધીભાઈ 'મહાત્મા' બન્યાની વિકાસકથા - આ બધાંને કારણે આ કૃતિ પ્રશિષ્ટ બને છે. એમાંની ભાવુકતા સંયત રહી છે. કેન્દ્રમાં કિશોર પોતે; ગાંધીની પિછવાઈ! કિશોરનાં વૃત્તિવલણો - પ્રવૃત્તિઓ પર ગાંધી-અસર. એ એક તરફથી આત્મપરસ્ત નિરૂપણ છે, પણ પરપરસ્તીની પિછવાઈ બહુરંગી છે. એક નિર્દોષ બાળકે ખૂબ નિકટથી કરેલું ગાંધીઅવલોકન અહીં મળે છે. એ બાળમનોવિશ્લેષણ હૃદ્ય ને ચિંતનપ્રેરક છે. સીધી રીતે, ગાંધીસંદર્ભે, આમાં એકાદ દસકાની જ કથા છે - તેય દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની ભૂમિકાવાળી; ને એ કાળની કથા 'આત્મકથા'માં, 'દ.આ.ના.સ.નો ઇતિ.'માં ગાંધીજીએ કહી છે તથા રાવજીભાઈ જેવાઓએ પણ કહી છે, છતાં - એ બધું નહોતું ત્યારે લખાયેલી આ કથા હજીયે પેલી સામગ્રીની સારી પેઠે પૂર્તિ કરે એવી છે. ગુજરાતીમાં, સાહિત્યની દૃષ્ટિએ જ, વાંચ્યા વિના ન ચાલે એવા ગ્રંથો સાહિત્યરસિકોને સૂચવવાના હોય તો, આનું નામ અવશ્ય લેવું પડે. પાનાં ખાસ્સાં સાડા-છસ્સો છે, છતાં કશું નિરર્થક નથી લાગતું. લાઘવ પણ લેખકને સાધ્ય છે એની પ્રતીતિ માટે આરંભના વિભાગનું છઠ્ઠું પ્રકરણ જોવું. પિસ્તાળીશ વર્ષના ગાંધીજીવનનું સળંગ એક પ્રકરણમાં બારેક પાનામાં આલેખન! ત્રીજા ભાગનું બારમું પ્રકરણ · 'બાળશાસન' : ફીનિક્સ ખાલી થતાં એક પ્રૌઢ અને દસ બાળકો આખી પ્રવૃત્તિ કેવી ચલાવે છે એ ચિત્ર, બાળશક્તિનો મહિમા બતાવે છે. એ દસ વર્ષની કથા - 'પુરાણ' બનીને એક કિશોરની કલમથી આરંભે,' હી. હતી ને 'કુમાર' એના સમગ્ર હપ્તાઓનું વાહન બન્યું હતું, એય કે'ર ભુલાય?

પ્રભુદાસભાઈ ચાર વર્ષની ઉંમરે આફ્રિકા ગયેલા અને ૧૨-૧૩ની ઉંમરે, ૧૯૧૪માં સૌ સાથે શાન્તિનિકેતન રહી, કોચરબ ને સત્યાગ્રહ આશ્રમમાં રહેલા ત્યારે, 'મધપૂડો'ના તંત્રી તરીકે આ સ્મરણો લખવા માંડેલા. ને એમ આ લખાયું.

ચંપારણમાં ગાંધીજી પકડાયા; પછી ત્યાં કામ ચાલુ રાખવા માટે ગાંધીજીએ ત્યારના કિશોર પ્રભુદાસને પસંદ કરેલો! પ્રભુદાસ ખાદીવિદ્યાના પારંગત છે. પગેથી ગતિ આપીને બે હાથે કાંતી શકાય એવો રેંટિયો એમણે આપ્યો. હિમાલયમાં આલ્મોડા તરફ જઈ ખાદીકામ કર્યું. યુક્તપ્રાન્તમાં લગ્ન પછી જનસેવાર્થે ત્યાં જ વસ્યા. ખાદી-ગ્રામસેવાનાં કાર્યો કર્યાં. ખાદીવિદ્યાપીઠ સ્થાપી. આ બધા ગાળા દરમ્યાન લખતા પણ રહ્યા. 'જીવનનું પરોઢ' (૧૯૪૮), રાજેન્દ્રબાબુની આત્મકથા 'મારી જીવનકથા'નો અનુવાદ (૧૯૫૦), અંગ્રેજીમાં 'માઈ ચાઈલ્ડહૂડ વિથ ગાંધીજી' (૧૯૫૭), 'ઓતાબાપાનો વડલો' (૧૯૭૨), 'આશ્રમભજનોનો સ્વાધ્યાય' (૧૯૭૮), 'બાપુના જુગતરામભાઈ' (૧૯૮૪) વગેરે પુસ્તકો એમણે આપેલાં છે.



ગાંધીજી અને પ્રભુદાસ ગાંધી (હાથમાં ફાનસ સાથે)

આવાં સત્ત્વાર્થીઓ જતાં બહુ મોટી ખોટ આપણા સંસ્કારજીવનને પડતી હોય છે. સત્તા-સંપત્તિની મહત્તા એ માનવમહત્તાનો માપદંડ ન બની જાય એથી ચેતવા જેવું છે. આંતરસત્ત્વની સમૃદ્ધિ જ માણસની મોટાઈનો માપદંડ હોય; આવાં સત્ત્વશાળીઓ જતાં, એ વારંવાર યાદ કરાવવું પડે છે!! પણ આવાંની યાદ પણ સત્ત્વપ્રેરક છે! - કનુભાઈ જાની

દીવાનશાહી કોરી

સ્વાધીનતા પહેલાં ભારતમાં ૬૫૦ ઉપરાંત રજવાડાં આવેલાં હતાં, તેમાં સૌથી વધુ, ૨૨૨ જેટલાં રજવાડાં કાઠિયાવાડ દ્વીપકલ્પમાં હતાં, જેમાં જૂનાગઢ સ્ટેટ પ્રથમ વર્ગનું હતું, ને તે

સોરઠ તરીકે પણ પ્રચલિત હતું.

પુરાણ કાળથી સોરઠ ઉપર હિન્દુ રાજાઓ રાજ્ય કરતા હતા. પ્રથમ રાજા રૈવત હતા અને છેલ્લા રા'માંડલિક થયા. સને ૧૪૭૨માં ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાએ રા'માંડલિકને હરાવીને સોરઠ જીતી લીધું, જૂનાગઢ ફરતો કિલ્લો બંધાવ્યો અને નામ મુસ્તફાબાદ રાખ્યું. ચલણ છાપવા માટે ટંકશાળ ખોલવામાં આવી. કોરી નામના સોના, ચાંદી તથા ત્રાંબાના સિક્કા બહાર પાડવામાં આવ્યા, જે 'મહેમૂદી' કોરી તરીકે ઓળખાતા. આવી એક સોનાની 'મહેમૂદી' કોરી બ્રિટિશ મ્યૂઝીઅમમાં સાચવવામાં આવી છે.

મોગલ સામ્રાજ્ય દરમિયાન, અઢારમી સદીમાં, શેરખાન બાબી જે સોરઠના છેલ્લા મોગલ 'ફોજદાર' હતા, તેમણે તકનો લાભ લઈ, સને ૧૭૪૮માં નવાબ બહાદુરખાન બાબીના નામથી પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું, ત્યારથી બાબી વંશની શરૂઆત થઈ. સને ૧૮૨૯માં રાજ્યના ચલણમાં ફેરફાર કરી, ચાંદીની કોરીનું ચલણ શરૂ કર્યું, જે 'દીવાનશાહી' કોરી કહેવાતી. 'દીવાન'નો ખિતાબ તેમને મોગલ બાદશાહ ઔરંગઝેબ તરફથી બહાદુરીભરી ઉત્તમ કામગીરી બદલ એનાયત કરવામાં આવ્યો હતો. તેથી તે 'દીવાનશાહી' કોરી કહેવાતી.

કોરી ઉપરનું લખાણ ફારસી ભાષામાં 'બાદશાહ ગાઝી મોહંમદ અકબર સિક્કે ઝરબે જૂનાગઢ બાસુન' અને 'શ્રીદીવાન' નાગરી લિપિમાં હતું. પાછળના ભાગમાં હીજરી તથા વિક્રમ સવંતમાં સાલ લખેલી હતી, 'ઝરબે' એટલે ટંકશાળ, કોરી તથા અર્ધી કોરી ચાંદીમાં અને દોકડા ત્રાંબામાં પાડવામાં આવતાં. ૧ કોરી = ૪૦ દોકડા.



શરૂઆતમાં કોરી ચોખ્ખી ચાંદીમાં પાડવામાં આવતી. બાદ તેમાં સાડા ચાર વાલ ત્રાંબું ભેળવીને પાડવામાં આવતી. તેમાં આગળના ભાગમાં રાજ્યકર્તા નવાબનું નામ અને 'શ્રીદીવાન' તથા પાછળના ભાગમાં સાલ હીજરી તથા વિક્રમ સવંતમાં દર્શાવેલાં હતાં.

સને ૧૮૯૧માં, નવાબ બહાદુરખાનજી ત્રીજાના સમયમાં, થોડી સોનાની કોરી તથા અર્ધી કોરી ચલણમાં મૂકવામાં આવી હતી, પરંતુ તે પ્રજામાં મોંઘી જણાતા થોડા સમયમાં જ સ્થગિત કરી દેવામાં આવેલી. આ સોનાની કોરીના નમૂના જૂનાગઢ મ્યૂઝીઅમમાં જોવા મળે છે.

બ્રિટિશ ચલણ રૂપિયા, આના, પાઈ પણ પ્રજામાં પ્રચલિત હતું, અને કાયદેસર ગણાતું. વિનિમય દર એક રૂપિયે સાડાત્રણ કોરીનો હતો. દરમાં વધઘટ થયા કરતી. ઉના, બાબરિયાવાડ તથા પોર્ટુગીઝ દીવના નજીકના વિસ્તારમાં પોર્ટુગીઝ ચલણ રિયાલ પણ પ્રચલિત હતું. જેનો વિનિમય દર એક રિયાલે આઠ દીવાનશાહી કોરીનો હતો.

રાજ્યમાં સામાન્ય વ્યવહારમાં દોકડાને બદલે 'આના' શબ્દનો પ્રયોગ થતો, વહીવટમાં, બજેટમાં, વ્યાપારમાં મોટાં કામોમાં તથા ટપાલ ટિકિટમાં 'આના' શબ્દ વપરાતો. આમ છતાં તેનું અસ્તિત્વ ન હતું. બ્રિટિશ રૂપિયાની જેમ કોરીના સોળ ભાગ પાડવામાં આવેલા અને કોરીનો એક આનો એટલે કોરીનો સોળમો ભાગ, જે અઢી દોકડા બરાબર કાયદેસર ગણાતો.

આઠમા નવાબ સર રસુલખાનજીના અવસાન બાદ તેમના પુત્ર મહોબતખાન ત્રીજા સને ૧૯૧૧માં ગાદીએ બેઠા. ત્યારે તેઓ સગીર વયના હોવાથી રાજ્યનો કારભાર ચલાવવા માટે એડમિનિસ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવેલી. તેમણે રાજ્યમાં બ્રિટિશ ચલણનો વપરાશ વધતો જતો હોવાથી અને વિનિમય દરમાં અવાર-નવાર થતી વધ-ઘટથી કોરીની કિંમત ઘટતી જતી હતી. લોકોને, ખાસ કરીને નબળા વર્ગને, અને મજૂર વર્ગને નુકસાની ભોગવવી પડતી. આ હાડમારીમાંથી પ્રજાને મુક્ત કરવા માટે, બ્રિટિશ ચલણની તરફેણમાં કોરી ચલણ બંધ કરવાનો નિર્ણય કર્યો. ભારત સરકારની મંજૂરી મેળવી ચલણ ફેરબદલી કરવાની છેલ્લી તારીખ ૨૪-૧૨-૧૯૧૨ની મુકરર થઈ. તે પહેલાં કોરી ચલણના સિક્કાઓને બદલે બ્રિટિશ ચલણના સિક્કાઓ મેળવી લેવા જાહેરનામું બહાર પડ્યું. ત્યાર બાદ ફક્ત બ્રિટિશ ચલણ જ જૂનાગઢ રાજ્યમાં કાયદેસર ગણવામાં આવતું. આમ, એડમિનિસ્ટ્રેશન દરમિયાન ચલણના ફેરફારની કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી, જે ઐતિહાસિક દૃષ્ટિએ સીમાચિહ્ન બની રહે તેવી ઘટના હતી.

- આર. એ. માલવિયા

વનસ્પતિ-ઉપચાર

વનસ્પતિમાંથી બનતી ઔષધિને હવે ઘણા બધા દેશો સ્વીકારતા થયા છે. પરન્તુ હજી એમાં કંઈક ખૂટે છે એવું પણ લાગ્યા કરે છે. વૈદકીય સારવારમાં હવે વનસ્પતિ-ઉપચાર માટે ઘણા જ ઊજળા દિવસો આવી રહ્યા છે. અમેરિકામાં ન્યૂયોર્કમાં, ટ્રેન્ડ્ઝ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં બધા (Trends Research Institute) સંશોધકો વનસ્પતિશાસ્ત્ર એટલે કે Herbologyને ૨૧મી સદીની પ્રાથમિક-મૂળભૂત-જરૂરિયાત ગણાવે છે.

આવતાં વર્ષોમાં ડોક્ટરો (અને વૈદો તો આપે જ છે) વનસ્પતિની દવાઓના પ્રિસ્ક્રિપશન્સ આપશે. આવો સમય હવે

બહુ દૂર નથી. ભારતમાં તો આયુર્વેદમાં માનનારા હજી પણ ઘણાં લોકો છે. પરદેશમાં અત્યાર સુધી ઍલોપથીનું સામ્રાજ્ય હતું. હવે ધીરે ધીરે સંશોધનોના અન્તે ઍલોપથીમાં માનનારા ડૉક્ટરો પણ વનસ્પતિ-ઉપચાર તરફ ઢળતા જણાય છે. વનસ્પતિ-ઉપચાર માટે અમેરિકાના નિષ્ણાત તબીબો દૈનિક પત્રોમાં પોતાનાં મંતવ્યો દર્શાવી ચર્ચા કરતા હોય છે. એ તબીબો કહે છે : 'માંદગી મટાડવા માટે હાસ્ય તો રામબાણ દવા છે જ, પરન્તુ વનસ્પતિ-ઉપચાર (Herbology) પણ એની એકદમ લગોલગની બીજી દવા છે.'

અમેરિકનો અત્યાર સુધી વનસ્પતિ (herbs) ફક્ત વાનગીના મસાલા તરીકે જ ઉપયોગમાં લેતા હતા. પરન્તુ હવેની યુવા પેઢી આ વનસ્પતિઓના વૈદકીય મૂલ્યો સમજવા લાગી છે. એટલું જ નહિ એને જરૂર પડે ઉપયોગમાં પણ લે છે.

નિષ્ણાત તબીબોના મત અનુસાર હવે આગામી વર્ષોમાં વનસ્પતિમાંથી બનાવેલા આસવો-રસો વગેરેનો ઉપયોગ દવા બનાવવામાં બહોળા પ્રમાણમાં થવાનો છે. જીરોલ્ડ-સીલેન્ટ (Gerald Celente) પોતાના એક લેખમાં કહે છે કે અમે દૃઢપણે માનીએ છીએ કે અત્યારની જે માન્ય દવાઓ છે તેની સાથે વનસ્પતિજન્ય દવાઓ વાપરવાથી ઘણા અસાધ્ય રોગો સાધ્ય બનશે. આગળ જતાં એ તો કહે છે કે રોગસાધ્ય ઔષધિ તરીકે આવી વનસ્પતિજન્ય દવાઓ જ મુખ્ય બનશે. સેન્દ્રિય પદાર્થોના રસાયણશાસ્ત્રી, (Biochemistry) માનવશાસ્ત્રી અને બીજા વિજ્ઞાનીઓ, ખાસ કરીને મધ્ય અને દક્ષિણ અમેરિકાના તદ્દેશીય લોકો, વનસ્પતિનો રોગો ઉપર કેવી રીતે ઉપયોગ કરતા હતા એનો ઊંડો અભ્યાસ કરી રહ્યા છે. આ બધી વનસ્પતિના અભ્યાસ સાથે કેટલીક દરિયાઈ વનસ્પતિ એવી છે કે જે રોગો માટે ઘણી ઉપયોગી છે, એના પર પણ પૂરેપૂરું સંશોધન અને અભ્યાસ કરી રહ્યા છે.

આ વનસ્પતિ-ઉપચાર કાંઈ નવો નથી. આરોગ્યના સંતુલન માટે છેલ્લા ૫૦૦૦ વર્ષોથી વનસ્પતિનો ઉપયોગ થતો જ આવ્યો છે. પરન્તુ બીજા વિશ્વ યુદ્ધ પછી વિશ્વની વૈદકીય સંસ્થાઓ વનસ્પતિ ઉપચારને 'Witches Brews' ડોશીમાનું વૈદું માનવા માંડી. કારણ કે ત્યારે રોગના જંતુઓ નાશ કરનારી કૃત્રિમ દવાઓ (Antibiotics)ની શોધ થઈ ચૂકી હતી. આનાથી રોગમાં જલ્દીથી રાહત થવાથી એનો ઉપયોગ વધવા માંડ્યો. અમેરિકન મેડિકલ એસોસિએશન આ વાતનો સ્વીકાર કરે છે. આવા વનસ્પતિ-ઉપચારને Quackery - ઊંટવૈદું - ગણીને ખોટો ગણાવી બંધ કર્યો. આમ છતાં વખત જતાં, આજે પાછું **આ વનસ્પતિ-ઉપચારનું પુનરુત્થાન થયું** છે.

- તરલિકા આચાર્ય

યુવાપ્રતિભા

મૂળ આન્ધ્રપ્રદેશનાં અને અત્યારે અમેરિકામાં વસતાં એક દંપતીના ૧૭ વર્ષના પુત્ર બાલમુરલીએ અસાધારણ સિદ્ધિ હાંસલ કરી બતાવી છે. તાજેતરમાં 'ન્યૂયૉર્ક સિટીઝન માઉન્ટ સિનાઈ સ્કૂલ ઑવ્ મેડિસિન'માંથી ડિગ્રી પ્રાપ્ત કરી અમેરિકામાં આટલી નાની ઉંમરે તબીબ બનનાર તે કદાચ સૌપ્રથમ હશે અને તે પણ એક ભારતીય છે એ જાણીએ છીએ ત્યારે છાતી ગજગજ ફૂલે તે સ્વાભાવિક છે. એની અસાધારણ શૈક્ષણિક કારકિર્દીને કારણે ન્યૂ યૉર્કના સત્તાવાળાઓને એક ખાસ બિલ પસાર કરવાની ફરજ પડી છે. હાલ ૨૧ વર્ષની ઉંમર પહેલાં અમેરિકામાં તબીબી વ્યવસાય શરૂ કરી શકાતો નથી. પરંતુ બાલમુરલી ૧૭ વર્ષની ઉંમરે તબીબ થઈ ગયો હોવાથી તેને વ્યવસાય કરવાની પરવાનગી આપતો સુધારો પસાર



કર્યો છે. તબીબી સ્નાતક થયા બાદ બાલમુરલી નેત્રરોગનિષ્ણાત થવા માગે છે. તેના પિતા ઇન્ડસ્ટ્રિઅલ એન્જિનિઅરિંગમાં ડૉક્ટરેટ છે અને ન્યૂ યૉર્ક સિટી ગવર્નમેન્ટમાં સેવાઓ આપે છે, જ્યારે તેમની માતા ક્વીન્સ કૉલેજમાં ગણિતશાસ્ત્ર ભણાવે છે. તેઓ ૧૯૮૦માં અમેરિકા જઈને વસ્યાં હતાં. બાલમુરલી નાનપણથી પ્રતિભાવાન હતો. ૧૧ વર્ષની ઉંમરે શાળાનું શિક્ષણ પૂરું કરી ૧૩ વર્ષની વયે જીવવિજ્ઞાનમાં સ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરી અમેરિકાનો સૌથી યુવાન વેસ્ટિન્ગ્હાઉસમાં 'સાયન્સ ટેલન્ટ સ્કૉલર' બન્યો હતો. બાલમુરલીનો ૨૪ વર્ષનો મોટો ભાઈ જયકૃષ્ણ અંબાતી પણ હાલ તબીબી વ્યવસાય કરે છે અને તે પણ ૧૭ની વયે જોન્સ હોપકિન્સમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિઅર થયેલો. આ બન્ને ભાઈઓએ સંયુક્ત રીતે એઈડ્ઝ વિશે પુસ્તક લખ્યું છે અને તેની બીજી આવૃત્તિ અત્યારે તૈયાર થઈ રહી છે. આવી વિરલ બુદ્ધિપ્રતિભાને ધન્યવાદ!

(સંકલિત)

ટેલિફોન નંબરમાં ફેરફાર

કુમાર કાર્યાલય લિમિટેડનો નવો બદલાએલો ટેલિફોન નંબર નીચે મુજબ છે તેની નોંધ લેશો. **૨૧૪૩૭૪૫**

બને વેદનાય વરદાન જો વહેંચાઈ જાય લયમાં કદી
રહ્યો તરફડી હજી શબ્દ કો' વિહંગના સ્પર્શમાં!

ધીરેન્દ્ર મહેતા

મહારાષ્ટ્રના એક વિખ્યાત સાહિત્યકાર પરીક્ષાનાં પેપરો જોતાં હતાં. એમ.એ.ની પરીક્ષાનાં એ પેપરો હતાં. વર્ગમાં શિક્ષણ આપવું અને સમય મળ્યે સાહિત્યસર્જન કરવું એ એમની પ્રવૃત્તિ. પ્રકૃતિએ વિનમ્ર પણ નીતિના અત્યંત આગ્રહી. કોઈ એમની પાસે ભલામણ લઈને આવવાની હિંમત ના કરી શકે. એમ.એ.નાં પેપરો તપાસતાં તપાસતાં પોતાના ભત્રીજાનું પેપર તેમના હાથમાં આવ્યું. હવે તેમને લાગ્યું કે, પોતાની કસોટીની ક્ષણ છે. પોતાના મનને સ્વસ્થ અને તટસ્થ કર્યું. ત્યાર બાદ પોતાના ભત્રીજાનું પેપર જોયું. એ જોયા પછી પોતે તપાસેલાં પેપરોમાંથી ત્રણ પેપરો એવાં નીકળ્યાં કે તેમાંના ગુણ પોતાના ભત્રીજાએ પ્રાપ્ત કરેલા ગુણની આસપાસ હતા. આથી એમણે એ ચારેય પેપરો ઝીણવટપૂર્વક ફરીથી તપાસ્યાં. એ ચારના સરખામણીમાં જણાયું કે પોતાના ભત્રીજાને પાંચ ગુણ વધારે અપાઈ ગયા હતા. એમણે તરત જ પેલા પાંચ ગુણ પોતાના ભત્રીજાના પેપરમાંથી ઓછા કરી નાખ્યા. આજે જ્યારે પરીક્ષામાં ગેરરીતિઓએ માઝા મૂકવા માંડી છે ત્યારે આ ઉદાહરણ સ્મરણમાં રહેવું ઘટે. આ પરીક્ષક સાહિત્યકાર તે મરાઠીની 'રાગિણી' નામક લોકપ્રિય નવલકથા લેખક વામન મલ્હાર જોષી.

ગયા મે માસમાં ગિરના જંગલમાંના સિંહની વસતીગણતરી દરમિયાન તેમની સંખ્યા ૩૦૪ની થઈ છે.



પ્લોવર નામનાં પંખી થાક્યાં કે અટક્યાં વગર એકસાથે બે હજાર માઈલ સળંગ ઉડ્ડયન કરી શકે છે.

લંડનના દૈનિક 'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યૂઝ'માં ૧૮૭૩માં ડભોઈથી મિયાંગામ-કરજણની બળદ દ્વારા ચાલતી ટ્રેનના ફોટા પ્રસિદ્ધ થયા હતા.

એક અંદાજ પ્રમાણે હાલ વિશ્વમાં અઠ્ઠાણું કરોડ એંશી લાખ મહિલાઓ નિરક્ષર છે અને તેર કરોડ બાળકો શાળાએ જતાં નથી.

ભમરો એક દિવસમાં લગભગ ૪૦૦ પુષ્પોનો રસ ચૂસી લે છે!

મહારાષ્ટ્રના વિદુષી રમાબાઈએ ઉછીનાં પુસ્તકો લઈને સાત વર્ષની વયે સંસ્કૃત શીખવા માંડેલું અને સંસ્કૃતનો આખો શબ્દકોષ મોઢે કરી લીધો હતો.

હિંગ શુદ્ધ છે કે નહીં તે જાણવા માટે દેવતા પર હિંગ નાખતા ભડકો થાય અને ચામડું બળતું હોય તેવી ગંધ આવે તો જાણવું કે તે શુદ્ધ છે અને ધુમાડો થાય તો તે અશુદ્ધ છે એમ સમજવું.


એક વાર અંગ્રેજ સરકારના સમયમાં માર્કો પોલો નામનો જંગલી બોકડો ભારતની વાયવ્ય સરહદ પહાડ ઉપર અઢાર હજાર ફુટ ઊંચે રહેતો હતો. તેનો શિકાર કરવા સરકારે વીસ હજાર ડૉલર ખર્ચ્યા હતા!



નેલ્સન મૅન્ડેલા રુબેન આઈલૅન્ડ જેલમાંથી છૂટ્યા બાદ તેમના હસ્તાક્ષરવાળાં પગરખાં હરાજીમાં ડૉલર ૬૭૦૦માં વેચાયાં હતાં.

કલાકણિકા : પથ્થરમાંથી કંડારેલો આ ગૂંછળું વળેલો સાપ આઝ્‌તેક કલાકારીગરીનો સુંદર નમૂનો છે.





ગામડે ઉજાણી — જોરજોને અને તિશનનું સહિયારું ચિત્ર — જુઓ કલાવાર્તા